પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૩૦-૪-૨૦૨૬, ગુરૂવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૪૬

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

વ્યકિત ગમે એટલો સામાન્ય કેમ ના હોય... પરંતુ કોઈકને કોઈક માટે તે ખાસ હોય છે...

હોમ ડીલીવરી મળશે
ચણાદાળ
હંસા પ્રોવિઝન
લાલાભાઈ - પ્રદીપભાઈ
સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર મેઈન રોડ રાજકોટ
મો.9429189105

### એક્ઝિટ પોલના એંધાણઃ હુગલી કિનારે ''કમળ'' ખીલશે?

# બંગાળમાં સત્તાની નજીક, આસામમાં જીતની હેટ્રિક અને તમિલનાડુમાં પગદંડો જમાવશે ભાજપ

## દીદીના ગઢમાં ભગવો લહેરાવાના સ્પષ્ટ સંકેતઃ એક્ઝિટ પોલના આંકડા મુજબ બંગાળમાં પ્રથમવાર ભાજપ પૂર્ણ બહુમતી સાથે સત્તાના દ્વારે

## તમિલનાડુમાં સુપરસ્ટાર વિજયની 'ટીવીકે' પાર્ટીનો ધમાકેદાર ઉદયઃ દ્રવિડિયન રાજનીતિના ગઢમાં વિજય ફેક્ટરે ડીએમકે અને એઆઈએડીએમકેના વર્ષો જૂના ગણિત બગાડીને ત્રિપાંખિયો જંગ સર્જ્યો

**રાજકોટ**

પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના જંગ બાદ જાહેર થયેલા એક્ઝિટ પોલ્સે દેશના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. વર્ષ ૨૦૨૬ની આ પ્રતિષ્ઠિત લડાઈમાં સૌથી મોટું આશ્ચર્ય પશ્ચિમ બંગાળમાં જોવા મળી રહ્યું છે, જ્યાં અનેક સર્વેક્ષણો મમતા બેનર્જીના દાયકાઓ જૂના ગઢમાં ગાબડું પડતા જોઈ રહ્યા છે.

પશ્ચિમ બંગાળની ૨૯૪ બેઠકો પર થયેલા રેકોર્ડબ્રેક ૯૨.૯ ટકા મતદાને રાજકીય પંડિતોને વિચારતા કરી દીધા છે. 'ચાણક્ય સ્ટ્રેટેજીસ' અને 'મેટ્રિઝ' જેવા અગ્રણી એક્ઝિટ પોલ્સ મુજબ, ભાજપ ૧૪૮ના જાદુઈ આંકડાને પાર કરી ૧૫૦ થી ૧૭૦ બેઠકો મેળવી શકે છે. જો આ અનુમાન સાચું ઠરશે, તો હુગલીના કિનારે પ્રથમ વખત ભગવો લહેરાશે. બીજી તરફ, તૃણમૂલ કોંગ્રેસ ૧૨૫-૧૪૦ બેઠકો પર સમેટાઈ જાય તેવી શક્યતા છે.

તમિલનાડુમાં અહીં સૌથી મોટો ઉલટફેર અભિનેતા વિજયની પાર્ટી 'TVK' કરી રહી હોય તેમ લાગે છે. 'એક્સિસ માય ઈન્ડિયા' ના મતે વિજયની પાર્ટી ૧૦૦ થી વધુ બેઠકો ખેંચી જઈ શકે છે, જે

### કોણ બનશે સત્તાધીશ? પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીનું એક્ઝિટ પોલનો વરતારો

| રાજ્ય | કુલ બેઠકો | બહુમતી | અગ્રણી ગઠબંધન/પક્ષ | અંદાજિત બેઠકો (સરેરાશ) |
|---|---|---|---|---|
| પશ્ચિમ બંગાળ | ૨૯૪ | ૧૪૮ | ભાજપ (BJP) | ૧૪૫ – ૧૬૫ |
| આસામ | ૧૨૬ | ૬૪ | NDA (ભાજપ+) | ૮૫ – ૯૫ |
| કેરળ | ૧૪૦ | ૭૧ | UDF (કોંગ્રેસ+) | ૭૫ – ૮૫ |
| તમિલનાડુ | ૨૩૪ | ૧૧૮ | TVK / DMK+ | રસાકસી / ટક્કર |
| પુદુચેરી | 30 | ૧૬ | NDA (ભાજપ+) | ૧૭ – ૨૦ |

### સરહદ પરનું રાજ્ય આસામમાં જીતની ''હેટ્રિક'' નોંધાવશે

પૂર્વોત્તરના પ્રવેશદ્વાર ગણાતા આસામમાં મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાનો જાદુ અકબંધ રહ્યો હોય તેમ જણાય છે. એક્ઝિટ પોલ્સ મુજબ, ભાજપના નેતૃત્વ હેઠળનું ગઉઅ ગઠબંધન ૧૨૬ બેઠકોમાંથી ૮૮ થી ૧૦૦ બેઠકો મેળવીને જીતની હેટ્રિક નોંધાવવા તરફ આગળ વધી રહ્યું છે. અહીં કોંગ્રેસ ગઠબંધન માત્ર ૨૫-૪૦ બેઠકો સુધી મર્યાદિત રહે તેવા એંધાણ છે.

### કેરળમાં ડાબેરીઓના શાસન સામે જનતાનો રોષઃ શું પ્રભુના પોતાના દેશમાં ફરી એકવાર યુડીએફ ગઠબંધન સત્તાના સિંહાસન પર બિરાજમાન થશે?

સત્તાધારી **DMK** અને વિપક્ષ **AIADMK** બંને માટે ચિંતાનો વિષય છે.કેરળમાં પરંપરાગત રીતે સત્તા પરિવર્તનનો પ્રવાહ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસ પ્રેરિત **UDF** ગઠબંધન ૭૫ થી ૯૦ બેઠકો સાથે પુનરાગમન કરી શકે છે, જ્યારે ડાબેરી મોરચો **(LDF)** સત્તા ગુમાવી શકે છે.કેન્દ્રશાસિત પ્રદેશ પુદુચેરીમાં ભાજપ અને તેના સાથી પક્ષો **(NDA)**

(અનુ. આઠમા પાને)

### પશ્ચિમ બંગાળે મમતાની ''મમતા'' મૂકી

પશ્ચિમ બંગાળની ધરતી પર આ વખતે રમાયેલો સત્તાનો ખેલ માત્ર ચૂંટણી નહોતી, પણ એક રાજકીય ક્રાંતિના એંધાણ હતા. વર્ષો સુધી જે 'મા-માટી-માનુષ'ના સૂત્રએ બંગાળના લોકમાનસ પર રાજ કર્યું, એ જ ધરતી પર આજે પરિવર્તનની આંધી ફંકાતી જોવા મળી રહી છે. ૨૦૨૬ની આ વિધાનસભા ચૂંટણીમાં બંગાળી મતદારોએ જે રીતે રેકોર્ડબ્રેક મતદાન કર્યું છે અને એક્ઝિટ પોલ્સના જે આંકિડા સામે આવ્યા છે, તે જોતા એવું લાગે છે કે બંગાળે હવે મમતાની મમતા મૂકીને એક નવા રાજકીય અધ્યાય તરફ કદમ માંડ્યા છે.ક્યારેય ન જોયું હોય તેવું ૯૨.૯ ટકા મતદાન અને એક્ઝિટ પોલ્સમાં ભાજપ તરફી ઝુકાવ એ સંકેત આપે છે કે દાયકાઓથી કિલ્લા સમાન રહેલા ગઢમાં હવે મોટા ગાબડાં પડ્યાં છે.

### રૂપિયો ૯૫.30 પૈસા સાથે સર્વોત્તમ નીચલી સપાટીએ

# ક્રૂડ ૧૨૦ ડોલરને આંબતા સેન્સેક્સમાં ૧૨૦૦ પોઈન્ટનો કડાકો

**અબતક, રાજકોટ**

વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં લાગેલી આગ અને ડોલર સામે ભારતીય રૂપિયાના ઐતિહાસિક ધોવાણને કારણે આજે ભારતીય શેરબજારમાં ભૂકંપ જેવી સ્થિતિ સર્જાઈ છે. સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટા કડાકાને પગલે રોકાણકારોના કરોડો રૂપિયા સ્વાહા થઈ ગયા છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડનો ભાવ ૧૨૦ ડોલર પ્રતિ બેરલની સપાટી વટાવી જતાં તેની સીધી અસર ભારતીય અર્થતંત્ર પર જોવા મળી રહી છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને પુરવઠામાં વિક્ષેપની આશંકાએ તેલના ભાવમાં ભડકો થયો છે. ભારત તેની જરૂરિયાતનું ૮૦ ટકા થી વધુ તેલ આયાત કરતું હોવાથી, આ વધારો દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ અને પરિવહન ખર્ચમાં તોતિંગ વધારો લાવી શકે છે.



ડોલરની મજબૂતી અને વિદેશી રોકાણકારોની સતત વેચવાલીને કારણે ભારતીય રૂપિયો નબળો પડીને ૯૫ ની સપાટી વટાવી ગયો છે. રૂપિયાના આ રેકોર્ડબ્રેક ઘટાડાથી આયાતકારોની ચિંતામાં વધારો થયો છે, ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ, તેલ અને કાચા માલની આયાત મોંઘી બનતા કંપનીઓના પ્રોફિટ માર્જિન પર દબાણ આવશે.

વૈશ્વિક અનિશ્ચિતતાને પગલે આજે શેરબજાર ખૂલતાની સાથે જ પ્રોફિટ બુકિંગ અને પેનિક સેલિંગ

(અનુ. આઠમા પાને)

### ઓપેકમાંથી યુએઈ બહાર નીકળતા ભારતને ફાયદો?

ઓપેકના ઉત્પાદન નિયંત્રણોમાંથી મુક્ત થયા બાદ યુએઈ પોતાનું ઉત્પાદન વધારશે, ભારતને સસ્તા દરે ઓઈલ મળવાની સંભાવના અને આયાત બિલ ઘટશે

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા લશ્કરી સંઘર્ષ વચ્ચે ક્રૂડ ઓઈલના પુરવઠામાં થયેલી ખેંચતાણ બાદ, યુનાઈટેડ આરબ અમીરાત દ્વારા ઓપેક સંગઠનમાંથી બહાર નીકળવાનો નિર્ણય ભારતની લાંબા ગાળાની ઉર્જા જરૂરિયાતો સુરક્ષિત કરવા માટે નોંધપાત્ર રીતે ફાયદાકારક સાબિત થઈ શકે છે. ઓપેકના ક્વોટા નિયંત્રણોમાંથી મુક્ત થયા બાદ અબુ ધાબીએ પોતાનું ઉત્પાદન વધારવાનો નિર્ણય લીધો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ નિર્ણયથી ભારતને તેના આ ભૌગોલિક રીતે નજીકના અને મિત્ર દેશ પાસેથી નીચા ભાવે ઓઈલ મેળવવાની મોટી તક મળી છે.

ભારત તેના અંદાજિત દૈનિક ૫.૮ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલના વપરાશના ૯૦% જેટલી આયાત કરે છે.

(અનુ. આઠમા પાને)

### ઉ.ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને હવે દ.ગુજરાતમાં પ્રિ-વાઈબ્રન્ટ સમિટ ડંકો વગાડશે

# સુરત સોનાની મુરતઃ પ્રિ-વાયબ્રન્ટમાં સૌરાષ્ટ્રના ૫ લાખ કરોડના એમઓયુને દક્ષિણ ગુજરાત પાર કરી શકશે?

## ૧ અને ૨ મેના રોજ સુરત ખાતે યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં કેમિકલ, ટેક્સટાઈલ અને ગ્રીન એનર્જી જેવા ક્ષેત્રો પર વિશેષ ધ્યાન

**અબતક, ગાંધીનગર**

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના વિવિધ પ્રદેશોમાં વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ બાદ હવે સુરત ખાતે ૧ અને ૨ મે ૨૦૨૬ ના રોજ દક્ષિણ ગુજરાત રિજનલ કોન્ફરન્સ યોજાવા જઈ રહી છે. ત્યારે સૌથી મોટો સવાલ એ છે કે શું ઔદ્યોગિક રીતે સમૃદ્ધ દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્રના ૫ લાખ કરોડથી વધુના એમઓયુના આંકડાને પાર કરી શકશે?

### પ્રિ-વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેનાર જિલ્લા અને સેક્ટર

**જિલ્લાઓઃ** ભરૂચ, ડાંગ, નવસારી, સુરત, તાપી, અને વલસાડ.

**સેક્ટર્સઃ** કેમિકલ, ટેક્સટાઈલ, જેમ્સ એન્ડ જ્વેલરી, ગ્રીન એનર્જી, એગ્રો પ્રોસેસિંગ, ટુરિઝમ અને એમએસએમઈ





અગાઉ રાજકોટમાં ૧૧ અને ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ કચ્છ અને સૌરાષ્ટ્ર માટે રિજનલ કોન્ફરન્સ યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં ૫૪૯૨ એમઓયુ સાઈન થયા હતા અને કુલ ૫.૭૮ લાખ કરોડ રૂપિયાના રોકાણની દરખાસ્તો આવી હતી. બીજી તરફ મહેસાણા ખાતે ૯ અને ૧૦ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ યોજાયેલ ઉત્તર ગુજરાતની કોન્ફરન્સમાં ૧૨૬૪ એમઓયુ થયા હતા, જેમાં ૩.૨૫ લાખ કરોડ રૂપિયાના રોકાણની દરખાસ્તો નોંધાઈ હતી.

દક્ષિણ ગુજરાત તેની ઔદ્યોગિક ક્ષમતાઓ માટે જાણીતું છે. આ કોન્ફરન્સમાં સુરત, ભરૂચ, ડાંગ, નવસારી, તાપી

(અનુ. આઠમા પાને)

### અગાઉના એમઓયુ અને રોકાણના આંકડા

કચ્છ અને સૌરાષ્ટ્ર રિજનલ કોન્ફરન્સમાં ૫૪૯૨ એમઓયુ સાઈન થયા હતા, જે અંતર્ગત ૫.૭૮ લાખ કરોડ રૂપિયાના રોકાણની દરખાસ્તો આવી હતી. જયારે ઉત્તર ગુજરાતની કોન્ફરન્સમાં ૧૨૬૪ એમઓયુ થયા હતા અને ૩.૨૫ લાખ કરોડ રૂપિયાનું રોકાણ સૂચવાયું હતું.

### કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ્ય

આ કોન્ફરન્સનો ઉદ્દેશ્ય સ્થાનિક શકિતઓ અને આકાંક્ષાઓને વિકસિત ભારત એટ૨૦૪૭ અને વિકસિત ગુજરાત એટ૨૦૪૭ ના વ્યાપક વિઝન સાથે સુસંગત કરવાનો છે. તે પ્રાદેશિક અર્થતંત્રને સશક્ત બનાવવા, નવીનતાને પ્રોત્સાહન આપવા અને રાજ્યના દરેક ભાગમાં વ્યૂહાત્મક રોકાણોની સુવિધા માટે કાર્ય કરશે.


# આફ્રિકાના ૫૩ દેશો માટે ચીને જાહેર કરી ઝીરો-ટેરિફ નીતિ

## કાલથી આફ્રિકન દેશોને મળશે લાભ, આફ્રિકાથી કૃષિ પેદાશોની નિકાસ માટે ગ્રીન ચેનલ અપગ્રેડ કરાશે

**અબતક, નવી દિલ્હી**

ચીન સરકારે ૧ મેથી તેની સાથે રાજદ્વારી સંબંધો ધરાવતા તમામ આફ્રિકન દેશો માટે ઝીરો-ટેરિફ ટ્રીટમેન્ટ વિસ્તારવાની સત્તાવાર જાહેરાત કરી છે. ચીનના સ્ટેટ કાઉન્સિલના કસ્ટમ્સ ટેરિફ કમિશનના જણાવ્યા અનુસાર, ૧ મે ૨૦૨૬ થી 30 એપ્રિલ ૨૦૨૮ સુધીના ૨ વર્ષના ગાળા માટે ૨૦ એવા આફ્રિકન દેશોને પ્રેફરેન્શિયલ ટેરિફ રેટના રૂપમાં ઝીરો-ટેરિફ ટ્રીટમેન્ટ આપવામાં આવશે જે સૌથી ઓછા વિકસિત દેશોની શ્રેણીમાં આવતા નથી. આ જાહેરાતમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ટેરિફ ક્વોટા હેઠળ આવતી પ્રોડક્ટ્સ માટે માત્ર ઈન-ક્વોટા ટેરિફ રેટ ઘટાડીને ૦ કરવામાં આવશે, જ્યારે આઉટ-ઓફ-ક્વોટા ટેરિફ રેટ યથાવત રહેશે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને મીડિયા બ્રિફિંગમાં માહિતી આપતા જણાવ્યું હતું કે ચીનની આ નવી ઝીરો-ટેરિફ નીતિ કુલ ૫૩ આફ્રિકન દેશોને લાગુ પડશે. આ અગાઉ ૧ ડિસેમ્બર ૨૦૨૪ થી ચીન સાથે રાજદ્વારી સંબંધો ધરાવતા ૩૩ સૌથી ઓછા વિકસિત આફ્રિકન દેશો માટે ૧૦૦ ટકા ટેરિફ લાઈન પર ઝીરો-ટેરિફ ટ્રીટમેન્ટ લાગુ કરવામાં આવી હતી. હવે વધુ ૨૦ દેશોનો આમાં ઉમેરો થવાથી આફ્રિકા ખંડ સાથે ચીનના વ્યાપારી સંબંધો વધુ મજબૂત બનશે.





આગામી ૨ વર્ષના અમલીકરણ સમયગાળા દરમિયાન, ચીન સંબંધિત આફ્રિકન દેશો સાથે સમાન વિકાસ માટે આર્થિક ભાગીદારી કરારની વાટાઘાટો અને હસ્તાક્ષરને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખશે. પ્રવક્તા લિન જિયાને ઉમેર્યું હતું કે આ સાથે જ આફ્રિકાથી ચીનમાં કૃષિ પેદાશોની નિકાસ માટેની ગ્રીન ચેનલને પણ અપગ્રેડ કરવામાં આવશે અને બંને દેશો વચ્ચે વ્યાપાર સરળતા વધારવા માટે સતત પ્રયાસો કરવામાં આવશે.

છેલ્લા કેટલાક દાયકાઓમાં ચીન અને આફ્રિકન દેશો વચ્ચેના સંબંધો ઝડપથી વિકસ્યા છે અને તે વિશ્વની સૌથી મહત્વપૂર્ણ ભૌગોલિક રાજકીય અને આર્થિક ભાગીદારીમાંની એક બની ગઈ છે. વર્ષ ૨૦૨૫ માં ચીન અને આફ્રિકા વચ્ચેનો કુલ વેપાર ૩૪૮ બિલિયન યુએસ ડોલરને પાર કરી ગયો હતો. આ વેપારમાં ચીનની નિકાસ ૨૨૫ બિલિયન યુએસ ડોલર હતી, જ્યારે આફ્રિકાની ચીનમાં નિકાસ કુલ ૧૨૩ બિલિયન યુએસ ડોલર નોંધાઈ હતી.અધિકારીએ જણાવ્યું કે આ ચીન દ્વારા ઉચ્ચ-સ્તરીય ખુલ્લાપણાનો વિસ્તાર કરવા માટેનું એક મહત્વપૂર્ણ

(અનુ. આઠમા પાને)

# તોફાની વરસાદના કારણે હોસ્પિટલની દિવાલ ધસી પડતા ૭ લોકો દટાયા

## કેરળની બે મહિલાઓ, ઉત્તર પ્રદેશ અને આસામના ફેરિયાઓએ પણ જીવ ગુમાવ્યો છે અને વરસાદથી બચવા માટે આ લોકો દિવાલના સહારે ઉભા હતા

**અબતક, રાજકોટ**

બેંગલુરુમાં બુધવારે સાંજે આવેલા ભારે વરસાદ અને વાવાઝોડા દરમિયાન શિવાજીનગરની બાઉરિંગ હોસ્પિટલની કમ્પાઉન્ડ વોલ તૂટી પડતા ૭ લોકોના કરુણ મોત નિપજ્યા છે અને ૯ લોકો ઘાયલ થયા છે. છેલ્લા બે દાયકામાં આ શહેરની આ સૌથી મોટી વરસાદી હોનારત છે.



મૃતકોમાં ૬ વર્ષની એક બાળકી 'મુસ્ફિરા'નો પણ સમાવેશ થાય છે, જે તેના આવતા જન્મદિનની ખરીદી કરવા નીકળી હતી. આ ઉપરાંત કેરળની બે

(અનુ. આઠમા પાને)

## આભાર: માનસિક શાંતિ અને સંતોષનો સ્ત્રોત

# ''આભાર'' એક એવી શક્તિશાળી લાગણી જે મનનો ''ભાર'' કરે છે હળવો

થોડા વર્ષો પહેલા સલમાનખાનની ફિલ્મ ''જય હો'' આવી હતી, જેમાં મદદ કરનારનો જયારે આભાર માને છે, ત્યારે તે વ્યક્તિ તેમને મળેલી મદદ બીજા ને કરવાનું કહે છે, આમ આભારની આ સકારાત્મક વાત લાખો લોકો સુધી પહોંચે છે. આ ફિલ્મ હતી અને જો આ વિચાર આખી દુનિયામાં પ્રસરી જાય તો કોઈ દુઃખી જ ન રહે. આજે દુનિયાના ઘણા દેશોમાં આભાર ગુરૂવાર ઉજવાય રહ્યો છે. આભાર એક એવી શક્તિશાળી લાગણી છે, જે આપણા જીવન નો દૃષ્ટિકોણ બદલી નાખે છે. તે માનસિક શાંતિ અને સંતોષનો સ્રોત છે. આપણા રોજ બરોજના જીવનમાં ઘણા લોકો આપણને મદદ કરતા હોય છે,ત્યારે આપણે આભાર માનવાનું ચૂકવું ન જોઈએ. આજના સ્વાર્થી યુગમાં લોકો ગરજ હોય ત્યારે મદદ માગે છે, પણ જેવું કામ પૂર્ણ થાય કે તરતજ મોં ફેરવી લે છે. ઘણા તો પૈસા લઈ જાય પછી પાછા પણ આપતા નથી.

મૂળ જોન ગોર્ડનના પ્રેરણાત્મક કાર્યથી પ્રેરિત, થેંક યુ ગુરુવારની સ્થાપના સકારાત્મકતાની શક્તિને સ્વીકારવા અને બીજા જીવનને તમે કેટલું પ્રોત્સાહન આપી શકો છો તે દર્શાવવા અને આટલું સરળ કાર્ય કૃતજ્ઞતા દર્શાવનારના જીવનને કેવી રીતે સુધારી શકે છે તે દર્શાવવા માટે કરવામાં આવી હતી. જોન ગોર્ડન એક પ્રેરક વક્તા છે જેમણે વલણ, મનોબળ અને તેના અંતિમ પરિણામને કેવી રીતે સુધારવું તે અંગે

### આભારની ભાવના નાની પળોમાં મોટી ખુશી આપે છે, તેનું મહત્વ આપણા જીવનમાં ઘણું વધારે છે: આભાર આપણને વર્તમાન ક્ષણમાં જીવતા શીખવે છે, અને જીવનમાં રહેલી સમૃદ્ધિનો અહેસાસ કરાવે છે

અનેક પુસ્તકો પ્રકાશિત કર્યા છે. કેમ્પબેલ સૂપ અને વેલ્સ ફાર્ગો જેવી ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓ અને રમતગમત ટીમોને તેમના પાઠથી ફાયદો થયો.

બીજાઓ તરફથી આપણને મળતી કૃતજ્ઞતાના સ્તરથી આપણે એવું માનીએ છીએ. થેંક્યુ ગુરુવાર એ આ પરિસ્થિતિમાં સકારાત્મક પરિવર્તન લાવવાની એક શ્રેષ્ઠ તક છે, તમારા જીવનમાં એવા લોકોને ઓળખીને જેઓ વસ્તુઓને સરળ બનાવે છે, જેઓ તમને પ્રેમ કરે છે, અને જેઓ તમને સ્મિત અને મૈત્રીપૂર્ણ હેલો આપીને તમારા દિવસને વધુ સારો બનાવે છે. આંતરવ્યક્તિત્વથી લઈને કોર્પોરેટ સુધીની પરિસ્થિતિઓમાં, કૃતજ્ઞતા દર્શાવવાથી સંકળાયેલા લોકોના આનંદ અને મનોબળમાં મોટો ફરક પડી શકે છે. તમારા માટે કામ કરતા લોકોને તેમના પ્રયત્નો મહત્વપૂર્ણ છે તે બતાવીને, ફક્ત તેમનો આભાર માનીને અને તેમણે કરેલા બધા કાર્યો માટે સંપૂર્ણ કૃતજ્ઞતા દર્શાવીને ઉત્પાદકતામાં સુધારો કરી શકાય છે.

જયારે આંતરવ્યકિતત્વ સંબંધોની વાત આવે છે, ત્યારે ઘણી બધી વેદનાઓ અને ગેરસમજણો હોય છે જેને ''હું તમારા અને તમારા બધા કાર્યોનો આભારી છું'' કહીને દૂર કરી શકાય છે. થેંક યુ ગુરુવારની સ્થાપના આપણને યાદ અપાવવા માટે કરવામાં આવી હતી કે કોઈનો આભાર માનવાની હંમેશા તક હોય છે અને કૃતજ્ઞતા કોઈપણ દિવસે, કોઈપણ કારણોસર થઈ શકે છે. આ એવા લોકો માટે છે જેમને બહાનું અને યાદ અપાવવાની જરૂર છે. આભારની લાગણી ફક્ત માનસિક શાંતિ નહીં, પરંતુ શારીરિક સ્વાસ્થ્ય માટે પણ લાભદાયક સાબિત થાય છે. વૈજ્ઞાનિકોના અભ્યાસો મુજબ કૃતજ્ઞતા પ્રત્યેનું વલણ ધરાવતા લોકોમાં તણાવ, નકારાત્મકતા અને હતાશાના લક્ષણો નોંધપાત્ર રીતે ઓછા જોવા મળે છે, આ ઉપરાંત તેમની ઊંઘ સુધરે છે અને હૃદયરોગ જેવી ગંભીર બીમારીઓનો જોખમ પણ ઘટે છે. આ આભારની ભાવના એ માત્ર ભાવનાત્મક નહીં, પરંતુ આરોગ્યને પોષતી વૈજ્ઞાનિક શક્તિ છે.



આભાર એક એવી શક્તિશાળી લાગણી છે જે આપણા જીવનનો દૃષ્ટિકોણ બદલી નાખે છે. જ્યારે આપણે મળેલી નાની-મોટી બાબતો માટે હૃદયથી આભાર માનીએ છીએ, ત્યારે આપણું ધ્યાન 'શું નથી' તેના પરથી હટીને 'શું છે' તેના પર કેન્દ્રિત થાય છે. આ વૃત્તિ મનને શાંત અને હકારાત્મક બનાવે છે. સંશોધન પણ કહે છે કે નિયમિત કૃતજ્ઞતા વ્યક્ત કરવાથી તણાવ, ચિંતા અને ડિપ્રેશન ઓછું થાય છે, ઊંઘ સુધરે છે અને એકંદરે સુખનો અનુભવ વધે છે. આભાર આપણને વર્તમાન ક્ષણમાં જીવતા શીખવે છે અને જીવનમાં રહેલી સમૃદ્ધિનો અહેસાસ કરાવે છે. થેંક યુ ગુરુવાર સાથે જોડાવું સરળ છે, ફક્ત તમારા જીવનના લોકોનો સંપર્ક કરો, પછી ભલે તે વ્યકિતગત હોય કે વ્યાવસાયિક, અને તેઓ જે કરે છે તેના માટે તેમનો આભાર માનો. આપણા જીવનમાં આભારનું મહત્વ ઘણું છે.

આભાર સંબંધોને મજબૂત બનાવવાનું કામ પણ કરે છે, જ્યારે આપણે માતા-પિતા, મિત્રો, શિક્ષકો કે અજાણ્યા મદદગાર પ્રત્યે પણ આભાર વ્યક્ત કરીએ છીએ, ત્યારે સામેની વ્યકિતને પોતાનું મૂલ્ય સમજાય છે. આનાથી પરસ્પર વિશ્વાસ, આદર અને પ્રેમ વધે છે. આભાર માનવો એટલે માત્ર 'થેંક યુ' કહેવું નહીં, પણ સામેની વ્યક્તિના પ્રયત્નને સાચા અર્થમાં સ્વીકારવો, જે સમાજમાં કૃતજ્ઞતાનો ભાવ હોય, ત્યાં સહકાર, નમ્રતા અને સંવાદિતા આપોઆપ વધે છે. આ રીતે આભાર વ્યક્તિગત સુખથી લઈને સામાજિક સંબંધો સુધી, દરેક સ્તરે જીવનને વધુ સુંદર બનાવે છે. વિજ્ઞાન કહે છે કે જ્યારે આપણે આભાર અનુભવીએ છીએ, ત્યારે મગજમાં ડોપામિન અને સેરોટોનિન જેવા હેપી ન્યુરોટ્રાન્સમિટર્સ સક્રિય થાય છે, જે ખુશી, આશા અને સ્વીકાર જેવી લાગણીઓને વધારે છે. આવી કૃતજ્ઞતાઆદતો, જેમ કે દિવસમાં કોઈનો આભાર લખવો કે રોજ આભાર માનવાની યાદી કરવી, લાંબા ગાળે મગજને પોઝિટિવ દિશામાં રિવાયર કરી દે છે, એટલે કે તમે સ્વાભાવિક રીતે વધુ સકારાત્મક અને સંતુષ્ટ બનો છો. આભારનો ભાવ એક નાનો પણ શક્તિશાળી વૈજ્ઞાનિક એક્સરસાઈઝ બની શકે છે, જે મન, માનસિકતા અને દરેક સંબંધોને મજબૂત બનાવે છે. આભારની લાગણી આપણા હૃદયમાં એક ગહન અને શુદ્ધ ભાવ જાગૃત કરે છે, જે અન્યની સાર્થકતા અને મદદ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. આ લાગણી આપણને વિનમ્ર બનાવે છે અને જીવનની નાની-નાની ખુશીઓને મહત્વ આપવાનું શીખવે છે. જ્યારે આપણે કોઈની કૃપા અથવા સહાયનો અનુભવ કરીએ, ત્યારે આભારનો ભાવ આપણા મનમાં શાંતિ અને સંતોષની લહેરો લાવે છે, જે આપણા સંબંધોને મજબૂત બનાવે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ, આ લાગણી મગજમાં ડોપામાઈન જેવા હોર્મોન્સ વધારે છે, જે તણાવ ઘટાડીને આનંદ અને સકારાત્મક ઉર્જા આપે છે. આભારનો ભાવ આપણા વ્યવહારમાં પણ સકારાત્મક પરિવર્તન લાવે છે, જેમ કે વધુ દયાળુ અને સહાનુભૂતિશીલ બનવું. રોજિંદા જીવનમાં 'ધન્યવાદ' કહેવાની આદત આપણને આત્મસંતુષ્ટિ અને આત્મવિશ્વાસ આપે છે, જ્યારે અન્યને આ લાગણી અનુભવાવવાથી તેમના મનમાં પણ ખુશીનો વિસ્ફોટ થાય છે. આ ભાવને સાચવી રાખવાથી આપણું જીવન વધુ અર્થપૂર્ણ અને સુખી બને છે, કારણ કે તે આપણને જીવનની દરેક ક્ષણને મૂલ્યવાન ગણવાનું યાદ અપાવે છે.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### જે વ્યક્તિ આભાર માનતા શીખે તેને લોકો વધુ પસંદ કરે

આભાર માનવાની નાની અમથી ટેવ આપણા જીવનમાં મોટું પરિવર્તન લાવે છે. જ્યારે આપણે કોઈની મદદ, સમય કે સ્નેહ બદલ દિલથી 'આભાર' કહીએ છીએ, ત્યારે સામેની વ્યક્તિને પોતાનું મૂલ્ય સમજાય છે અને સંબંધોમાં હૂંફ વધે છે. આ ટેવ આપણને નમ્ર અને સકારાત્મક બનાવે છે, કારણ કે આપણે બીજાના યોગદાનને ઓળખતા શીખીએ છીએ. સંશોધન પણ કહે છે કે કૃતજ્ઞતા વ્યક્ત કરવાથી મનમાં તણાવ ઓછો થાય છે, વ્યવહારમાં જે વ્યક્તિ આભાર માનતા શીખે તેને લોકો વધુ પસંદ કરે છે, વિશ્વાસ કરે છે અને તક આપે છે. આમ, આભાર એ માત્ર શબ્દ નથી, પણ સંબંધો મજબૂત કરવાની, મનને શાંત રાખવાની અને સામાજિક પ્રતિષ્ઠા વધારવાની ચાવી છે. ટૂંકમાં, 'આભાર' બોલવાની આદત આપીને આપણે બીજાને મોટા નથી કરતા, પણ પોતાની જાતને વધુ માનવીય અને સફળ બનાવીએ છીએ.

**સંશોધન પણ કહે છે કે નિયમિત કૃતજ્ઞતા વ્યક્ત કરવાથી તણાવ, ચિંતા અને ડિપ્રેશન ઓછું થાય છે, ઊંઘ સુધરે છે અને એકંદરે સુખનો અનુભવ થાય છે: આભાર માનવાની નાની અમથી ટેવ આપણા જીવનમાં મોટું પરિવર્તન લાવે છે**

# પ્રાંતિજના રસુલપુર પાસે નેશનલ હાઈવે પરના હસ્તે ઓવરબ્રિજનું લોકાર્પણ

**સાબરકાંઠાના સાંસદ શોભના બારૈયાના પ્રયત્નોથી ઓવરબ્રિજની સુવિધા મળી**



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા-અરવલ્લી લોકસભાના સાંસદ શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયાના હસ્તે બુધવારે પ્રાંતિજ તાલુકાના રસુલપુર ગામે અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે નંબર-૪૮ પર નવીન ઓવરબ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું આ બ્રિજથી સ્થાનિકોની વર્ષો જૂની માંગણી પૂર્ણ થઈ છે. રસુલપુરના ગ્રામજનો દ્વારા લાંબા સમયથી આ ઓવરબ્રિજની માંગણી કરવામાં આવી હતી સાંસદ શોભનાબેન બારૈયાએ આ અંગે રજૂઆત કરતાં ઓવરબ્રિજ મંજૂર થયો હતો.

આ નવીન બ્રિજથી સ્થાનિક નાગરિકોને અવરજવરમાં પડતી મુશ્કેલીઓ દૂર થશે ગામથી શહેર સુધીની મુસાફરી વધુ સરળ બનશે. જેનાથી સમય અને ઈંધણની બચત થશે. વેપાર-વ્યવસાય, કૃષિ,શિક્ષણ અને આરોગ્ય જેવી આવશ્યક સેવાઓ સુધી પહોંચ વધુ સુલભ બનશે. આ પ્રસંગે પ્રાંતિજના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, ગામના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જસદણના અમરાપુરમાં ગુજરાત સ્થાપનાદિનની પૂર્વ સંધ્યાએ આજે જામશે લોકડાયરાની રંગત

**કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની હાજરીમાં જિલ્લા તાલુકા પંચાયતમાં ભાજપના વિજેતા સભ્યોનું કરાશે બહુમાન**

**અબતક હિતેશ ગોસાઈ, જસદણ**

રાજયભરમાં ભાજપના ભવ્ય વિજયના કેસરીયા માહોલમાં વિછીયા તાલુકાના અમરાપુરમાં ગુજરતા સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ લોકડાયરામાં મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં જિલ્લા તાલુકા પંચાયતના ભાજપના ચૂંટાયેલા સભ્યોનું બહુમાન કરાશે.

જસદણના ડાયનેમિક ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા આજે રાત્રિના વિંછીયા તાલુકાના અમરાપુર શૈક્ષણિક સંસ્થાના વિશાળ મેદાનમાં ગુજરાત સ્થાપના દિવસની પુર્વ સંધ્યાએ એક લોક ડાયરાની સાથોસાથ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપના જે સભ્યો ચૂંટાઈ આવ્યાં તેમનું પણ સન્માન કરવામાં આવશે દરમિયાન જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ કાલે ગુજરાત સ્થાપના દિવસના અનુસંધાને દરેક નાગરિકોને શુભેચ્છા પાઠવી જણાવ્યું હતું કે ગુજરાતની સ્થાપનામાં અને ગૌરવશાળી વિકાસમાં યોગદાન આપનાર તમામને આ અવસરે વંદન પાઠવું છું દરેક નાગરિકોના જીવનમાં સુખ, શાંતિ, અને સમૃદ્ધિ બની રહે એવી શુભેચ્છા અને શુભકામના.

# ચૂંટણીમાં ભાજપનો ઝળહળતો વિજય દિવાલ ઉપર લખાયેલા અક્ષરો સમાન હતો: રાજુભાઈ ધ્રુવ

### અદભુત-ઐતિહાસિક પરિણામો દ્વારા જનતાએ નરેન્દ્રભાઈ મોદી, ભુપેન્દ્રભાઈ પટેલની ડબલ એન્જીનવાળી સરકારની વિકાસની રાજનીતિ પર લગાવી મહોર: ધ્રુવ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સર્વત્ર કેસરિયો છવાયો છે અને ભારતીય જનતા પક્ષના ઉમેદવારોનો ઝળહળતો વિજય થયો છે ત્યારે આ વિજયને વધાવતા ભાજપના પ્રદેશ અગ્રણી રાજુભાઈ ધ્રુવે કહ્યુ છે કે, આ ચૂંટણીમાં ભાજપનો વિજય દિવાલ ઉપર લખાયેલા અક્ષરો સમાન એટલે કે નિશ્ચિત જ હતો.

વિપક્ષો દ્વારા ખંડિત જનાદેશ આવશે ,પેનલો માં ક્રોસ વોટિંગ થશે ,જ્ઞાતિ ના આધારે મતદાન થશે, ભાજપ ને અગાઉ મળેલી બેઠકો કરતા બેઠકો ઘટશે તેવી વાતો કરનારા,અટકળો અને અફવાઓ ફેલાવનાર વિઘ્નસંતોષીઓ ખોટા પડ્યા છે તેનો આનંદ છે.સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણીઓ માં ગુજરાત ની શાણી સમજુ અને રાષ્ટ્રવાદી જનતાએ ખોબલે ખોબલે મત આપી પોતાના આશીર્વાદ દ્વારા ભારતીય જનતા પક્ષ ની ઝોળી છલકાવી દીધી છે .આ સ્પષ્ટ જનાદેશ દ્વારા ગુજરાત ની પ્રજાએ પ્રજાવત્સલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને રાજ્યના કર્મઠ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની ડબલ એન્જીનવાળી સરકાર ની કામગીરી ને ફૂલડે વધાવી ફરી થી મતપેટી દ્વારા આશીર્વાદ આપ્યા છે.

રાજુભાઈ ધ્રુવે એક નિવેદનમાં કહ્યું છે કે, ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ દ્વારા કરવામાં આવેલા વિકાસ કાર્યોને હૈયે ધારણ કરી ગુજરાતના મતદારોએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કમળ પ્રત્યે વ્યાપક-પ્રચંડ સમર્થન પ્રગટ કર્યું છે. નરેન્દ્રભાઈ મોદીએ શરુ કરેલી વિકાસ યાત્રાને હાલના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી ભાજપ સરકારે આગળ વધાર્યા છે અને તેથી ગ્રામીણથી લઈ શહેરી મતદારોએ ભાજપના લોકકલ્યાણકારી ગરીબ-મધ્યમ વર્ગ તરફી વિકાસ-પ્રકલ્પોને આ ચૂંટણીમાં એકંદરે બહોળું સમર્થન કર્યું છે. ભાજપ સરકારની મહિલા, યુવા, ખેડૂત માટેની વિવિધ સરકારી યોજનાઓને આવકારીને તમામ જાતિ - જ્ઞાતિના મતદારોએ સમર્થન આપ્યું છે. આ સાથે જ ગુજરાતના જાગ્રત મતદારોએ કોંગ્રેસ-આમ આદમી પાર્ટીની અવસરવાદી રાજનીતિ પ્રત્યેનો જનઆક્રોશ પણ પ્રગટ કર્યો છે.

રાજુભાઈ ધ્રુવે વધુમાં જણાવ્યું છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પરિણામોએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે ગુજરાતની જનતાનો અતૂટ વિશ્વાસ ભારતીય જનતા પાર્ટીમાં અકબંધ છે. ભાજપનો આ વિજય પહેલેથી જ નિશ્ચિત હતો કારણ કે રાજ્યના સુજ્ઞ અને રાષ્ટ્રવાદી મતદારોએ વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. આવનારી વિધાનસભા ચૂંટણીમાં પણ ભાજપનો ભગવો લહેરાશે, એકમાત્ર કમળ ઉમેદવારનો ભવ્ય વિજય નિશ્ચિત છે. રાજુભાઈ ધ્રુવે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલા અભૂતપૂર્વ વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, દેશ અને રાજ્યમાં ભાજપ સરકારે જે લોકકલ્યાણકારી કાર્યો કર્યા છે તેને જનતાએ હૈયામાં ધારણ કર્યા છે. કમળ પ્રત્યેનો આ વ્યાપક અને પ્રચંડ જનાદેશ એ વાતની સાબિતી છે કે, કેન્દ્રથી કોર્પોરેશન અને પાર્લમિેન્ટથી પંચાયતના લોકો એટલે કે છેવાડાના માનવી સુધી પહોંચતા વિકાસના પ્રકલ્પોથી પ્રજા સંતુષ્ટ છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અનર મહાનગરપાલિકામાં ભાજપના સેવકો આવતા વિકાસકાર્યોનો લાભ ઝડપી અને સીધો મળતો રહેશે.

આ ચૂંટણીમાં માત્ર શહેરી જ નહીં પરંતુ ગ્રામીણ મતદારોએ પણ ભાજપની ગરીબ અને મધ્યમ વર્ગ લક્ષી યોજનાઓને વધાવી લીધી છે. સરકારની યુવા અને મહિલાલક્ષી યોજનાઓના કારણે આ વર્ગે ભાજપને મજબૂત સમર્થન આપ્યું છે. ખેતી વિષયક યોજનાઓ અને આદિવાસી ક્ષેત્રોમાં થયેલા વિકાસના કારણે તમામ જ્ઞાતિ-જાતિના લોકો ભાજપ સાથે જોડાયા છે. શહેરોમાં વસતા જાગ્રત મતદારોએ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીની 'અવસરવાદી રાજનીતિ' ને નકારી દીધી છે. વિરોધ પક્ષો પ્રત્યેનો જનઆક્રોશ બેલેટ બોકસમાં સ્પષ્ટપણે જોવા મળ્યો છે, જે દર્શાવે છે કે જનતા હવે માત્ર સકારાત્મક રાજનીતિને જ પસંદ કરે છે.

અંતમાં, વડાપ્રધાન મોદીના વિકાસના રથને આગળ વધારવા બદલ અને ભાજપમાં અટલ શ્રદ્ધા રાખવા બદલ રાજુભાઈ ધ્રુવે ગુજરાતની જનતા તેમજ તમામ મતદારોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. તેમણે ઉમેર્યુ છે કે, આ વિજય એ કાર્યકર્તાઓની મહેનત અને જનતાના આશીર્વાદનું પરિણામ છે, જે ગુજરાતને સતત પ્રગતિના પંથે આગળ ધપાવશે.



રાજુભાઈ ધ્રુવે સર્વાધિક લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, યશસ્વી ગૃહમંત્રી અમિતભાઈ શાહ, પ્રજાવત્સલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, યશસ્વી પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહિત વિજેતા ઉમેદવારો અને ભારતીયજનતા પક્ષ ના તમામ શ્રેણીના કાર્યકરોને સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં ઐતિહાસિક વિક્રમ સર્જક જીત બદલ શુભેચ્છા પાઠવી છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૩૦-૦૪-૨૦૨૬ ગુરૂવાર**

- ૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ઉંબરો)
- ૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
- ૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (નઝાકત એ લૌકી)
- ૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
- ૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.મમતા તન્ના)
- ૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
- ૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ધર્મ યુધ્ધ)
- ૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
- ૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
- ૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
- ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૧-૦૫-૨૦૨૬ શુક્રવાર**

- ૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
- ૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
- ૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
- ૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧-૫-૨૦૨૬ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** વૈશાખ શુદ પુનમ બુધ્ધપૂર્ણિમા
**નક્ષત્ર** સ્વાતી
**યોગ** સિધ્ધિ **કરણ:** વિષ્ટિ
**સુર્યોદય** ૬.૧૬ **સુર્યાસ્ત:** ૭.૧૩
**ચંદ્ર રાશી** તુલા
**રાશિ અક્ષર** ર.ત
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા**
ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા**
રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૨ થી ૧.૧૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૧૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૯ | | | | ૮ | | |
| | | | | | | | | ૧ |
| ૧ | | ૭ | | | ૨ | | | ૪ |
| ૨ | | ૪ | ૩ | ૯ | ૮ | | ૬ | |
| | | ૬ | ૨ | | | | ૧ | |
| | ૯ | | ૪ | | ૧ | | | |
| | | | ૮ | | ૭ | | | |
| ૩ | ૬ | | ૯ | ૫ | | | | ૨ |
| | | | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૧૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૫ | ૩ | ૧ | ૪ | ૬ | ૮ | ૯ |
| ૪ | ૩ | ૯ | ૬ | ૮ | ૫ | ૭ | ૧ | ૨ |
| ૬ | ૧ | ૮ | ૭ | ૨ | ૯ | ૫ | ૪ | ૩ |
| ૭ | ૬ | ૩ | ૯ | ૫ | ૧ | ૪ | ૨ | ૮ |
| ૯ | ૪ | ૨ | ૮ | ૭ | ૬ | ૩ | ૫ | ૧ |
| ૮ | ૫ | ૧ | ૪ | ૩ | ૨ | ૯ | ૭ | ૬ |
| ૩ | ૨ | ૪ | ૧ | ૯ | ૭ | ૮ | ૬ | ૫ |
| ૧ | ૮ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૯ | ૭ |
| ૫ | ૯ | ૭ | ૨ | ૬ | ૮ | ૧ | ૩ | ૪ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧.૫.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, વૈશાખ સુદ પૂનમ, સ્વાતિ નક્ષત્ર, સિદ્ધિ યોગ, વિષ્ટિ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ તુલા (ર,ત) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા મેળવી શકો, સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થાય, શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** સવાર બાજુનો સમય શાંતિથી વિતાવવા સલાહ છે, શત્રુઓથી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવું.

**મિથુન (ક,છ,ઘ) :** સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, તમારી અંદરની રચનાત્મકતાનો લાભ લઈ શકો.

**કર્ક (ડ,હ) :** જમીન-મકાન-વાહન સુખ સારું રહે, આરામદાયક દિવસ, સુખ સગવડ પ્રાપ્ત થાય.

**સિંહ (મ,ટ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય આયોજન કરી શકો, પૈસા બાબતમાં સારું રહે.

**તુલા (ર,ત) :** તમારા ક્ષેત્રમાં સફળતા મેળવી શકો, કાર્યસિદ્ધિ આપતો દિવસ, સમાજને કૈક કરી બતાવી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા પૈસા અટવાતા-ફસાતા જણાય, સિફતથી કામ લેવું ગુસ્સામાં આવી નિર્ણયો ના કરવા સલાહ છે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, નવા લોકો સાથે પણ સબંધ કેળવી શકો, પ્રગતિકારક દિવસ.

**મકર (ખ,જ) :** વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને અનુકૂળ સમય, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**કુંભ (ગ,સ,શ) :** ધ્યાન યોગ મૌનનો મહિમા સમજાય, પોઝિટિવ વિચારોથી સારું રહે, લાભદાયક દિવસ.

**મીન (દ,ચ,ઝ,થ) :** અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો.

# પડધરીના મોવૈયા ગામે બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે મૂર્તિ પ્રતિષ્ઠામાં હરિભકતો ભક્તિરસમાં તરબોળ

## બીએપીએસનાં અક્ષરચરણ સ્વામીના હસ્તે પ્રતિષ્ઠા કરાયઃ આર્શીવચન પાઠવ્યાં



**અબતક, ભૌમિક તળપદા, પડધરી**


રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા નજીક આવેલ મોવૈયા ગામે બીએપીએસ સ્વામિનારાયણ હરિમંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય અને દિવ્ય વાતાવરણમાં સંપન્ન થયો. આ મહોત્સવમાં બીએપીએસ સંસ્થાના વરિષ્ઠ સંત અક્ષરચરણ સ્વામી, રાજકોટ મંદિરના કોઠારી બ્રહ્મતીર્થ સ્વામી, અપૂર્વમુનિ સ્વામી સહિત અનેક પૂજનીય સંતો ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વશાંતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગામજનો અને હરિભક્તોએ ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો. એ જ દિવસે સાંજે મોવૈયા તથા પડધરીના મુખ્ય માર્ગો પર ઠાકોરજીની મૂર્તિઓ સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રામાં આકર્ષક પ્રસ્તુતિઓ, ભક્તિપૂર્ણ માહોલ અને ગ્રામજનોના ઉત્સાહે સમગ્ર વિસ્તારને આધ્યાત્મિક રંગે રંગી દીધો હતો. રાત્રે પૂજ્ય અમૃતકીર્તન સ્વામી અને સંગીતવૃંદ દ્વારા કીર્તન ભક્તિનો સુંદર કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં ઉપસ્થિત ગ્રામજનો અને હરિભક્તોએ ભક્તિરસનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

તા. ૨૯ એપ્રિલના રોજ સવારે વરિષ્ઠ સંતોના હસ્તે, પ્રગટ ગુરુહરિ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના આશીર્વાદથી પ્રતિષ્ઠિત થયેલ મૂર્તિઓની વિધિવત સ્થાપના અને પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગે અનેક રાજકીય અગ્રેસરો, મહાનુભાવો, ગ્રામજનો અને ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રતિષ્ઠા પ્રસંગે સંતોના પ્રેરણાદાયી પ્રવચનોનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત સર્વે ભાવિકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. કોઠારી પૂજ્ય બ્રહ્મતીર્થ સ્વામી, ગ્રામ્ય વિચરણ કરનાર અમૃતકીર્તન સ્વામી, પૂજ્ય સેવાશીલ સ્વામી તથા અનેક સંતો, કાર્યકરો અને હરિભક્તોના સેવા, ભક્તિ અને સમર્પણથી આ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો હતો.મોવૈયા ગામના સર્વે ગ્રામજનોએ ઠાકોરજીના દર્શન, સંતોના આશીર્વાદ અને મહાપ્રસાદનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે સમગ્ર ગામમાં આધ્યાત્મિક આનંદ અને ભક્તિભાવનું પવિત્ર વાતાવરણ સર્જાયું હતું. મહોત્સવના વિશેષ આકર્ષણ રૂપે ’અબ તક’ના મેનેજિંગ તંત્રી સતીશકુમાર મહેતાએ ખાસ હાજરી આપી હતી. તેમણે પવિત્ર વાતાવરણમાં પૂજ્ય અક્ષરચરણ સ્વામી અને પૂજ્ય અપૂર્વમુનિ સ્વામી જેવા વરિષ્ઠ સંતો સાથે ’આદયાત્મિક ગોષ્ઠી’ કરી હતી. આ સંવાદ દરમિયાન આધુનિક યુગમાં ધર્મની પ્રસ્તુતતા, યુવા પેઢીમાં ચરિત્ર નિર્માણ અને સમાજ સેવા જેવા ગહન વિષયો પર ચર્ચા થઈ હતી. સંતો એ સંવાદમાં ભારતીય સંસ્કૃતિના જતનમાં મીડિયાની ભૂમિકાને પણ બિરદાવી હતી. અબતક’ના મેનેજિંગ તંત્રી સતીશકુમાર મહેતાએ સંતોના આશીર્વાદ પ્રાપ્ત કરી આ નૂતન મંદિર સમગ્ર પંથક માટે આશીર્વાદરૂપ બને તેવી મંગલ કામના વ્યક્ત કરી હતી.

## અપૂર્વમૂનિ સ્વામી તેમજ સંતો-મહંતો અને ‘‘અબતક’’ના મેનેજીંગ તંત્રી સતિષકુમાર મહેતા અને સામાજીક અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિ











### મંદિરે ઈશ્વરની ઓળખાણ છે જયાં માનવી શાંતિનો અનુભવ કરે છે

ભારતિય સંસ્કૃતિના ત્રણ આધારસ્તંભો એટલે સંત, શાસ્ત્ર અને મંદિર. આ આધારસ્તંભો ને પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજે જીવંત રાખ્યા છે. મંદિર એ શ્રધ્ધા નું કેન્દ્ર અને શાંતિ નું સ્થાન છે. તેઓ મંદિર વિશે કહેતા ‘‘પરમાત્માને પામવાનું સ્થાન એટલે મંદિર. મનને સ્થિર કરે એ મંદિર. પરમ શાંતિ આપે એ મંદિર. ઉચ્ચ જીવનની પ્રેરણા આપે એ મંદિર.‘‘

જયારે એક મંદિર ઘડાય છે ત્યારે માત્ર પથ્થરો જ નહીં પરંતુ તેની સાથે માનવીના જીવનનું પણ ઘડતર થાય છે. મંદીરએ સંસ્કૃતિનું જતન કરે છે. બીએપીએસ ના પ્રત્યેક મંદિર માં આ ભારતીય સંસ્કૃતિનો ઈતિહાસ નિખરી ઉઠે છે. મહાન સંતો, અવતારો અને ઋષિઓ તથા ભક્તોના શિલ્પો તેમજ કલામય કામનો, ઝરૂખાઓ અને મૂર્તિ શિલ્પોથી અલંકૃત મંદિરના મુખ્ય દ્વારઓથી શોભાયમાન મંદિર પ્રત્યેકના મનને આકર્ષિત કરે છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે માનવ મંદિરોને જીવંત રાખવા શિલ્પ-સ્થાપત્યરૂપી મંદિરોનું નિર્માણ કર્યુ છે. તેમણે કોઈ પણ પ્રકારના નાત જાત ના ભેદભાવ વગર આ મંદિરોની રચના કરી છે. તેમણે ગાંધીનગર અક્ષરધામના ઉદઘાટન વખતે કહેલું આ મંદિરનું નિર્માણ સમગ્ર વિશ્વના લોકો માટે કરવામાં આવ્યું છે. મંદીર એ ઈશ્વરની ઓળખાય છે. જયાં માનવી શાંતિનો અનુભવ કરે છે.

### બીએપીએસના ભકિતના ધામ સાથે ૧૬૨ પ્રવૃત્તિઓનું કાર્યાલય



બીએપીએસના પ્રત્યેક મંદિરની પાછળ એનેક ઈતિહાસ જોવા મળે છે. આ મંદિરો માત્ર આરસના પથ્થરોથી જ નહીં પરંતુ ભક્તોના સેવા શ્રમયજ્ઞો , શિલા-સેવા, પસ્તીકલેક્શન, બચતકુંભ, તુલાવીધી વગેરે જેવા પ્રોજેક્ટ દ્વારા તૈયાર થાય છે. પૂણેમાં જયારે મંદીર નિર્માણ થઈ રહયું હતું તે સમયે જીજ્ઞેશભાઇ શાહપુરા અને તેમના નાનાભાઇ પિન્ટુભાઇ શાહપુરા બંને યુવાન બંધુઓ આઈટી ક્ષેત્રમાં એન્જિનિયર તરીકે નોકરી કરતા હતા. તેમણે પોતાના પગારની ૫૦% રકમ મંદિર નિર્માણમાં આપી ઉપરાંત પોતાનું બેંક બલેન્સ પણ ઝીરો કરીને સમર્પણનું વિરલ ઉદાહરણ આપ્યું. આ મંદિરોના નિર્માણમાં અનેક બાલ-બાલિકાઓ પણ પોતાને ભાવતી વાનગીઓ આઈસ્ક્રીમ, ઠંડા-પીણા, ચોકલેટ વગેરે નો ત્યાગ કરીને અધ્યાત્મના પાઠ શીખે છે. અનેક યુવાનો આર્થીક સેવાઓ, શારિરીક સેવાઓ અને નિર્જળા ઉપવાસ કરીને પણ મંદિર નિર્માણ ના કાર્ય માં પોતાનું યોગદાન આપે છે. આજે બીએપીએસના મંદિર માત્ર ભક્તિનું સ્થાન જ નહીં પરંતુ ૧૬૨ પ્રવૃત્તિઓનું કાર્યાલય બની ગયા છે. બાળ-યુવા-મહિલા પ્રવૃત્તિ, વ્યસનમુક્તિ અભિયાન, પછાતઉત્કર્ષ, રાહતકાર્યો, હોસ્પિટલો,સ્કૂલો જેવા અનેક કાર્યો ની ભાગીરથી આ મંદિરમાંથી વહે છે. આ મંદિરો એ અધ્યાત્મ અને વિજ્ઞાનને જોડવાનું શ્રેષ્ઠ સ્થાન બની રહે છે. તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે ગાંધીનગર અને દિલ્હીના અક્ષરધામનો water show. હજારો વર્ષોના પ્રાચીન જ્ઞાન અને શાણપણના વારસાને આધુનિકતમ માધ્યમો દ્વારા પ્રસ્તુત કરી ને વિશાળ સમુદાય સુધી તેને પહોચાડવાનું કાર્ય પ્રમુખસ્વામી મહારાજે શાનદાર રીતે કર્યું છે.

## તંત્રી લેખ

# કમળ છાપ જનાદેશ..!

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં ભાજપ તરફે જબ્બર જનાદેશ પ્રાપ્ય પરિણામ આવ્યું છે સ્થાનિક ચૂંટણીમાં શાનદાર જીતે ભાજપને સત્તા આપી છે પરંતુ તેની સાથે સાથે જવાબદારી પણ વધારી છે, આ જનાદેશ અવશ્યપણે કમળ છાપ જનાદેશ કહી શકાય કારણ કે કમળને પવિત્રતા, સમૃદ્ધિ, જ્ઞાન અને શુદ્ધતા આધ્યાત્મિકતાનું પ્રતીકછે.

કમળનું આધ્યાત્મિક અને શુભ અર્થપવિત્રછે, કમળ કાદવ માં ઉગે પરંતુ તેના પર કાદવનો એક કણ પણ અડતો નથી. વિષમ પરિસ્થિતિમાં રહીને પણ પવિત્ર અને નિર્દોષ રહી શકે છે એશ્વર્યા દેવી લક્ષ્મી પણ કમળ પર બિરાજમાન છે કમળ ધન, સમૃદ્ધિ, સૌભાગ્ય અને શુભ લક્ષ્મીનું પ્રતીક છે કમળ આપણું રાષ્ટ્રીય ફૂલ છે ત્યારે ભાજપના વિકાસવાદ ને સમર્થન માટે મતદારોએ ભાજપને ખોબલે ખોબલે મત આપી પક્ષ પાસેથી વર્તમાન રાજકીય સ્થિતિના નકારાત્મક માહોલ અને કહેવાતા ભ્રષ્ટાચારના કિચડ જેવી સ્થિતિમાં ભાજપ પાસેથી પવિત્ર નિર્મળ અને બેદાગ વહીવટની અપેક્ષા રાખી છે સાથે સાથે વિકાસ અને લક્ષ્મીનો સમન્વય થાય તે માટે કમળને મત આપ્યા છે, કમળ ને મત આપનારા મતદાર પક્ષ પાસેથી પવિત્ર રાષ્ટ્રવાદ ની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે, ભાજપનો આ પ્રચંડ લોકતાંત્રિકવિજયતમામવર્ગનામતદારોનીસ્વચ્છ ,પ્રમાણિક ,નૈતિક, વિકાસ ની અપેક્ષા સંતોષવાની જવાબદારી બની રહેશે, મહાનગરપાલિકા, નગરપાલિકા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ના ચૂંટણી જંગમાં ઘણી જગ્યાએ તો મતદારોએ ભાજપને સંપૂર્ણપણે વિપક્ષ વિનાની સત્તાની ધૂરા સોંપતું જન આદેશ આપ્યું છે રાજકીય રીતે આ વિજય પ્રબળ અને પ્રચંડ બહુમતી વાળું ગણાય પરંતુ એક તરફી સંપૂર્ણપણે સ્વાયત સત્તા આપતું જન આધાર શાસક પક્ષ માટે નૈતિક અને નિષ્ઠાની કસોટી રૂપ બની રહે છે..

પાંચ વર્ષ સુધી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા નું સંચાલન વિપક્ષની દેખરેખ કહેવા તીરાજકીય ટકટક વગરની સંપૂર્ણપણે એકહથ્થું શાસનની રીતે ચલાવવી વહીવટી રીતે સરળ છે ,પરંતુ કુદરતી ન્યાય નું સંતુલન કરવા નો મોટો પડકાર હોય છે, એટલે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીનું કમળ છાપ જનાદેશ વિશેષ પણે ડબલ એન્જિન સરકાર અને ભાજપના સુકાનીઓ માટે અવશ્યપણે પવિત્ર લોક સેવાનું પ્રતીક બની રહેવું જોઈએ તેવી મતદારોએ રાખેલી અપેક્ષા પર જન પ્રતિનિધિઓ ખરા ઉત્તરે તો આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવતા દેશની લોકશાહી ખરા અર્થમાં પરિપક્વ ગણાશે

## ગોંડલના ગુંદાળા રોડ રેલવે ફાટક પર ઓવરબ્રિજની કામગીરી પુરજોશમાં લોખંડના ગર્ડર ચડાવાયા




**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ શહેરના ગુંદાળા રોડ પર આવેલા રેલવે ફાટક પર ચાલી રહેલા ઓવરબ્રિજનું કામ હવે અંતિમ તબક્કામાં પહોંચ્યું છે. લાંબા સમયથી ચાલી રહેલી આ કામગીરી અંતર્ગત ગઈકાલે રાત્રે રેલવે ફાટક પર લોખંડના વિશાળ ગર્ડર (પોલ) ચડાવવાની મહત્વની કામગીરી હાથ ધરવામાં આવી હતી.ટ્રાફિક અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને રાત્રે ૯ વાગ્યાની આસપાસ ભારે ક્રેન્સની મદદથી લોખંડના આ મજબૂત પોલ બ્રિજ પર ગોઠવવામાં આવ્યા હતા.ગુંદાળા રોડ પર રેલવે ફાટક વારંવાર બંધ રહેવાને કારણે ગોંડલ અને આસપાસના ગામડાઓના પ્રવાસીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ ઓવરબ્રિજનું કામ પૂર્ણ થતા જ ગોંડલ 'ફાટક મુક્ત' બનવા તરફ વધુ એક ડગલું આગળ વધશે. સ્થાનિકોની લાંબા સમયની આ માંગ હવે ટૂંક સમયમાં સાકાર થતી જોવા મળશે.

## ૨૦-૨૦ દિવસ સુધી પાણી માટે વલખા

# ઉપલેટાની રઘુવંશી સોસાયટી અને વર્ધમાનનગરમાં પાણી માટે પોકાર

### જો વહેલી તકે પાણી વિતરણ કરવામાં નહિ આવે તો પાલિકા પ્રમુખના ઘરે બેડા સરઘસ અને ધરણા કરાશે



**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટામાં ખાખીજાળીયા રોડ ઉપર આવેલ રઘુવંશી સોસાયટીમાં છેલ્લા ૨૦ દિવસ થયા પાણી નહિ મળતા લોકો ટોળા સાથે નગરપાલીકાએ ધસી ગયા હતા અને નગર સેવકની આગેવાનીમાં ઉગ્ર રજૂઆતો કરી હતી.

શહેરમાં વોર્ડ નં.૩માં આવેલ રઘુવંશી સોસાયટીમાં આશરે ૮૦ જેટલા મકાનો આવેલા છે. તેમજ આજુબાજુમાં પણ મકાનો આવેલા છે.અહી ૪૫૦ જેટલા લોકોનો વસવાટ છેલ્લા ૧૨ થી ૧૫ વર્ષ થયા છે. છેલ્લા ૨૦ દિવસ થયા સાવપાણી નહી મળતા અનેક વખત ટેલીફોનીક રજૂઆતો તેમજ પ્રમુખ વર્ષાબેન ગજેરાને પણ કરેલ પણ કોઈ જાતનો ઉકેલ નહી આવતા ઈકાલે વોર્ડ નં.૩ના નગરસેવક ચંદ્રપાલસિંહ જાડેજા, ભગવાનદાસ બાપુ નિરંજનની ગુલાબભાઈ અપારનાથી અક્ષયરાજસિંહ ચુડાસમા, અનિલભાઈ સહિત ૨૫ લોકો આજે નગરપાલીકાએ દોડી આવ્યા હતા. પણ નગરપાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા હાજર જોવા નહિ મળતા લોકોએ ચીફ ઓફીસરને મળી રજૂઆત કરી હતી.

આ અંગે નગર સેવક ચંદ્રપાલસિંહ જાડેજાએ જણાવેલ કે જો રઘુવંશી સોસાયટીને ત્રણ દિવસમાં પાણી નહિ મળે તો સોસાયટીની તમામ બહેનો બેળા સરઘસ કાઢી પાલીકાના પ્રમુખના ઘર સામે ધરણામાં બેસશે વધુમાં નગર સેવકે જણાવેલ કે છેલ્લા ૧૨ વર્ષ થયા ક્યારે પાણીના પ્રશ્ન બન્યો નથી છેલ્લા એક વર્ષથી આ પાણીનો પ્રશ્ન ઉભો થયો છે.જો પાણી પુરા દબાણથી આપવામાં આવે તો પણ પ્રશ્ન ઉકેલી શકે તેમ છે.

### વારો હોવા છતા પાણી નહિ મળતા મહિલાઓમાં રોષ



શહેરના કોલકી રોડ ઉપર આવેલ વર્ધમાનનગર ૨માં ગઈકાલે પાણી નહિ મળતા મિડીયા ઓફીસે મહિલાઓ પાણક્ષ માટે ફોન નો મારો ચલાવ્યો હતો.

માર્કેટીંગ યાર્ડ પાછળ આવેલ વર્ધમાનનગર બે માં ગઈકાલે પાણીનો વારો હોવાથી લોકો પાણીની વરસાદની જેમ રાહ જોઈ રહ્યા હતા ત્યારે બે કલાક રાહ જોવા છતા પાણી નહિ આવતા લતાવાસીઓએ પ્રથમ નગરપાલીકા અને ત્યારબાદ લાઈનમેનને ફોન કરતા તેને કહેલ કે આઠ દિવસે પાણી આવશે આવા શબ્દો લાઈનમેન પાસેથી સાંભળતા મહિલાઓએ મિડીયા ઓફીસે ફોન ચાલુ કરેલ જો વર્ધમાનનગર બેમાં પાણી નહિ મળે તો આગામી દિવસોમાં પાલીકામાં પ્રમુખની ચેમ્બરમાં મટકા ફોડનો કાર્યક્રમ આપવામાં આવશે.

## ગોંડલમાં ભાજપની બીજી કેડરે વિજયને મજબુત બનાવ્યો: જીતમાં અશોકભાઈ પીપળીયાની ચાણક્ય નીતિ કામ કરી ગઇ

### પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના ૩ દાયકાના નેતૃત્વએ ભાજપના પાયાને વધુ મજબુત બનાવ્યા

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગુજરાતભર માં કદાચ ગોંડલ એવું પ્રથમ ગામ હશે.જ્યાં સતત બીજી ચુંટણીઓ માં કોંગ્રેસ નો સંપુર્ણ સફાયો કરી ભાજપે નગરપાલિકાની તમામ બેઠકો મેળવી હોય.

આ સફળતા નું કારણ ભાજપ ની બીજી કેડર છે.ભાજપ નાં મોવડી પુર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજા નાં એકધારા ત્રીસ વર્ષ નાં શાસન માં ભાજપ એટલી હદે મજબૂત બન્યુ છે કે જીલ્લા કક્ષાનો કોઈ કાર્યક્રમ હોય તો લોકોની મેદની અને વ્યવસ્થા માટે ગોંડલ ને પસંદ કરાય છે.જયરાજસિહે તૈયાર કરેલી બીજી



કેડર નાં અલ્પેશભાઈ ઢોલરીયા,પ્રફુલભાઈ ટોળીયા કે અશોકભાઈ પીપળીયા આ કેડર નાં મજબૂત પાયા છે.

નગરપાલિકા સતત બીજી ચુંટણીઓ માં ગોંડલ ને કોંગ્રેસ મુક્ત કરવા માં કે વિજય હાંસલ કરવા અશોકભાઈ પીપળીયા ખરા અર્થ માં ચાણક્ય સાબિત થયાં છે.તેમનાં સંગઠનાત્મક અને વ્યુહ રચના ને કારણે ચુંટણી માં કોંગ્રેસ કે આપ ને સમ ખાવા પુરતી પણ બેઠક મળી નથી.આ બહુ મોટી વાત છે.

નાનામાં નાના કાર્યકર ની પુરતી સંભાળ લઈ તેની પાસેથી કુનેહ પુર્વક કામ લેવું એ અશોકભાઈ પીપળીયાની આવડત છે.ભાજપ નાં સંગઠન પર આની સકારાત્મક અસર થતી હોય કાર્યકરો સતત એલર્ટમોડ પર રહેતા હોય ગોંડલ નું ભાજપ નું સંગઠન સૌરાષ્ટ્રભર માં મજબૂત ગણાય છે.આ ચુંટણી માં ભાજપ નાં પુર્વ પ્રમુખ પિન્ટુભાઈ ચુડાસમા ની ૧૦૮ ઈમરજન્સી જેવી કાર્ય પદ્ધતિ કાર્યકરો માટે બુસ્ટરડોઝ બની હતી. અને ભાજપનું નેટવર્ક વધુ એકવાર સબળ પુરવાર થયું છે.

## જૂનાગઢ : એગ્રી સ્ટેક યોજના હેઠળ ફાર્મર રજીસ્ટ્રી ૧૦ મે સુધીમાં કરાવું જરૂરી

### જિલ્લાના ૨૭,૬૮૯ ખેડૂતોની નોંધણી બાકી : પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ મેળવવા ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરવું અનિવાર્ય

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ખેડૂત હિતને ધ્યાને રાખી ભારત સરકાર દ્વારા એગ્રીસ્ટેક હેઠળ ફાર્મર રજીસ્ટ્રીની કામગીરી ગ્રામ લેવલે ઝુંબેશ સ્વરૂપે કરવામાં આવી રહી છે. જે અંતર્ગત રાજ્યના પીએમ કિસાન યોજનાના તમામ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ ચાલુ રાખવા ફાર્મર રજીસ્ટ્રી હેઠળ સત્વરે નોંધણી કરાવી લેવી તેમજ નવા અરજદારોએ પીએમ કિસાન પોર્ટલ પર અરજી કરતા પહેલા ફાર્મર આઈડી મેળવવું જરૂરી છે. આ ઉપરાંત તમામ ખાતેદાર ખેડૂત તારીખ ૧૦/૫/૨૦૨૬ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી લેવા અનુરોધ કરવામાં આવે છે.

પીએમ કિસાન યોજનાના હપ્તા ચાલુ રાખવા અથવા તો જો બંધ થયેલ હોય તો શરૂ કરવા માટે ખેડૂત નોંધણી અવશ્ય કરાવી લેવી. કારણ કે, આગામી સમયમાં ફક્ત ખેડૂત નોંધણી કરાવેલા જ ખેડૂતોને સબસીડી યુકત રાસાયણિક ખાતરનો લાભ મળે તથા અન્ય એટલે કે ખેડૂત સિવાયના લોકો રાસાયણિક ખાતર ન ખરીદી શકે તે માટેનું આયોજન છે. તો સત્વરે આવા ખેડૂતો પોતાની નોંધણી કરાવી લે. આ સાથે સરકારી યોજનાઓ જેવી કે ટેકાના ભાવે ખરીદી, પાક નુકસાની સહાય, આઈ ખેડૂત પોર્ટલ અંતર્ગત યોજનાના લાભ જેવી બાબતો પણ ખેડૂત નોંધણી સાથે જોડવાનું આયોજન વિચારણા હેઠળ છે. જેથી સમગ્ર બાબતને ધ્યાને લઈને જિલ્લાના તમામ ખેડૂતો પોતાના હિત માટે ખેડૂત નોંધણી અવશ્ય કરાવે તેવી જિલ્લા વહીવટી તંત્ર વતી અપીલ કરવામાં આવી રહી છે.

જૂનાગઢ જિલ્લાના હાલના ૨૭,૬૮૯ ખેડૂતો કે જેઓ પીએમ કિસાન યોજનાના લાભ મેળવે છે. પરંતુ ખેડૂત નોંધણી કરાવેલ નથી. તો આવા તમામ ખેડૂતોને જિલ્લામાં તાત્કાલિક તેમના તલાટી મંત્રી, ગ્રામ સેવક, ગ્રામ પંચાયત ખાતે સંપર્ક કરી ખેડૂત નોંધણી કરાવી લેવી તથા વધુ માહિતી માટે ખેડૂતોએ પોતાના વિસ્તારના ગ્રામસેવક, તલાટી કમ મંત્રી, VCE નો સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## ભચાઉ પોલીસ સ્ટેશન દ્વારા શહેરમાં સરપ્રાઈઝ ચેકીંગ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ ગાંધીધામ જિલ્લાના ભચાઉ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા માટે ભચાઉ ડિવિઝન પોલીસ દ્વારા ચેકિંગ ડ્રાઈવ અને કોમ્બિંગ ની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન પોલીસ મહા નિરીક્ષક ચિરાગ કોરડીયાના માર્ગદર્શન અને પૂર્વ કચ્છ એસપી સાગર બાગમારના નિર્દેશન હેઠળ યોજાયું હતું.



ચેકિંગ દરમિયાન પ્રોહિબિશન સંબંધિત ૭ કેસ નોંધાયા હતા. ઉપરાંત એમ.વી. એક્ટ હેઠળ વિવિધ પ્રકારના કેસોમાં કાર્યવાહી કરવામાં આવી હતી. તેમાં દસ્તાવેજોની તપાસ, વાહન ચેકિંગ, હેલ્મેટ અને સીટબેલ્ટ સંબંધિત મુદ્દાઓ તેમજ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે દંડાત્મક પગલાં લેવામાં આવ્યા હતા.ડ્રાઈવ દરમિયાન કુલ ૧૭ વાહનો ડિટેન કરવામાં આવ્યા હતા અને આશરે રૂ.૧૩,૫૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. સાથે સાથે એમસીઆર ચેક, એચએસ ચેક, વાહન ચેક, શંકાસ્પદ વ્યક્તિઓની પૂછપરછ, આવારા તત્વો પર નજર તેમજ હોટેલ-ઢાબા અને દંગા-પડાવ ચેકિંગ જેવી કામગીરી પણ હાથ ધરાઈ હતી.આ સમગ્ર અભિયાનમાં સાગર સાંબડાના.પો.અધિ. ભચાઉં વિભાગ તથા ભચાઉ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર ડી.ડી.ઝાલા,ભચાઉ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેક્ટર કે.બી.તરાર, એ.એન.ગોહીલ, પી.એન.ગમાર તથા સામખીયારી પોલીસ સ્ટેશન પોલીસ સબ ઈન્સપેક્ટર જી.ડી.ગઢવી,રાપર પોલીસ સ્ટેશન પોલીસ સબ ઈન્સપેક્ટર એસ.વી.કાતરીયા,ભચાઉ પોલીસ સ્ટેશન,રાપર પોલીસ સ્ટેશન,સામખીયારી પોલીસ સ્ટેશન,લાકડીયા પોલીસ સ્ટેશન, આડેસર પોલીસ સ્ટેશન તથા ગાગોદર પોલીસ સ્ટેશનના સ્ટાફ સહિત અનેક પોલીસ અધિકારીઓ અને સ્ટાફે ભાગ લીધો હતો. પોલીસે જણાવ્યું હતું કે આવનારા સમયમાં પણ કાયદો અને શાંતિ જાળવવા માટે આવા ચેકિંગ અભિયાન ચાલુ રહેશે.

## પોરબંદરમાં તપસ્વી ટ્રસ્ટના નિ:શુલ્ક સર્જિકલ કેમ્પમાં ૧૫ દર્દીઓનાં કરાયા ઓપરેશન

### તપસ્વી ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટની માનવ સેવાની ચોમેર સરાહના



**અબતક, પુજા થાનકી, પોરબંદર**

પોરબંદર શહેરના પ્રથમ વખત નિશુલ્ક સર્જીકલ કેમ્પની સફળતા બાદ તપસ્વી ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ દ્વારા દર મહીને સર્જીકલ કેમ્પ નું આયોજન કરવાનું નક્કી કર્યું છે જેમાં બીજી વખત યોજાયેલા આશા ચિલ્ડ્રન હોસ્પિટલ ખાતે ન આ કેમ્પ માં ૧૫ થી વધુ દર્દીઓ એ લાભ લીધો હતો.- રાજ્યમાં એકમાત્ર પોરબંદરમાં તપસ્વી ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા અનોખી પહેલ કરવામાં આવી છે. જેમાં ખાનગી હોસ્પિટલમાં થતા રૂપિયા ૫૦૦૦ થી ૫૦,૦૦૦ ના સર્જીકલ કેમ્પ દર મહિને વિનામૂલ્યે કરવામાં આવશે. પ્રથમ કેમ્પમાં જ ૮૦ દર્દીઓના ઓપરેશનથી સફળ શરૂઆત કરવામાં આવી હતી ત્યાર બાદ અંતર્ગત આજે ૧૫ દર્દીઓ ના ઓપરેશન કરવામાં આવ્યા હતા

આ સર્જીકલ કેમ્પમાં કેમ્પમાં કાનની બૂટી સાંધવી, નખમાં ઈગ્રોનેલ, રસોળી અને કપાસી, ચામડી પરના મસા, થાઈમોસિસ એટલે કે પેશાબની આગળ વધતી ચામડી, વાઢીયા અને સ્તનની ગાંઠ જેવા ગંભીર સર્જીકલ ઓપરેશન દર મહિને વિનામૂલ્યે કરવામાં આવે છે આ સર્જીકલ કેમ્પમાં ઓપરેશન પૂર્વે અને પછીના તમામ લેબ રિપોર્ટ અને જરૂરી દવાઓ સ્થળ પર જ નિઃશુલ્ક આપવામાં આવે છે.

પોરબંદરમાં છેલ્લા ૧૫ વર્ષથી સેવાકાર્ય કરતી તપસ્વી ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા છાયા વિસ્તારમાં રાહતદરે દવાખાનું પણ કાર્યરત છે જેમાં રૂપિયા ૧૦૦ માં આખું વર્ષ નિષ્ણાંત ડોકટરોની તપાસ કરવામાં આવે છે જરૂરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી રહી છે.

તેમજ જરૂર જણાય તો દાખલ કરવામાં આવે છે

## વિસાવદરમાં સરદારભવન નવનિર્માણ મુહુર્તમાં ૧૧૧૧ કન્યાઓનું કરાશે શુકનવંતુ પુજન

### સરદારભવન નિર્માણ ખાત મુહુર્ત સાથે બિઝનેસ એકસપો અને લોકડાયરાની થશે જમાવટ

**અબતક,ગીજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદરઃ વિસાવદરની પવિત્ર ધરા પર આગામી તારીખ ૦૯ મે, ૨૦૨૬ ને શનિવારના રોજ ભકિત, શકિત અને સેવાના સમન્વય સમાન એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી કર્મવીર ચેરિટેબલ ટ્રસ્ટ-વિસાવદર, કર્મવીર સમિતિ-સુરત અને શ્રી પાટીદાર કર્મચારી મંડળ-વિસાવદરના સંયુકત ઉપક્રમે જૂનાગઢ રોડ સ્થિત 'સરદાર ભવન'ના નવનિર્માણનો ખાતમુહૂર્ત સમારોહ બપોરે ૩.૦૦ વાગ્યેથી યોજાશે. આ પ્રસંગે એક અદભૂત સંયોગ રચાવા જઈ રહ્યો છે, જેમાં આદરણીય શ્રીમતી અનારબેન પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં ૧૧૧૧ માતાજી સ્વરૂપ કન્યાઓનું જ્ઞાતિબંધુઓના પાવન હસ્તે પૂજન-અર્ચન કરવામાં આવશે અને માં ઉમાખોડલની ભવ્ય મહાઆરતી થશે.

કાર્યક્રમની રૂપરેખા મુજબ, નવનિર્મિત સરદાર ભવનનું શાસ્ત્રોક્ત વૈદિક વિધિથી મંગલ ખાતમુહૂર્ત કરવામાં આવશે, જે બાદ સમાજ શ્રેષ્ઠીઓ અને ઉદારમના દાતાશ્રીઓનો સન્માન સમારોહ યોજાશે. વિશેષ આકર્ષણ તરીકે પાટીદાર ઉદ્યોગ સાહસિકોના વિકાસ માટે ભવ્ય બિઝનેસ એક્સપોનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજની સભામાં લોકસાહિત્ય અને લોકસંગીતની સુરાવલીઓ સાથે ભવ્ય લોકડાયરો જામશે. આ તકે વિસાવદર તાલુકાના સમસ્ત પાટીદાર પરિવારો માટે શુકન સમાન લાપસીના પ્રસાદ સાથે સમૂહ ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. સેવા, સહકાર અને સંગઠન દ્વારા સમાજ ઉત્કર્ષના ધ્યેય સાથે આયોજિત આ ત્રિવેણી સંગમમાં સહભાગી થવા કર્મવીર પરિવાર દ્વારા સર્વે ભાવિકોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ઈડરઃ ગોરલ જિલ્લા પંચાયત બેઠક પર ભાજપના ઉમેદવારનો વિજય

### તાલુકા પંચાયતની ચારમાંથી ત્રણ પર કોંગ્રેસનો કબ્જો

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઈડરની ચોરીવાડ તાલુકા પંચાયત બેઠક પર ભાજપના ઉમેદવારે ૨૪૦૦ થી વધુની જંગી લીડ સાથે ભવ્ય વિજય મેળવી કોંગ્રેસના ઉમેદવારને પરાજીત કર્યો હતો અને ગોરલ જીલ્લા પંચાયત બેઠકમાં ભાજપ માત્ર એક બેઠક જીત્યું હોવા છતાં ભાજપના ઉમેદવારની ભવ્ય જીત થઈ હતી જેને કારણે ગોરલ જીલ્લા પંચાયતમાં ત્રણ બેઠકો કોંગ્રેસે જીતી હોવા છતાં પણ જીલ્લા પંચાયત કોંગ્રેસના ઉમેદવારને હારનો સામનો કરવો પડ્યો હતો.

ઈડર તાલુકામાં જીલ્લા પંચાયતની કુલ ૬ બેઠકો આવે છે અને આ છ બેઠક ભાજપે કબ્જે કરી લીધી છે ત્યારે આ ૬ બેઠકો પૈકીની એક બેઠક આવે છે ગોરલ જીલ્લા પંચાયત બેઠક હેઠળ ચાર તાલુકા પંચાયતની બેઠકો આવે છે જેમાં ગોરલ, મુડેટી, વસાઈ અને ચોરીવાડ બેઠકોના પરિણામ તો ગોરલ, મુડેટી, વસાઈ આ ત્રણ બેઠક પર કોંગ્રેસનો પંજો છવાઈ ગયો હતો અને માત્ર એક ચોરીવાડ બેઠક જ ભાજપ કબ્જે કરવામાં સફળ રહી હતીગોરલ જીલ્લા પંચાયત બેઠકનું ગણિત સમજીએ તો આ બેઠકમાં આવતી ચાર તાલુકા પંચાયતની બેઠકોમાંથી માત્ર એક બેઠક ભાજપ મેળવી શકી હતી અને ત્રણ બેઠકો કોંગ્રેસે આંચકીને ભાજપને માત આપી હતી છતાં પણ ગોરલ જીલ્લા પંચાયતના ભાજપના ઉમેદવાર દશરથ પરમાર ૨૪૦૦ થી વધુની લીડ સાથે ભવ્ય વિજય મેળવ્યો હતો જ્યારે કોંગ્રેસે ત્રણ તાલુકા પંચાયતની બેઠકો જીતી હોવા છતાં જીલ્લા પંચાયતનો કોંગ્રેસના ઉમેદવારને હારનો સ્વાદ ચાખવો પડ્યો હતો જ્યારે ગોરલ જીલ્લા પંચાયત બેઠક ભાજપે જીતી તેનો સમગ્ર શ્રેય માત્ર એક જ તાલુકા પંચાયતની બેઠક પરથી મળ્યો છે જે ચોરીવાડ બેઠક છે આ બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે ચોરીવાડ ગામના પાર્થ રમેશભાઈ પટેલ ચૂંટણી લડી રહ્યા હતા અને જેઓની સામે કોંગ્રેસ પાર્ટીમાંથી ચોરીવાડ ગામના જ વણઝારા સમાજના ઉમેદવારે ચૂંટણીના જંગમાં ઝંપલાવ્યું હતું. ભાજપના ઉમેદવાર પાર્થ પટેલ તાલુકાની ચૂંટણીમાં ૨૪૦૦ થી વધુની જંગી લીડ સાથે વિજય મેળવ્યો હતો અને ગોરલ જીલ્લા પંચાયતની બેઠક પણ ૨૪૦૦ થી વધુની લીડ સાથે જીત મેળવી હતી એટલે આ જીતનો સમગ્ર શ્રેય ચોરીવાડ તાલુકા પંચાયત બેઠકના ઉમેદવાર પાર્થ પટેલ અને તેમના કાર્યકરોને ફાળે ગયો હતો.

## ગાંધીધામ મહાપાલિકાની પ્રથમ ચૂંટણીમાં વિજેતાઓને ચેમ્બર દ્વારા અપાયો આવકાર

### નવા પદાધિકારીઓ પ્રજાની અપેક્ષાઓમાં ખરા ઉતરે તેવી શુભકામના પાઠવતા ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

રાજયભરની સ્થાનીક સ્વરાજય સંસ્થાની ચૂંટણીના પરિણામોમાં ભાજપના વિજય અને ગાંધીધામ મનપાની પ્રથમ ચૂંટણીના વિજેતાઓને ગાંધીધામ ચેમ્બર દ્વારા આવકારી પ્રજાની અપેક્ષા પર ખરા ઉતરવાની પદાધિકારીઓને શુભેચ્છા પાઠવી છે.

ચેમ્બરની દ્રષ્ટિએ આ વિજય માત્ર રાજકીય સફળતા નથી, પરંતુ શહેરો અને પ્રદેશોના સર્વાંગી વિકાસ માટેની મજબૂત પાયાની સ્થાપના છે. લોકોએ આપેલો વિશ્વાસ ભવિષ્યમાં સુશાસન, પારદર્શિતા અને વિકાસલક્ષી નિર્ણયો દ્વારા પૂર્ણ થશે તેવી ગાંધીધામ ચેમ્બર આશા વ્યક્ત કરે છે.

ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે જણાવ્યું હતું કે, રાજ્યભરમાં મળેલો આ વિજય લોકશાહી પ્રત્યે લોકોના અવિચળ વિશ્વાસનું પ્રતિબિંબ છે. ખાસ કરીને મહાનગરપાલિકાઓમાં પ્રાપ્ત થયેલી સફળતા શહેરોના વિકાસ માટે નવી દિશા દર્શાવે છે. આગામી સમયમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સુવિધાસભર શહેરી આયોજન અને ઉદ્યોગલક્ષી નીતિઓ દ્વારા વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રને નવી ગતિ મળશે.

ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકહિતને પ્રાથમિકતા આપી વિકાસને નવી ઊંચાઈએ લઈ જશે. ઉપ પ્રમુખ દિપકભાઈ પારેખ જણણાવ્યું હતુ કે, રાજ્યના સર્વાંગી વિકાસ માટે એક સુવર્ણ તક સમાન છે.

માનદ મંત્રી મહેશ તીર્થાણીએ તેમના અભિપ્રાયમાં જણાવ્યું હતું કે, આ વિજય માત્ર રાજકીય નહીં પરંતુ જનસેવાની પ્રતિબદ્ધતાનો પરિચય છે. લોકોની અપેક્ષાઓ ઊંચી છે અને તે પૂર્ણ કરવા માટે જવાબદારીપૂર્ણ અને પારદર્શક શાસન જરૂરી છે.

" ચેમ્બરના તમામ સભ્યો તરફથી પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# અમરેલીના માથાભારે જયંતિ પરમાર પાસા હેઠળ ધકેલાયો

**અબતક**
**હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લામાં શરીર સંબંધિત ગુનાઓમાં સંડોવાયેલા ઈસમ સામે જિલ્લા મેજિસ્ટ્રેટની મજૂરી મેળવી પોલીસ દ્વારા પાસા હેઠળ કાર્યવાહી કરીને તેને અટકાયત કરી સુરત મધ્યસ્થ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત તથા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીના માર્ગદર્શન હેઠળ અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. ઝાલાએ આરોપી વિરુદ્ધ પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલી હતી. મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ દ્વારા દરખાસ્તને મંજૂરી આપવામાં આવતા પાસા હેઠળ ઝડપાયેલ અમરેલી કુંકાવાવ જકાતનાકા, સુળીયાટીંબા રહેતો



૨૦ વર્ષીય આરોપી જયંતિ ઉર્ફે કાબો જગદીશભાઈ પરમારને અમરેલી એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર સી.પી. વાઘેલા તથા સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. ઝાલાના માર્ગદર્શન હેઠળ પોલીસ કોન્સ્ટેબલ રમેશભાઈ સીસારા, મહિલા હેડ કોન્સ્ટેબલ દયાબેન જસાણી તેમજ મહિલા પોલીસ કોન્સ્ટેબલ ધ્રુવિનાબેન સુરાણી અને રીનાબેન ધોળકિયા દ્વારા સુરત જિલ્લા જેલમાં ધકેલી આપ્યો છે.

# સાબરકાંઠામાં બસે વાનને ટક્કર મારતા ૬ મહિલાના મોત: ૮ ઘાયલ

## વાનમાં સવાર તમામ મહિલાઓ કેટરિંગના કામ માટે હિંમતનગરના હિંજ ગામે એક સામાજિક પ્રસંગમાં જઈ રહી હતી



**અબતક,**
**સંજય દિક્ષિત, સાબરકાંઠા**

હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે પર બુધવારે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. મોડાસાથી હિંમતનગર જઈ રહેલી એક વાનને પાછળથી પૂરઝડપે આવતી ખાનગી લક્ઝરી બસે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વાનમાં સવાર ૬ મહિલાઓના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે ડ્રાઈવર સહિત અન્ય ૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

નેશનલ હાઈવે ૪૮ પર, સાબરકાંઠા જિલ્લામાં બુધવારે બપોરે આ ઘટના બની. વાનમાં સવાર તમામ મહિલાઓ મોડાસાની હતી અને કેટરિંગના કામ (રસોઈ કામ) માટે હિંમતનગરના હિંજ ગામે એક સામાજિક પ્રસંગમાં જઈ રહી હતી. પૂરપાટ ઝડપે આવતી લક્ઝરી બસે વાનને પાછળથી એટલી જોરદાર ટક્કર મારી કે વાનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

ઈજાગ્રસ્તોને તાત્કાલિક હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જેમાં અમુકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ હાલ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

# વેરાવળના ખડખડમાં એલસીબીનો દરોડો: ૯૧૨ બોટલ વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયો

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**



વેરાવળના ખડખડ વિસ્તારમાં એલ.સી.બી. (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) દ્વારા દરોડો પાડી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે ૯૧૨ બોટલ વિદેશી દારૂ સહિત રૂ.૨.૨૫ લાખથી વધુનો મુદ્દામાલ સાથે એક બુટલેગરને ઝડપી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.જૂનાગઢ રેન્જના ડીઆઈજી પી રાજેન્દ્રસિંહ ચુડાસમા અને ગીર સોમનાથ પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે કડક પગલાં લેવા સૂચના અપાઈ હતી. આ સૂચનાના આધારે એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.વી. રાજપૂત અને તેમની ટીમે બાતમીના આધારે ખડખડ વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન, પોલીસે ૯૧૨ બોટલ વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો, જેની કિંમત રૂ.૧,૫૫,૯૫૨ થાય છે. આ ઉપરાંત, એક મોબાઈલ ફોન રૂ.૨૦ હજાર અને એક હોન્ડા એક્ટિવા રૂ.૫૦ હજારનું મળી કુલરૂ.૨,૨૫,૯૫૨ ના મુદ્દામાલ જપ્ત કરાયો છે. આ મામલે વેરાવળ શહેર પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે જીજ્ઞેશ મહેન્દ્રભાઈ સુયાણી ઉ.વ.૨૬ રહે. ખડખડને ઝડપી પાડ્યો છે. તપાસ દરમિયાન, દારૂનો મુખ્ય સપ્લાય વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સંજાણ ગામનો જયેશ માછી હોવાનું સામે આવ્યું છે. પોલીસ તંત્રના સૂત્રોએ જણાવ્યું હતું કે, જિલ્લામાં ગેરકાયદેસર દારૂના વેપાર પર અંકુશ મેળવવા માટે આગામી દિવસોમાં વધુ સઘન ચેકિંગ અને દરોડા પાડવામાં આવશે. આ કાર્યવાહીથી પ્રોહિબિશન કાયદાનું ઉલ્લંઘન કરનારા તત્વોમાં ભયનો માહોલ સર્જાયો છે.

# મુળી: મહાદેવગઢ પાસેથી વિદેશી દારૂ સાથે બેલડી ઝડપાઈ

## રસ્તા પર શરાબ કટીંગ કરતા સમયે પોલીસ ત્રાટકી: રૂ.૩૩૨૯૯૮નો મુદ્દામાલ કબ્જે

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

મુળી પોલીસે ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું જે દરમિયાન બાતમીના આધારે મુળી તાલુકાના મહાદેવગઢ ગામના પાટિયા થી સરા ગામ તરફ જવાના રસ્તા પર ઇંગ્લિશ દારૂનું કટીંગ થતું હોવાની હકીકતના આધારે રેઈડ કરી હતી.

જેમાં સ્થળ પર થી બે શખ્સો મેહુલ જેમાભાઈ છારદીયા, રહે.રાણીપાટ, તા. મુળી તથા મહીપતભાઈ ભવસંગ ભાઈ ઉર્ફે હકાભાઈ રાઠોડને ઇંગ્લિશ દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ ૨૬ કિંમત રૂ.૧૪૮૭૩ તથા ચપલા નંગ ૬૧ કિંમત રૂ.૭૬૨૫, બિયર ટીન નંગ ૦૪ કિંમત રૂ.૫૦૦ સહિત કૂલ રૂ.૨૨,૯૯૮ તેમજ બોલેરો ગાડી કિંમત રૂ.૧૦ લાખ, ટ્રેક્ટર કિંમત રૂ.૨૦ લાખ, ૦૨ મોબાઈલ કિંમત રૂ.૧૦,૦૦૦ સહિત કૂલ રૂ.૩,૩૨,૯૯૮ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તેમજ ઝડપાયેલ શખ્સોની પુરછપરછ કરતા ઇંગ્લિશ દારૂનો જથ્થો મંગાવનાર રામદેવસિંહ ગજુભા ઝાલા, રહે. રાયસંગપર, બોલેરો પિકઅપનો માલિક, ઈંગ્લિશ દારૂનો જથ્થો ભરી આપનાર અને કારમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી જનાર અજાણ્યો શખ્સ સહિતનાઓની સંડોવણી બહાર આવતા તમામ વિરુદ્ધ મુળી પોલીસ મથકે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચોટીલાના નવાગામના શખ્સને ચેક રિટર્ન કેસમાં ૧ વર્ષની સાદી કેદ

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

વઢવાણ ૮૦ ફૂટ રોડ પર આવેલ ક્રેડિટ કો.ઓપ.સોસાયટી માંથી ચોટીલાના નાવા ગામના સભાસદે નિયમ મુજબ લોન અને ધિરાણ લીધા બાદ તેની ભરપાઈ નહી કરતા બેંકને લેણી નિકળતી રકમનો ચેક આપ્યો હતો. જે ચેક અપુરતા બેલેન્સને કારણે બાઉન્સ થતા કો.ઓપ.બેંક દ્વારા સભાસદ સામે સુરેન્દ્રનગર જ્યુડિશિયલ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. જે તાજેતરમાં ચાલી જતા કોર્ટ દ્વારા દોષિત સભાસદને ૦૧ વર્ષની સાદી કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકારતો ચુકાદો આપ્યો છે. આ અંગે મળતી માહિતી મુજબ વઢવાણ ૮૦ ફૂટ રોડ પર આવેલ જય ચામુંડા ક્રેડિટ કો.ઓપ. સોસાયટીમાંથી ચોટીલા તાલુકાના નાવા ગામે રહેતા સભાસદ ટરમટા રાયધનભાઈ જીવાભાઈએ નિયમ મુજબ વર્ષ ૨૦૨૩માં કૂલ ૦૩ લાખની લોન લીધી હતી અને લોન લેતી વખતે માસિક હપ્તા લેખે ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ સભાસદ દ્વારા નિયમિત માસિક હપ્તા નહીં ભરતા ક્રેડિટ કો.ઓપ. સોસાયટીના જવાબદાર અધિકારી દ્વારા અનેક વખત બાકી નિકળતી રકમ ચુકવી જવાનું જણાવતા સભાસદે રૂ.૩,૦૪,૯૦૦ ની બાકીની રકમનો ચેક ફેબ્રુઆરી ૨૦૨૫ની તારીખનો આપ્યો હતો. જે ચેક આપેલ તારીખે જમા કરાવતા સભાસદના ખાતામાં પૂરતું બેલેન્સ નહી હોવાથી ચેક બાઉન્સ થયો હતો. આથી કો.ઓપ.સોસાયટીના જવાબદાર વ્યકિત સંજયસિંહ મંગળસિંહ વાઘેલાએ વકીલ મારફતે બાકીની રકમ ચૂકવવા નોટિસ આપી હતી. પરંતુ તેમ છતાંય સભાસદ દ્વારા બાકીની રકમ નહી ચૂકવતા અંતે એપ્રિલ ૨૦૨૫માં સુરેન્દ્રનગર જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. જે તાજેતરમાં ચાલી જતા કોર્ટના જજ દ્વારા સભાસદ ટરમટા રાયધનભાઈ જીવાભાઈને દોષિત ઠેરવી ૦૧ વર્ષની સાદી કેદની સજા અને રૂ.રૂ.૩,૦૪,૯૦૦ નો દંડ વળતર પેટે ફરિયાદીને ચૂકવવાનો હુકમ કર્યો છે.

# પાટડીના ભોજવા ગામ પાસે એસ.ટી. બસ અને કાર વચ્ચે અકસ્માત

## ખારાઘોડા-અમદાવાદ રૂટની એસ.ટી. બસ અકસ્માત બાદ રોડની સાઈડમાં ખાબકી: હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા સદનસીબે જાનહાની ટળી



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

પાટડી તાલુકાના ભોજવા ગામ પાસે ખારાઘોડા-અમદાવાદ રૂટની એસ.ટી. બસ અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા અફરાતફરી જવા પામી હતી. જયારે અકસ્માત બાદ એસ.ટી. બસ રોડની સાઈડમાં ખાબકી હતી.આ અકસ્માતમાં કારને મોટાપાયે નુકસાન પહોંચ્યું હતું. જો કે સદનસીબે કોઈ જાનહાનિ નહી સર્જાતા મોટી દુર્ઘટના ટળી હતી. આ અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે આ બનાવની જાણ થતાં પાટડી પોલીસ ટીમ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી. ઘટના સ્થળે ઉપસ્થિત પ્રત્યક્ષદર્શીના જણાવ્યા મુજબ કાર પુરઝડપે આવી રહી હોવાથી કારના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો અને અકસ્માત સર્જાયો હતો.

# પડધરીના યુવક પર ન્યારા ગામે પાનના ગલ્લા પાસે છરીથી જીવલેણ હુમલો

## યશને કોઈ કારણોસર ત્રણ શખ્સો સહિતના ટોળાએ સાથળના ભાગે છરીના ઘા ઝીંક્યા, પોલીસે તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના નાની અમરેલી ગામના એક ૧૮ વર્ષીય યુવક પર ન્યારા ગામ પાસે જૂની અદાવત અથવા અન્ય કોઈ કારણોસર ત્રણ શખ્સો સહિતના ટોળાએ છરી વડે હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. લોહીલુહાણ હાલતમાં યુવકને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પડધરીના નાની અમરેલી ગામમાં રહેતો યશ રમેશભાઈ મકવાણા (ઉ.વ. ૧૮) ગઈકાલે રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં ન્યારા ગામ પાસે આવેલા બજરંગ પાન પાસે ઉભો હતો. આ દરમિયાન લકી, આર્યન અને કેશુભાઈ નામના શખ્સો તથા તેમની સાથેના અન્ય માણસો ત્યાં ધસી આવ્યા હતા. કોઈ અગમ્ય કારણોસર આ શખ્સોએ યશ સાથે ઉગ્ર બોલાચાલી કરી ઝઘડો શરૂ કર્યો હતો. મામલો બિચકતા ઉશ્કેરાયેલા શખ્સોએ યશ પર હુમલો કરી તેના સાથળના ભાગે છરીના ઝીંકી દીધા હતા. હુમલા બાદ હુમલાખોરો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યશને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે હોસ્પિટલ ચોકી દ્વારા પડધરી પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે કયા કારણોસર હુમલો થયો તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

# ચેક રિટર્ન કેસમાં ફરાર શખ્સને પેરોલ ફર્લો સ્કવોર્ડે અમરેલીમાંથી દબોચી લીધો

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

રાજકોટની આઠમા એડી. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા જાહેર કરાયેલા પકડ વોરંટમાં ફરાર આરોપીને અમરેલી પોલીસે ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પેરોલ-ફર્લો સ્કવોર્ડ દ્વારા હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેકિનકલ સોર્સના આધારે આ કામગીરી પાર પાડવામાં આવી હતી.અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત અને ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીના માર્ગદર્શન હેઠળ આ કામગીરી કરવામાં આવી હતી. અમરેલી ચિતલ રોડ પર રહેતો નેગો. એક્ટના કેસમાં ફરાર હીતેષભાઈ વીનુભાઈ પરમાર ઉં.વ.૪૯ સામે રાજકોટ કોર્ટમાં



નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ ૧૩૮ હેઠળ કેસ નોંધાયેલ હતો. આરોપી લાંબા સમયથી પકડ વોરંટમાં ફરાર હતો. પેરોલ-ફર્લો સ્કવોર્ડના પો.સબ ઈન્સ્પેક્ટર એન.જી. સાપરાના સુપરવિઝન હેઠળ ટીમે અમરેલી ટાઉન વિસ્તારમાંથી આરોપીને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ આગળની કાર્યવાહી માટે તેને અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે.

# મેટોડામાં ૧૦ વર્ષની બાળકીનું રહસ્યમય તાવ અને પેટના દુખાવા બાદ મોત

## બે દિવસ તાવ આવ્યા બાદ પૂર્વીશાએ સારવારમાં દમ તોડ્યો, પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક, રાજકોટ**

રાજકોટ નજીક આવેલ મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં ૧૦ વર્ષીય બાળકીનું બે દિવસ તાવ આવ્યા બાદ મોત નીપજ્યું છે. રહસ્યમય તાવ અને પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યા બાદ સારવાર મળે તે પૂર્વે જ માસૂમ બાળકીએ જીવ ગુમાવતા પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે.પ્રાપ્ત વિગતો મુજબ, મોટી પાનેલી ગામના વતની અને હાલ મેટોડા જીઆઈડીસીની સનરાઈઝ સોસાયટીમાં રહી મજૂરી કામ કરતા મહેશભાઈ બગડાની પુત્રી પૂર્વીશા (ઉં.વ. ૧૦) ને છેલ્લા બે-ત્રણ દિવસથી સામાન્ય તાવ આવતો હતો. દરમિયાન ગત રોજ તેને અચાનક પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. તબિયત વધુ લથડતા તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલા જ માસૂમ પૂર્વીશાનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક પૂર્વીશાના પિતા મહેશભાઈ મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. પૂર્વીશા એક ભાઈ અને બે બહેનોમાં સૌથી નાની અને લાડકી હતી. અચાનક જ ઘરની નાની પુત્રીનું મોત થતા શ્રમિક પરિવારમાં શોક છવાઈ ગયો છે. હાલમાં બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ ઝેરી તાવથી મોત થયું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

# ધ્રાંગધ્રાના કોંઢ ગામ પાસે ઈકો કાર કેનાલમાં ખાબકી: મહિલાનું મોત

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા તાલુકાના કોંઢ ગામ નજીક નર્મદા કેનાલ ખાતે ગત દિવસે દુર્ઘટનાજનક અકસ્માત સર્જાયો હતો, જેમાં ઈકો કાર કેનાલમાં ખાબકતાં એક મહિલાનું મોત નિપજ્યું હતું, જ્યારે તેમના પતિનો ચમત્કારિક રીતે બચાવ થયો હતો મળતી માહિતી મુજબ, હળવદ વિસ્તારના રહેવાસી દંપતી મુકેશભાઈ છગનભાઈ રાઠોડ અને તેમની પત્ની કમુબેન રાઠોડ કલ્યાણપુર ગામે ઘઉં લેવા ગયા હતા ઘઉં લઈને પરત ફરી રહ્યા હતા તે દરમિયાન કોંઢ ગામ નજીક નર્મદા કેનાલ પાસેથી પસાર થતા સમયે અચાનક કારના સ્ટીયરિંગ પરનો કાબુ ગુમાતા ઈકો કાર સીધી કેનાલમાં ખાબકી હતી આકસ્મિક ઘટનામાં મુકેશભાઈ રાઠોડનો સદનસીબે આબાદ બચાવ થયો હતો, પરંતુ તેમની પત્ની કમુબેન કેનાલના પાણીમાં ડૂબી જતા તેમનું દુઃખદ અવસાન થયું હતું ઘટનાની જાણ થતા જ ધાંગધ્રા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી સ્થાનિક સેવાભાવી લોકોની મદદથી લાંબા સમય સુધી ચાલેલા રેસ્કયૂ ઓપરેશન બાદ ઈકો કારને બહાર કાઢવામાં આવી હતી તેમજ મહિલાનો મૃતદેહ પણ બહાર લાવવામાં આવ્યો હતો આ બનાવને પગલે વિસ્તારમાં શોકનો માહોલ ફેલાયો છે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે અને અકસ્માતના ચોક્કસ કારણો જાણવા પ્રયત્નો શરૂ કર્યા છે.

# પડધરીના થોરિયાળી ગામમાં બાઈક આડે ખૂંટિયો ઉતરતા યુવકનું મોત

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના થોરિયાળી ગામમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત જોવા મળી રહ્યો છે, જેમાં મોટરસાયકલ આડે ખૂંટિયો ઉતરી આવતા સર્જાયેલા આ અકસ્માતમાં ૧૮ વર્ષીય યુવકનું ચાલુ સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ, થોરિયાળી ગામમાં રહેતા અને ખેતીકામ કરી પરિવારને મદદરૂપ થતા ઉમેશભાઈ મગનભાઈ ડાભી (ઉં.વ. ૧૮) ગત તા. ૨૫ એપ્રિલના રોજ પોતાની વાડીએથી કામ પતાવી મોટરસાયકલ પર ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન ગામ પાસે અચાનક ખૂંટિયો બાઈક આડે ઉતરતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઉમેશભાઈને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અહીં પાંચ દિવસની ટૂંકી સારવાર બાદ આજે ઉમેશભાઈએ અંતિમ શ્વાસ લેતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ઉમેશભાઈ બે ભાઈ અને બે બહેનોમાં સૌથી મોટા અને અપરિણીત હતા પોતે ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. બનાવ અંગેની જાણ થતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગામના એક આશાસ્પદ યુવાનના અકાળે અવસાનથી થોરિયાળી ગામમાં પણ અરેરાટી વ્યાપી ગઈ છે.

# સાબરકાંઠાના બાબસર ગામે મકાનમાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટ: સદનસીબે જાનહાનિ ટળી

## ઘરવખરી બળીને ખાખ થતા મોટું નુકશાન ફાયર વિભાગે આગ પર મેળવ્યો કાબુ

**અબતક સંજય દીક્ષિત સાબરકાંઠ**



સાબરકાંઠા વડાલી ના બાબસર ગામે ઘરના મકાન ગેસની બોટલ બ્લાસ્ટ થતા ભયંકર આગ લાગી હતી અને અફડાતફડી સર્જાણી હતી અને સ્થાનિક લોકો દ્વારા ફાયર વિભાગ ને જાણ કરતા પોલીસ અને ફાયર વિભાગ આગ પર કાબુ મેળવ્યો હતો. આ અંગે મળતી માહિતી મુજબ વડાલી ના બાબસર ગામે રહેતા જયંતીભાઈ રામભાઈ ને ઘરના મકાન માં ગેસ નું સિલિન્ડર બ્લાસ્ટ થતા આગ ભભૂકી હતી અને બ્લાસ્ટ ના ભયંકર અવાજ થી આસપાસ ના લોકો દોડી ગયા હતા અને ફાયર વિભાગ અને પોલીસ ટીમ ને જાણ કરતા તરવરે ફાયરની ટીમો ઘટના સ્થળે પહોંચી હતી અને પાણી નો મારો ચલાવી અને આગ પર કાબુ મેળવ્યો હતો.સદનસીબે કોઈ જાનહાનિ થયેલ નથી અને સિલિન્ડર બ્લાસ્ટ થયા ઘરની સામગ્રી બળી ને ખાખ થઈ જતા મોટું નુકશાન થયું હતું અને પતરા ના મકાનમાં પણ મોટું નુકશાન હતું

# જેતપુરમાં જુગાર રમતી નવ મહિલા ઝડપાઈ

## ઉપલેટામાં જુગટુ રમતા છ પતા પ્રેમી રૂ.૧૦ હજાર સાથે ઝડપાયા

**અબતક રાજકોટ**

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, જેતપુર ઉદ્યોગ નગર પોલીસ ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, બળદેવ નિશાળની પાછળ મહિલાઓ જાહેરમાં જુગાર રમી રહી છે. પોલીસે જુગારનો દરોડો પાડી બળદેવ ધારની ઢેલીબેન રાણાભાઈ ઓડેદરા, શાંતાબેન કેશુભાઈ વાઘેલા, કસ્તુરબેન રવજીભાઈ પરમાર, જાનુબેન હરજીભાઈ વિશપરી, ચંદ્રિકાબેન બાબુભાઈ મકવાણા, રજીયાબેન હબીબભાઈ ઠેબા, કૈલાશબેન જયેશભાઈ ડાભી, જશીબેન હીરાભાઈ સોલંકી અને મધુબેન રમેશભાઈ ભખોતરા નામની મહિલાઓને ઝડપી લઈ,જુગારના પટ માંથી ચાર હજારની રોકડ જેતપુર ઉદ્યોગનગર પોલીસની ટીમે કબ્જે કરી છે.

જ્યારે જુગારનો બીજો દરોડો ઉપલેટા પોલીસની ટીમે બાતમીના પગલે દુનિયાના ટોલનાકા પાસે ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ સામે આવેલા સ્વસ્તિક નામના કારખાનાની પાછળ જુગારનો દરોડો પાડી,જુગાર રમતો મિરાજ હસમુખભાઈ ફળદુ ,અભય કાળાભાઈ વશેરા, સરફરાજ કાળાભાઈ સોલંકી ,કમલેશ ઉર્ફે ભલો ગોગનભાઈ કુવારદા, અલ્ફાજ સલીમભાઈ આમદાણી અને આશિક સ્માઈલભાઈ લાખા નામના શખ્સોને રૂ.૧૦ હજારની રોકડ સાથે ઝડપી લીધા છે.

# અમરેલીમાં છેતરપિંડીના ગુનામાં ફરાર આરોપીને ઝડપી પાડતી એલ.સી.બી.

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી શહેર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપીંડીના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને અમરેલી એલ.સી.બી.ની ટીમે ઝડપી પાડ્યો છે.

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત તથા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર સી.પી. વાઘેલાની આગેવાનીમાં ટીમ દ્વારા બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે કાર્યવાહી હાથ ધરી હતી. તપાસ દરમિયાન અમરેલી સીટી પોલીસ સ્ટેશનના ગુનામાં સંડોવાયેલ અને ધરપકડ ટાળવા માટે છેલ્લા એક વર્ષથી ફરાર મૂળ કમાલપુર, તા.ચાણસ્મા, જિ. પાટણનો રહેવાસી અને હાલ સુરત જિલ્લાના કઠોર ગામ વિસ્તારમાં રહેતો પૃથ્વીરાજ અમથાભાઈ ચૌધરી (ઉ.વ.૭૨)ને શોધી કાઢી આગળની કાર્યવાહી માટે અમરેલી સીટી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.



પકડાયેલ આરોપી સામે છેતરપિંડીની અલગ-અલગ કલમો હેઠળ ગુન્હો નોંધાયો હતો.

# મોરબીમાં હોટલ સંચાલકને મરવા મજબૂર કરનાર ૭ વ્યાજખોર સામે ગુનો દાખલ

## ૧૧ વિઘા ખેતર, સોનાના દાગીના વેચી ૩૭ લાખ સામે ૭૫ લાખથી વધુ વ્યાજ ચૂકવ્યા છતાં પઠાણી ઉઘરાણી અને ધમકીઓ આપતા

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

મોરબીના આલાપ રોડ વિસ્તારમાં રહેતા હોટલ સંચાલક પિતા-પુત્રએ ધંધા માટે ઊંચા વ્યાજે લીધેલા રૂપિયા બાબતે વ્યાજખોરો દ્વારા સતત પઠાણી ઉઘરાણી અને ધમકીઓના કારણે હોટલ સંચાલક પિતાએ માનસિક ત્રાસથી કંટાળી આત્મહત્યા કરી લીધી હતી. વ્યાજખોરો પાસેથી વ્યાજે લીધેલા રૂ.૩૭ લાખ, ખેતર અને સોનાના દાગીના વેચીને ૭૫ લાખથી વધુ રૂપિયા ચૂકવ્યા છતાં આરોપીઓ દ્વારા પઠાણી ઉઘરાણી ચાલુ રાખવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

મળતી વિગતો મુજબ, મોરબીના આલાપ રોડ ઉપર તિરૂપતિ સોસાયટીમાં રહેતા નિરવભાઈ અશ્વિનભાઈ બોપલીયાએ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકે ૭ વ્યાજખોરો જેમાં (૧)ઈમરાનભાઈ ગુલામભાઈ માડકીયા રહે. મોરબી, (૨)અજયભાઈ ભટ્ટ રહે. વાઘપરા મોરબી, (૩)ગીરીરાજસિંહ ગોહીલ મોરબીમાં રવાપર રોડ જીટીપીએલની ઓફીસ ધરાવતા રહે.રાજકોટ, (૪)ભરત રબારી રહે.થોરાળા તા.જી.મોરબી, (૫)અજીતભાઈ જેસંગભાઈ રાઠોડ રહે.ન્યુ હાઉસીંગ બોર્ડ મોરબી, (૬)વિપુલ જેસંગભાઈ રાઠોડ રહે. નવલખી રોડ મોરબી તથા (૭)કિશનભાઈ રબારી રહે.મકનસર તા.જી.મોરબી વાળા સામે ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદ અનુસાર, નિરવભાઈ અને તેમના પિતા અશ્વિનભાઈએ મોરબીમાં મોમ્સ નામની હોટલ ચલાવતા હતા અને ધંધા માટે ઉપરોક્ત વ્યાજખોર આરોપીઓ પાસેથી ૪ ટકાથી લઈને ૩૦ ટકા સુધીના વ્યાજ દરે કુલ ૩૭.૫૦ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. આ રકમ સામે આશરે ૭૫ લાખથી વધુ વ્યાજની રકમ પેટે ચુકવી દીધી હતી, આ માટે ૧૧ વિઘા જમીન તેમજ સોનાના દાગીના વેચવા પડ્યા હતા.

છતાં આરોપીઓ દ્વારા સતત વધુ રકમની માંગણી, પઠાણી ઉઘરાણી અને ફોન પર ધમકીઓ આપવામાં આવતી હતી.

વ્યાજખોરોએ કોરા સહી કરેલા ચેક, મકાનનો દસ્તાવેજ તેમજ મોબાઈલ ફોન પણ પોતાના કબ્જામાં રાખ્યા હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ છે. જેથી સતત માનસિક ત્રાસ અને દબાણને કારણે ફરિયાદી નિરવભાઈના પિતા અશ્વિનભાઈએ ગત તા.૨૩ એપ્રિલના રોજ પોતાના નિવાસસ્થાને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. હાલ મોરબી સીટી એ ડિવિઝન પોલીસે સાતેય આરોપીઓ વિરુદ્ધ બીએનએસ તથા ગુજરાત નાણા ધીરધાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માળિયા (મી) નજીક ટ્રક પાછળ બસ અથડાતા ત્રણ ઈજાગ્રસ્ત

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

માળીયા(મી) નજીક કંડલા-મોરબી હાઈવે પર બંધ હાલતમાં આડસ અને રીફલેક્ટર મૂકી ઉભેલ ટ્રકની પાછળ ખાનગી ટ્રાવેલ્સની બસ અથડાતા અકસ્માત સર્જાયો હતો. બનાવમાં બે મુસાફરો ઈજાગ્રસ્ત થયા જેમાં એક યુવાનને આંખ, નાક અને જડબામાં ગંભીર ઈજા થતા પ્રથમ સામખીયારી, મોરબી બાદ રાજકોટ હોસ્પિટલમાં ખસેડતા જ્યાં યુવકનું આંખ અને નાક પાસે ઓપરેશન કરવું પડ્યું હતું. હાલ ઈજાગ્રસ્તના મોટાભાઈની ફરિયાદને આધારે માળીયા(મી) પોલીસે બસ ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, માળીયા(મી) નજીક કંડલા-મોરબી નેશનલ હાઈવે ઉપર દેવ સોલ્ટ સામે ગત તા.૧૨/૦૪ની રાત્રીના સમયે જાનકી ટ્રાવેલ્સ નામની ખાનગી બસ રજી.નં. જીજે-૦૩-એડબલ્યુ-૯૯૮૦ રોડ સાઈડમાં આડસ અને રીફલેક્ટર મૂકીને ઉભેલ ટ્રક રજી.નં. જીજે-૩૭-ટી-૧૫૪૫ના પાછળના ભાગે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં રાજકોટના જયભાઈ હદવાણીને આંખ, નાક અને જડબાના ભાગે ગંભીર ઈજાઓ સાથે મલ્ટીપલ ફ્રેક્ચર થયું હતું, જ્યારે અન્ય મુસાફર હરવીજયસિંહ ગોહીલને સામાન્ય ઈજા પહોંચી હતી.

ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે મોરબી સિવિલ હોસ્પિટલ બાદ વધુ સારવારમાં રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં જયભાઈએ પોતાની એક આંખની આજીવન દ્રષ્ટિ ગુમાવી હતી, હાલ ઈજાગ્રસ્ત યુવકના મોટાભાઈ નિરજભાઈ અરવિંદભાઈ હદવાણી ઉવ.૩૧ રહે.અંબિકા ટાઉનશીપ જીવરાજ પાર્ક રાજકોટ વાળાની ફરિયાદને આધારે માળીયા(મી) પોલીસે આરોપી બસ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઘુંટુ ગામ નજીક પાર્થ હોટલના મેનેજર વિરુદ્ધ જાહેરનામાભંગનો ગુનો નોંધાયો

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના ઘુંટુ ગામ નજીક હળવદ રોડ ઉપર આવેલી પાર્થ હોટલમાં પથિક સોફ્ટવેરનો ઉપયોગ ન કરાતા એસઓજી પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરી છે. હોટલમાં આવતા મુસાફરોની એન્ટ્રી માત્ર રજીસ્ટરમાં કરી, ઓનલાઈન પથિક સોફ્ટવેરમાં નોંધ ન કરવામાં આવી, જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરનાર આરોપી હોટલ મેનેજર વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મોરબી એસઓજી ટીમ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન ઘુંટુ ગામની સીમમાં હળવદ રોડ પર આવેલી પાર્થ હોટલમાં તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન હોટલના મેનેજર સુરવિરસિંહ નરેન્દ્રનાથ ચૌહાણ ઉવ.૨૯ હાલ રહે.ઘુંટુ ગામની સીમમા પાર્થ હોટલ તા.જી.મોરબી મુળગામ ઉલપુર મગરા પાછલા જી.રાજસમંદ રાજસ્થાન વાળા દ્વારા હોટલમાં ઉતરતા મુસાફરોની એન્ટ્રી રજીસ્ટરમાં તો કરવામાં આવતી હતી, પરંતુ પથિક સોફ્ટવેરમાં કોઈ એન્ટ્રી કરવામાં આવતી ન હોવાનું સામે આવ્યું હતું. જેથી જાહેરનામા ભંગ બદલ પાર્થ હોટલના મેનેજરને નોટિસ આપી સમજણ કરાવી બીએનએસ કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના કુલીનગર-૧માં ઘર પાસે પાર્ક કરેલ બાઈકની ચોરી

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

મોરબીના વીસીપરા વિસ્તારમાં આવેલા કુલીનગર-૧માં ઘર આગળ પાર્ક કરેલ બાઈકની ચોરી થયા અંગે અત્રેના બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવતા, પોલીસે આરોપી અજાણ્યા વાહન ચોર વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, મોરબીના વીસીપરા વિસ્તારના કુલીનગર-૧માં રહેતા સમસુદ્દીનભાઈ અકબરભાઈ પઠાણ ઉવ.૨૪એ હિરો સ્પ્લેન્ડર પ્લસ બાઈક રજી.નં. જીજે-૩૬-એક્યુ-૨૭૮૦ ચોરી થયા અંગે નોંધાવેલ ફરિયાદ મુજબ, ગત તા ૨૮/૦૪ના રોજ ફરિયાદી પોતાના હવાલા વાળું મોટર સાયકલ લઈને કારખાનેથી પરત આવીને ઘરની બહાર પાર્ક કર્યું હતું, જે બાઈક બીજે દિવસે સવારના ઘર પાસે જોવામાં ન આવતા, બાઈક અંગે આજુબાજુમાં શોધખોળ કરી પરંતુ સ્પ્લેન્ડર પ્લસ બાઈક ન મળતા, પ્રથમ ઈ-એફઆઈઆર બાદ બી ડિવિઝન પોલીસ મથકમાં રૂબરૂ ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે અજાણ્યા વાહન ચોર વિરુદ્ધ ગુનો નોંધી આગલની તપાસ ચલાવી છે.

# મોરબીમાં સિમ્પોલો કારખાનામાં ફોર્કલિફ્ટ નીચે દબાઈ જતા કર્મચારીનું મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના જુના ઘુંટુ રોડ પર આવેલી સિમ્પોલો સિરામિક કંપનીમાં કામ દરમિયાન ફોર્કલિફ્ટ મશીન પલ્ટી જતા વેરહાઉસ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા કર્મચારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

મોરબી તાલુકાના જુના ઘુંટુ રોડ ઉઓર આવેલ સિમ્પોલો સીરામીકમાં રહેતા મૂળ નાગલા કાશી ઉત્તર પ્રદેશના રહેવાસી ઘનશ્યામ મદનમોહન ઉવ.૨૩ કે જે કંપનીમાં વેરહાઉસ ઈન્ચાર્જ તરીકે કામ કરતા હતા. ગત તા. ૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ તેઓ કારખાનામાં ટાઈલ્સ ઉપાડવાના ફોર્કલિફ્ટ મશીન સાથે કામ કરતા હતા ત્યારે અચાનક મશીન પલ્ટી મારી જતા તેઓ તેના નીચે દબાઈ ગયા હતા, જેના કારણે કમરથી નીચેના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તા. ૧૨ એપ્રિલે ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# આદિપુરમાં લિફ્ટ આપવાના બહાને છરીની અણીએ રૂ.૨.૪૫ લાખની લુંટ

## યુવાન વેપારી પાસે રોદણા રોઈ મહિલાએ ગાડીમાં બેસી જુમાપીર પાસે ગુનાને અંજામ આપ્યો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

આદિપુરમાં એક મહિલાએ કારચાલક વેપારી પાસેથી લિફ્ટ માંગી પોતે પરેશાન હોવાનું કહી આગળ જઈ પોતાના સાગરિતને બોલાવી આ વેપારી પાસેથી રૂા. ૨,૪૫,૦૦૦ની મતાની છરીની અણીએ ધોળા દિવસે લૂંટ ચલાવી હતી. વરસામેડીની બાગેશ્રી ટાઉનશિપ-બેમાં રહી ગાંધીધામ સુભાષનગર પાસે ડી.સી.-બેમાં ગુપ્તા પ્લાયવૂડ નામની દુકાન ચલાવતા શનિ ગુપ્તા જોગીન્દ્ર પાલ ગુપ્તા નામનો યુવાન વેપારી આ બનાવનો ભોગ બન્યો હતો. આ વેપારી ગત તા. ૧૯/૪ના બપોરે કાર નંબર એચઆર-૦૫-એઝેડ-૬૧૭૦ લઈને પોતાના ઘર બાજુ જવા નીકળ્યો હતો. આ ફરિયાદી આદિપુરમાં નર્મદા ભવન પાસે પહોંચતાં અચાનક ગાડી આગળ મોઢે દુપટ્ટો બાંધેલી ૨૫થી ૩૦ વર્ષીય એક મહિલા આવી ગઈ હતી, જેથી ફરિયાદી યુવાને કેમ આવું કર્યું તેવું કહેતાં મહિલા રડવા લાગી હતી અને ખૂબ પરેશાન છું. મારી પાસે ભાડાંના પૈસા નથી, મને ઘરમાંથી કાઢી મૂકી છે અને જુમાપીર ફાટક ઉતારી દેવાનું કહેતાં વેપારીએ માનવતા બતાવી તેને ગાડીમાં બેસાડી હતી અને જુમાપીર ફાટક આગળ મેદાન પાસે પહોંચી ઊતરી જવાનું કહ્યું હતું. દરમિયાન, રસ્તામાં મહિલાએ કોઈને ફોન કર્યો હતો. મેદાન પાસે ગાડી ઊભી રહેતાં એક શખ્સ બાઈક લઈને ત્યાં પહોંચી ગાડીમાં પાછળ બેસી ગયો હતો અને છરી કાઢી વેપારીનાં ગળાં પર છરી રાખી દીધી હતી અને તેણે પહેરેલી સોનાની ચેન ખેંચી લીધી હતી. વેપારીએ ગાડીને ટેસ આપતાં ગાડી ભગાડી હતી અને ત્યાં મેદાનમાં ક્રિકેટ રમતા છોકરાઓને રાડારાડ કરી બોલાવતાં તેઓ ત્યાં આવી પહોંચ્યા હતા અને એક મહિલા, શખ્સે પોતાને લૂંટી લીધો હોવાની વાત કરી હતી. આ બંને ગાડીમાંથી ઊતર્યા બાદ આરોપી શખ્સે ફરિયાદીનો મોબાઈલ તેની સામે ફેંક્યો હતો અને મારા વિશે કિડાણામાં કોઈને પૂછી લેજે કે કાસમ ચાવડા કોણ છે. ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આવા કેટલાય ગુના મારા પર દાખલ થયેલા છે, તેવી ધમકી આપી હતી. દરમ્યાન ફરિયાદીએ આ શખ્સની બાઈક નંબર જીજે-૩૯-એચ-૬૫૫૨ના તથા આ બંનેના ફોટા પાડી લીધા હતા. આ બેલડીએ વેપારી યુવાન પાસેથી સોનાની ચેન, રોકડ રૂા. ૧૫,૦૦૦ એમ કુલ ૨,૪૫,૦૦૦ની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. ૧૦ દિવસ અગાઉ બનેલા આ બનાવ અંગે ગતરોજ પોલીસે ગુનો નોંધતાં અનેક તર્કવિતર્ક વહેતા થયા હતા. ધોળા દિવસે લૂંટના આવા બનાવને પગલે ભારે ચકચાર પ્રસરી હતી.

# મોરબી-માળીયા-વનાળીયા સોસાયટીમાં મહિલાના ઘરેથી ૧૨૦ લીટર દેશી દારૂ ઝડપાયો

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

મોરબી-૨ વિસ્તારમાં પૂર્વ બાતમીને આધારે બી ડિવિઝન પોલીસે માળીયા-વનાળીયા સોસાયટીમાં દરોડો પાડી મહિલાના રહેણાંકમાંથી ૧૨૦ લીટર દેશી દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો. દરોડા દરમિયાન આરોપી મહિલા સ્થળ ઉપર મળી આવી ન હોવાથી તેણીને ફરાર જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે માળીયા-વનાળીયા સોસાયટીમાં આરોપી મહિલા મુસ્કાનબેન અબ્બાસભાઈ કટીયાના રહેણાંક મકાનમાં રેઈડ કરતાં જ્યાં ચાર પ્લાસ્ટિકના બાચકામાં કુલ ૧૨૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૨૪,૦૦૦/- મળી આવ્યો હતો. દરોડા દરમિયાન આરોપી મહિલા સ્થળ પર હાજર મળી આવી ન હતી, જેથી તેને ફરાર જાહેર કરી બી ડિવિઝન પોલીસે પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેરના વિનયગઢમાં પિતાએ ખેતરમાં છાંટવા રાખેલી દવા પુત્ર પી જતા મોત

## આશાસ્પદ યુવાને અજાણતા દવા પી જવાથી સારવારમાં દમ તોડ્યો, પરિવારમાં શોક

**અબતક રાજકોટ**

વાંકાનેર તાલુકાના વિનયગઢ ગામમાં એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. વાડીમાં ખેતીકામ દરમિયાન પિતાએ પાકમાં છાંટવા માટે તૈયાર કરી રાખેલી ઝેરી દવા પુત્રએ ભૂલથી પી લેતા તેનું મોત નીપજ્યું છે. આશાસ્પદ ૧૮ વર્ષીય યુવકના અકાળે મોતથી રાઠોડ પરિવાર અને સમગ્ર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વિનયગઢ ગામમાં રહેતા દેવરાજભાઈ વજુભાઈ રાઠોડ (ઉં.વ. ૧૮) ગત ૨૪ એપ્રિલના રોજ પોતાની વાડીએ ગયા હતા. આ સમયે ખેતરમાં પાક પર છાંટવા માટે ઝેરી દવા ભરીને રાખવામાં આવી હતી. દેવરાજભાઈએ અજાણતા આ દવા પી લેતા તેમની તબિયત લથડી હતી. ઝેરની અસર થતા તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં આ યુવાનને બચાવવા માટે તબીબો દ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. જોકે, ઝેરની તીવ્રતા વધુ હોવાથી ચાર દિવસની જીવન-મરણ વચ્ચેની જંગ બાદ ગઈકાલે દેવરાજભાઈનું ચાલુ સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક દેવરાજભાઈ બે ભાઈઓમાં મોટા હતા અને ખેતીકામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતા હતા. આશાસ્પદ યુવાનના મોતથી પિતા વજુભાઈ અને માતા સહિતના પરિવારજનોમાં ભારે આક્રંદ છવાઈ ગયો છે. આ બનાવ અંગે પોલીસે હોસ્પિટલના કાગળોના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી નવયુગ વિદ્યાલયમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામોથી નવાજાયા







**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીની નવયુગ વિદ્યાલયમાં વર્ષ ૨૦૨૬નો સિતારે નવયુગ ઈનામ વિતરણ સન્માન સમારોહ ભવ્ય રીતે યોજાયો. પ્રતિષ્ઠિત મહાનુભાવો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની હાજરીમાં શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સ્પર્ધાત્મક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

મોરબી સ્થિત પ્રતિષ્ઠિત નવયુગ વિદ્યાલયમાં વાર્ષિક ઈનામ વિતરણ સન્માન સમારોહ - ૨૦૨૬ અંતર્ગત સિતારે નવયુગ કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહભેર અને ભવ્ય રીતે યોજાયો હતો. આ પ્રસંગે નવયુગ ગ્રુપના પ્રમુખ પી.ડી. કાંજીયા તથા મેનેજિંગ ટ્રસ્ટી બળદેવભાઈની પ્રેરક હાજરીએ સમગ્ર કાર્યક્રમને વિશેષ ગૌરવ આપ્યું હતું. કાર્યક્રમમાં નવયુગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વિવિધ ક્ષેત્રના પ્રતિષ્ઠિત મહાનુભાવો જેમ કે વીએચપી અધ્યક્ષ જીલેશભાઈ કાલરીયા, ડો. વૈશાલીબેન વડનગરા, ડો. તૃપ્તિબેન સાવરીયા, ડો. ઉત્તમભાઈ ઉઘરેજા, રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક કમલેશભાઈ દલસાણીયા તથા એડવોકેટ ધ્રુમિલભાઈ ભીમાણી મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પોતાના હસ્તે ઈનામો અર્પણ કરી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.એસએસસી અને એચએસસી બોર્ડમાં શ્રેષ્ઠ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને વિવિધ સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલા સર્જનાત્મક અને મનોરંજક કાર્યક્રમોએ સમગ્ર સમારોહને યાદગાર બનાવી દીધો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ મેનેજિંગ ડિરેક્ટર નિલેશભાઈ અઘારા અને પ્રિન્સિપાલ નરેન્દ્રભાઈ સંતોકીના માર્ગદર્શન હેઠળ શિક્ષકો તથા સ્ટાફના સમર્પિત પ્રયાસોથી સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# મોરબીના જોધપર ગામે પરિણીતાનો પિયરમાં ગળેફાંસો ખાઈ આપઘાત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના જોધપર (નદી) ગામે પિયરમાં આવેલ પરિણીતાએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનો બનાવ સામે આવ્યો છે. બનાવ અંગે તાલુકા પોલીસે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અ.મોતની મળતી વિગતો મુજબ, જામનગર જીલ્લાના દળીયા ગામે સાસરું ધરાવતી આરતીબેન વીરમભાઈ ઉવ.૩૧એ જોધપર (નદી) ગામે પોતાના પિયરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. પ્રાથમિક માહિતી મુજબ, આરતીબેને ગઈકાલે કોઈ અગમ્ય કારણોસર આ પગલું ભર્યું હતું. બનાવ અંગે મૃતકના પતિએ આપેલ પ્રાથમિક વિગતોને આધારે પોલીસે મરણ નોંધ કરી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# ટંકારાના ધ્રુવનગરમાં ૩૬ વર્ષીય યુવકે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

અબતક, ઋષિ મહેતા, મોરબી

ટંકારાના ધ્રુવનગર ગામે ૩૬ વર્ષીય યુવકે પોતાના રહેણાંક મકાનમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનો બનાવ સામે આવ્યો છે. બનાવ અંગે ટંકારા પોલીસે અ.મોત નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી વિગતો અનુસાર, ટંકારા તાલુકાના ધ્રુવનગર ગામે રહેતા શંકરભાઈ પોલાભાઈ રાણા ઉવ.૩૬એ ગત તા.૨૮/૦૪ના રોજ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. મૃતકના મોટાભાઈએ પોલીસને આપેલ પ્રાથમિક વિગતોને આધારે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# હળવદ ભાજપ આગેવાન તપન દવેના જન્મદિવસે રકતદાન કેમ્પમાં ૩૨૨ બોટલ રકતનું થયું મહાદાન

## જુસ્સાભેર રકતદાન કરનાર રકતદાતાઓનું કરાયું સન્માન



**અબતક, ઋષી મહેતા, મોરબી**

હળવદ ખાતે મોરબી જીલ્લા ભાજપના સેવાભાવી મહામંત્રી તપનભાઈ દવેના જન્મદિવસ નિમિત્તે આયોજિત ભવ્ય સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ સેવા, સમર્પણ અને રાષ્ટ્રભાવનાનો ઉત્તમ દાખલો સાબિત થયો હતો. કાળઝાળ ગરમી વચ્ચે પણ કાર્યકર્તાઓ, યુવાનો અને નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રક્તદાન કર્યું હતું, જેના પરિણામે નોંધપાત્ર કુલ ૩૨૨ યુનિટ રક્ત એકત્રિત થયું હતું. આ સેવા યજ્ઞમાં વિશ્વ હિન્દુ પરિષદ (હળવદ શહેર/ગ્રામ્ય), યુવા ભાજપ, પાટિયા ગ્રુપ, રોટરી ક્લબ હળવદ, છોટાકાશી હળવદ યુવા ગ્રુપ, ફ્રેન્ડ્સ યુવા ગ્રુપ, દિલ સે ફાઉન્ડેશન, ઈંડ્ક ગ્રુપ, ધર્મપ્રેમી સેવા મંડળ તથા આઈ ખોડિયાર રામદેવ રામામંડળ (ગોરી દરવાજા) જેવી વિવિધ સંસ્થાઓએ ઉત્સાહભેર સહયોગ આપ્યો હતો.

કેમ્પમાં એકત્રિત થયેલ રક્તનો ઉપયોગ સિવિલ હોસ્પિટલ અમદાવાદ, સિવિલ હોસ્પિટલ મોરબી, શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પિટલ (ટીબી હોસ્પિટલ, સુરેન્દ્રનગર), શ્રી રામ બ્લડ સેન્ટર ધ્રાંગધ્રા તથા સંસ્કાર બ્લડ બેંક મોરબી ખાતે દર્દીઓના ઉપચાર માટે કરવામાં આવશે. કાર્યક્રમમાં પૂજ્ય દીપકદાશજી મહારાજ, પ્રભુચરણદાશજી, સંસદસભ્ય ચંદુભાઈ શિહોરા, જીલ્લા ભાજપ પ્રમુખ જયંતીભાઈ રાજકોટીયા, જીલ્લા ભાજપ પ્રભારી ગજેન્દ્રભાઈ સકસેના, પ્રદેશ ભાજપ કોષાધ્યક્ષ મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા તથા બીપીનભાઈ દવે સહિત રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહી રકતદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે નિયમિત રક્તદાન કરનાર મહાનુભાવોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટના નિતિનભાઈ ભટાસણા (૧૯૭ વખત), સુરેન્દ્રનગરના રશ્મિનભાઈ મહેતા (એક જ કિડની હોવા છતાં ૧૦૦ વખત), મોરબીના ગૌતમભાઈ સોલંકી (૧૨૩ વખત), કિશોરભાઈ એરવાડિયા (૫૭ વખત), અક્ષયભાઈ અગ્રાવત (૫૧ વખત) તથા ધર્મેશભાઈ શાહ (૪૪ વખત)ને સાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અવસરે તપનભાઈ દવે દ્વારા રક્તદાનને મહાદાન ગણાવી સમાજસેવામાં દરેકે આગળ આવવાનો સંદેશ આપ્યો હતો.

# મોરબીમાં બે વોટર પ્લાન્ટના પાણીના નમૂનાઓ ફેઈલ, મનપાની નોટિસ, યુનિટ બંધ કરવા તાકીદ

## ફૂડ શાખાની તપાસમાં દેવ વોટર સપ્લાય અને સુપર ડીલક્ષ વોટરનું પાણી પિવાલાયક ન હોવાનું પુરવાર

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરમાં પીવાના પાણીની ગુણવત્તા તપાસવા માટે ચાર પાણીના પ્લાન્ટમાંથી નમૂનાઓ લેવામાં આવ્યા હતા. આ અંતર્ગત સત્યમ વોટર, રાજા મિનરલ વોટર, દેવ વોટર સપ્લાય અને સુપર ડીલક્ષ વોટર પ્લાન્ટમાંથી નમૂનાઓ લેવામાં આવ્યા હતા. તપાસના પરિણામોમાં નવલખી રોડ પર આવેલ દેવ વોટર સપ્લાય તેમજ સુપર ડીલક્ષ વોટરના નમૂનાઓ અસંતોષકારક આવ્યા હતા. જેના પગલે ફૂડ શાખા દ્વારા





બંને પ્લાન્ટના સંચાલકોને નોટિસ પાઠવી તાત્કાલિક અસરથી કામગીરી બંધ કરવાની સૂચના આપવામાં આવી છે.

સાથે જ સ્પષ્ટ કરાયું છે કે પાણીના શુદ્ધિકરણનું પરિણામ સંતોષકારક ન આવે ત્યાં સુધી ઉત્પાદન ચાલુ રાખી શકાશે નહીં.

મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખાએ શહેરના તમામ પાણીના પ્લાન્ટ સંચાલકોને ચેતવણી આપી છે કે તેઓ પાણીની ગુણવત્તા અને શુદ્ધિકરણના ધોરણોનું કડક પાલન કરે, અન્યથા કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

## અતિથિ દેવો ભવઃ

# ગીર સોમનાથ , દ્વારકા અને ડાંગ પ્રવાસીઓ માટે સ્પેશિયલ પોલીસ સ્ટેશન સ્થપાશે



## પ્રવાસન સ્થળોએ હાલમાં જે પોલીસ ચોકીઓ છે તેને અપગ્રેડ કરીને અત્યાધુનિક પોલીસ સ્ટેશન બનાવવામાં આવશે

**અબતક ગાંધીનગર**

ગુજરાત તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, દરિયાકિનારા અને પ્રાકૃતિક સૌંદર્ય માટે વિશ્વભરમાં જાણીતું છે. જ્યારે કોઈ પ્રવાસી પોતાનું ઘર છોડીને અજાણ્યા પ્રદેશમાં ફરવા નીકળે છે, ત્યારે તેની સૌથી પહેલી જરૂરિયાત 'સુરક્ષા' અને 'સાચી માહિતી' હોય છે. આ પહેલ માત્ર કાયદો જાળવવા માટે નથી, પણ પ્રવાસીઓના પ્રવાસને યાદગાર અને તણાવમુક્ત બનાવવા માટે છે. રાજ્ય સરકારે નિર્ણય લીધો છે કે પ્રવાસીઓની સુરક્ષા અને સુવિધા વધારવા માટે ગીર સોમનાથ, દ્વારકા અને ડાંગ જેવા મુખ્ય પ્રવાસન સ્થળોએ ખાસ 'ટૂરિસ્ટ પોલીસ સ્ટેશન' બનાવવામાં આવશે.

બુધવારે રાજ્યના ડીજીપી કે.એલ.એન. રાવની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આ મહત્વનો નિર્ણય લેવાયો હતો. જે મુજબ, પ્રવાસન સ્થળોએ હાલમાં જે પોલીસ ચોકીઓ છે તેને અપગ્રેડ કરીને અત્યાધુનિક પોલીસ સ્ટેશન બનાવવામાં આવશે. ગીર સોમનાથની શ્રદ્ધા હોય, દ્વારકાની ભક્તિ હોય કે ડાંગની હરિયાળીહવે પ્રવાસીઓની સુરક્ષા માટે ગુજરાત પોલીસ હંમેશા સજ્જ રહેશે. આ એક એવી પહેલ છે જે ''અતિથિ દેવો ભવ'' ની ભાવનાને સાચા અર્થમાં સાર્થક કરે છે.

### આ પોલીસ સ્ટેશનમાં શું નવું હશે?

પ્રવાસીઓ પોલીસને તરત ઓળખી શકે તે માટે પોલીસ કર્મચારીઓનો યુનિફોર્મ અલગ હશે અને તેમના વાહનો પર ખાસ 'લોગો' લગાવવામાં આવશે. પ્રવાસીઓને ભાષાની તકલીફ ન પડે તે માટે બહુભાષી સ્ટાફની નિમણૂક થઈ શકે છે. પ્રવાસીઓને તમામ માહિતી અને સુરક્ષા એક જ જગ્યાએ મળી રહે તે માટે એક 'ઈન્ટરેક્ટિવ ટૂરિસ્ટ પોલીસ એપ્લિકેશન' પણ બનાવવામાં આવશે. આ સ્ટેશનો માટે નવો સ્ટાફ, નવા વાહનો અને જરૂરી તમામ આધુનિક સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.પ્રવાસન સ્થળો પર પેટ્રોલિંગ માટે ખાસ વાહનો અને ટેકનોલોજીથી સજ્જસાધનો ફાળવવામાં આવશે.

### શા માટે બનાવવામાં આવે છે?

પ્રવાસી ગમે તેટલા દૂરના વિસ્તારમાં હોય (જેમ કે ડાંગના જંગલો કે દ્વારકાનો દરિયો), તેને ખબર હોવી જોઈએ કે તેની સુરક્ષા માટે પોલીસ હાજર છે. આંતરરાષ્ટ્રીય સ્તરે જે દેશોમાં ટૂરિસ્ટ પોલીસ હોય છે, ત્યાં પ્રવાસીઓ વધુ સુરક્ષિત અનુભવે છે. પ્રવાસીઓ પાસે સમય ઓછો હોય છે. જો તેમની સાથે કોઈ નાની-મોટી ઘટના બને, તો સામાન્ય પોલીસ પ્રક્રિયામાં સમય બગડવાને બદલે ટૂરિસ્ટ પોલીસ તેમને 'ફાસ્ટ ટ્રેક' મદદ કરી શકે.

### કેવી રીતે બનશે?

સરકારે આ માટે એક ચોક્કસ રોડમેપ તૈયાર કર્યો છે. જે સ્થળોએ અત્યારે નાની પોલીસ ચોકીઓ છે, તેને હાઈ-ટેક પોલીસ સ્ટેશનમાં ફેરવવામાં આવશે. નવા ભવનો, આધુનિક વાહનોની ખરીદી અને પ્રવાસીઓ માટે બેસવાની સુવિધા જેવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામગીરી થશે. આ પોલીસ સ્ટેશનમાં મૂકવામાં આવનાર જવાનોને પ્રવાસીઓ સાથે કેવું વર્તન કરવું અને પ્રવાસન સ્થળની ભૌગોલિક જાણકારી રાખવાની ખાસ તાલીમ આપવામાં આવશે.

---

## ના ના કરતે પ્યાર તુમ હી સે કર બૈઠે, કરના થા ઈન્કાર....

# ઈથેનોલની સાથે બાયોડીઝલને પણ માન્યતા મળી જશે?

### કેન્દ્ર સરકાર દ્વારા મોટર વ્હીકલ એક્ટમાં સુધારાનો ડ્રાફ્ટ રજૂ, પેટ્રોલ-ડીઝલના વિકલ્પ તરીકે ઈ-૮૫, ઈ-૧૦૦ ઈથેનોલ અને બી-૧૦૦ બાયોડીઝલનો ઉપયોગ વધારવા પર ભાર

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ ૧૯૮૯ માં સુધારો કરવા માટે એક ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. આ નોટિફિકેશન મુજબ, દેશના ઉત્સર્જન પરીક્ષણ અને પ્રમાણપત્ર માળખા હેઠળ ઈ૮૫ અને ઈ૧૦૦ જેવા ઉચ્ચ ઈથેનોલ-બ્લેન્ડેડ ઈંધણની સાથે બી૧૦૦ બાયોડીઝલને ઔપચારિક રીતે સામેલ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ ફેરફાર નિયમ ૧૧૫ હેઠળ સૂચવવામાં આવ્યા છે, જે વાહનોના ઉત્સર્જન ધોરણો અને પરીક્ષણની જરૂરિયાતો સાથે સંબંધિત છે.

ભારત સરકાર આયાતી પેટ્રોલિયમ પરની નિર્ભરતા ઘટાડવા માટે વ્હીકલ ફ્યુઅલ ફ્રેમવર્કમાં મોટા ફેરફારો કરી રહી છે. હાલના ઈ૨૦ ના બેન્ચમાર્કથી આગળ વધીને નોંધપાત્ર રીતે ઉચ્ચ ઈથેનોલ ધરાવતા ઈંધણ માટે વાહનોને અનુકૂળ બનાવવા સરકાર નવી નિયમનકારી વ્યવસ્થા ઊભી કરી રહી છે. આ પ્રસ્તાવિત ફેરફારો મુજબ, વાહનો ૮૫ ટકા ઈથેનોલ (ઈ૮૫) અને લગભગ શુદ્ધ ઈથેનોલ (ઈ૧૦૦) પર ચાલી શકશે. સરકારે આ ડ્રાફ્ટ અંગે જાહેર જનતાના અભિપ્રાયો મંગાવ્યા છે, ત્યારબાદ અંતિમ નિર્ણય લેવામાં આવશે.

બસવર્લ્ડ ઈન્ડિયા ૨૦૨૬ સમિટમાં કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ડીઝલ અને પેટ્રોલ વાહનોનું હવે કોઈ ભવિષ્ય નથી. હાલમાં ભારત ૨૨ લાખ કરોડ રૂપિયાના અશ્મિભૂત ઈંધણની આયાત કરે છે, જે માત્ર આર્થિક પડકાર નથી પરંતુ પ્રદૂષણની મોટી સમસ્યા પણ છે. સરકારે નિર્દેશ આપ્યો છે કે ઉત્પાદકોએ હવે પરંપરાગત ઈંધણ છોડીને હાઈડ્રોજન, ઈથેનોલ, સીએનજી અને એલપીજી તેમજ ઈલેક્ટ્રિક વાહનો તરફ વળવું પડશે.

દેશે ૨૦૨૫ માં પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ બ્લેન્ડિંગ (ઈ૨૦) નો લક્ષ્યાંક પૂરો કર્યો છે, જે ભારતના બાયોફ્યુઅલ પ્રોગ્રામમાં મોટી સફળતા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ પ્રોગ્રામે દર વર્ષે લગભગ ૪.૫ કરોડ બેરલ ક્રૂડ ઓઈલ બચાવવામાં મદદ કરી છે. આ ઉપરાંત અંદાજે ૧.૬૫ લાખ કરોડ રૂપિયાના વિદેશી હૂંડિયામણની પણ બચત થઈ છે. પશ્ચિમ એશિયામાં તણાવના કારણે ક્રૂડના સપ્લાય અને ભાવ પર અસર પડી રહી હોવાથી હવે ઉચ્ચ બ્લેન્ડિંગ તરફ જવું જરૂરી બન્યું છે.

જોકે, આ મોટા સંક્રમણ વચ્ચે વાહન માલિકો માટે કેટલીક ચિંતાઓ પણ ઊભી થઈ છે. નીતિ આયોગના રોડમેપ મુજબ, જે વાહનો ૨૦૧૨ થી માર્ચ ૨૦૨૩ વચ્ચે બન્યા છે અને મૂળ રૂપે ઈ૧૦ ઈંધણ માટે ડિઝાઈન કરવામાં આવ્યા હતા, તેમાં ઈ૨૦ ફ્યુઅલના ઉપયોગથી માઈલેજમાં ૧ થી ૨ ટકાનો ઘટાડો જોવા મળી શકે છે. એપ્રિલ ૨૦૨૩ થી ઉત્પાદકોએ ઈ૨૦ અનુકૂળ વાહનો બનાવવાનું શરૂ કર્યું છે અને ૨૦૨૫ થી સંપૂર્ણ ઈ૨૦ વાહનો બજારમાં આવવાની અપેક્ષા છે. નિષ્ણાતો ચેતવણી આપે છે કે ઈ૨૦ થી આગળ વધવા માટે ટેકનોલોજીકલ અપગ્રેડેશન અનિવાર્ય છે જેથી લાંબા ગાળે એન્જિન મેન્ટેનન્સની સમસ્યાઓ ટાળી શકાય.

#### ઈ૮૫ અને ઈ૧૦૦ ઈંધણ શું છે?

નવા ડ્રાફ્ટમાં ઈ૮૫ અને ઈ૧૦૦ ઈંધણને મંજૂરી આપવાની વાત છે. ઈ૮૫ એટલે એવું ફ્યુઅલ જેમાં ૮૫ ટકા ઈથેનોલ અને માત્ર ૧૫ ટકા પેટ્રોલનું મિશ્રણ હોય. જ્યારે ઈ૧૦૦ એટલે લગભગ ૧૦૦ ટકા શુદ્ધ ઈથેનોલ. આ પ્રકારના ઈંધણના ઉપયોગથી પેટ્રોલની જરૂરિયાત નહિવત થઈ જશે અને વાહનો ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિનની મદદથી સીધા ઈથેનોલ પર દોડી શકશે.

#### ઈથેનોલ સાથે બી૧૦૦ બાયોડીઝલને પણ સ્થાન

આ ડ્રાફ્ટ નોટિફિકેશનનું સૌથી મહત્વનું પાસું એ છે કે તેમાં માત્ર ઈથેનોલ જ નહીં, પરંતુ બી૧૦૦ બાયોડીઝલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જો આ નિયમો લાગુ થશે, તો ઉત્સર્જન પરીક્ષણના માળખામાં બાયોડીઝલને ઔપચારિક માન્યતા મળી જશે. આનાથી કોમર્શિયલ અને હેવી-ડ્યુટી વાહનો માટે ડીઝલના એક સચોટ અને પર્યાવરણને અનુકૂળ વિકલ્પ તરીકે બાયોડીઝલનો માર્ગ મોકળો થશે.

#### ૨૨ લાખ કરોડનો આયાત ખર્ચ

કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ આર્થિક પડકારનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ભારત દર વર્ષે ૨૨ લાખ કરોડ રૂપિયાના અશ્મિભૂત ઈંધણની આયાત કરે છે. આ વિશાળ રકમ દેશની ઈકોનોમી પર મોટો બોજ છે. જો ઈથેનોલ અને બાયોડીઝલ જેવા વૈકલ્પિક સ્વદેશી ઈંધણનો ઉપયોગ વધશે, તો વિદેશી હૂંડિયામણની મોટી બચત થશે અને દેશ ઈંધણ ક્ષેત્રે આત્મનિર્ભર બનશે.

#### જૂના વાહનોમાં માઈલેજ ઘટવાની ચિંતા

નીતિ આયોગના રિપોર્ટ અનુસાર, નવી ઈંધણ નીતિ જૂના વાહનો માટે થોડી ચિંતાજનક બની શકે છે. ખાસ કરીને ૨૦૧૨ થી માર્ચ ૨૦૨૩ વચ્ચે ઉત્પાદિત થયેલા વાહનો, જે ઈ૧૦ માટે ડિઝાઈન કરાયા હતા, તેમાં ઈ૨૦ ફ્યુઅલ વાપરવાથી માઈલેજમાં ૧ થી ૨ ટકાનો ઘટાડો નોંધાઈ શકે છે. ટેક્નોલોજીકલ અપગ્રેડેશન વિના ઉચ્ચ બ્લેન્ડ વાપરવાથી વાહનની કાર્યક્ષમતા અને મેન્ટેનન્સ પર સીધી અસર પડી શકે છે.

---

# જેતપુરમાં જમીનના ડખ્ખામાં ભૂવા બંધુઓ વચ્ચે મારામારી

### નાનાભાઈની ભાગની જમીન મોટાભાઈના ભાગમાં નિકળતા બોલાચાલી : ડખ્ખાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા બન્ને ભાઈઓ પાવડાના હાથા વડે એકબીજા પર તુટી પડ્યા

#### વીરપુર પોલીસે બન્ને ભાઈઓ વિરુદ્ધ સામસામે ગુન નોંધ્યો

**અબતક, રાજકોટ**

જેતપુરમાં જમીનના ડખ્ખામાં ભુવા બંધુઓ બાખડ્યા હતાં. નાનાભાઈની ભાગની જમીન મોટાભાઈના ભાગમાં નિકળતા બન્ને ભાઈઓ વચ્ચે પાવડાના હાથા વડે મારામારી થઈ હતી. જે માથાકુટમાં બન્ને ભાઈઓ ઘવાયા હતાં. સમગ્ર મામલામાં વીરપુર પોલીસની ટીમે ભુવા બંધુઓ વિરુદ્ધ સામસામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે મુળ જેતપુર તાલુકાના લુણાગરા ગામના વતની અને હાલ જેતપુરના ધોરાજી રોડ પર અમરધામ સોસાયટી શેરી નં. ૨ ખાતે રહેતા ૪૨ વર્ષીય ખેડુત રાજેશભાઈ કેશવભાઈ ભુવાએ આરોપી તરીકે સગાભાઈ રસીક કેશવભાઈ ભુવાનું નામ આપતા જણાવ્યું હતું કે, અમે ત્રણ ભાઈઓ છીએ જેમાં સૌથી મોટાભાઈ રસીકભાઈ, તેનાથી નાના રાકેશભાઈ અને સૌથી નાનો હું છું. અમારે લુણાગરા ગામની ધારવાળુ સીમમાં રે.સ.નં. ૪૬માં આશરે ૨૦ વિઘા અને ત્રણ ગુંઠા ખેતીની જમીન આવેલ છે. જે મારા પિતા કેશવભાઈ પુનાભાઈ ભુવાના નામે છે આ સર્વે નંબર વાળી જમીનમાં મારે તથા મોટાભાઈ રસીકને ઘર મેળે સમજુતીથી ખેતીની જમીનમાં મારા ભાગે ૯ વિઘા અને રસિકભાઈના નામે અન્ય જમીન હિસ્સામાં આવેલ છે. જે ૯ વિઘા જમીનમાં ૧૫ વર્ષથી ખેતી કરું છું.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, મારા ભાગે આવેલી જમીન ફરતે વંડો વાળવો હોય જેથી મે ગત તા. ૨૫ ના રોજ આખા સર્વે નંબરની પ્રાયવેટ સર્વેયર દ્વારા માપણી કરાવી હતી. ત્યારે મને ખબર પડી હતી કે મારા ભાગે આવેલી જમીનમાં આશરે પોણા વિઘા જમીન ઓછી છે જે જમીન મારા ભાઈ રસીકભાઈના ભાગમાં આવેલી છે. જેથી જમીન માપણી સમયે રસીકભાઈને બે વાર ફોન કરેલ હતો. પરંતુ તેમણે ફોન ઉપાડ્યો ન હતો. બાદમાં જેતપુર જતો રહેલ હતો. ગત તા. ૨૬ના રોજ સવારે સાત વાગ્યે હું પરત લુણાગરા ગામે મારુ મોટર સાયકલ સ્પ્લેન્ડર પ્લસ જેના રજી. નં. જીજે ૩ ડીજે ૩૨૭૬ લઈ વાડી ખાતે ખેતીકામ અર્થે ગયેલ હતો. જે વાડી ખાતે રસિકભાઈ પણ હાજર હતો. તે તેના ખેતરમાં ઘંઉનો ઢગલો હોય તે ઘંઉ શૈલેષભાઈ કંડોરિયા તેનું ટ્રેક્ટર લઈ ભરવા માટે આવેલ હતા. ત્યારે મારા ભાગની ઘટતી જમીન બાબતે હું રસિકભાઈ સાથે વાત કરવા પહોંચેલ હતો મે તેમને કહેલ કે, મારી પોણા વિઘા જમીન તમારામાં નિકળે છે. જે જમીન મને પરત આપી દો અને તમારી તપક સિંચાઈની લાઈન જમીનની અંદર પાથરેલ હોય તે એક થી બે દિવસમાં કાઢી નાખજો. જે સાંભળતા જ રસિક એકદમ ઉશ્કેરાઈ ગયેલ હતો અને મને ગાળો આપવા લાગેલ હતો. બાદ તેના હાથમાં રહેલો પાવડાનો હાથો મને આડેધડ મારવા લાગતા માથાના ભાગે ઈજા થતાં લોહી નિકળવા લાગ્યું હતું. બાદ ફરીવાર તેણે પાવડાનો હાથો મારવા જતા મારો ડાબો હાથ આડો રાખી દેતા આંગળીમાં ઈજા થયેલ હતી. બાદ મે મારા મોટાભાઈ રાકેશભાઈને ફોન કરી બનાવની જાણ કરતા તેઓ અને ચેતનભાઈ બરવાડિયા બન્ને વાડી ખાતે દોડી આવ્યા હતાં. બાદ મને વધુ મારમાંથી છોડાવેલ હતો. જે બાદ મને માથામાંથી લોહી નિકળતું હોય રાકેશભાઈ મોટરસાયકલમાં બેસાડી જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે લઈ ગયેલ હતાં. જ્યાંથી મને વધુ સારવાર અર્થે જૂનાગઢ રિફર કરવામાં આવ્યો હતો.

જ્યારે વળતો ગુનો નોંધાવતા રસિકભાઈ કેશવભાઈ ભુવાએ જણાવ્યું હતું કે, મારા ભાઈ રાજેશને તેના ભાગમાં આવેલી ૯ વિઘા જમીનમાં ફેન્સીંગ કરવી હોય જેથી ગત તા. ૨૫ના રોજ તેણે જમીનની માપણી કરાવી હતી. બાદ માપણીમાં તેના ભાગની પોણા વિઘા જમીન મારા ભાગમાં નિકળી હતી. બાદ તા. ૨૬ના રોજ સવારે સાત વાગ્યે મારી વાડી ખાતે હાજર હતો. ત્યારે રાજેશ મારી વાડીએ આવી કહેવા લાગેલ કે, મારી પોણા વિઘા જમીન તમારામાં નિકળે છે. જે મને આપી દો અને તમે ટપક સિંચાઈની પીવીસી લાઈન જમીનમાં દાટેલ છે તે કાઢી લેજો તમને બે દિવસનો ટાઈમ આપું છું. બાદ રાજેશ મને ગાળો આપવા લાગેલ હતો. જેથી મે તેને ગાળો આપવાની ના પાડતા તે ઉશ્કેરાઈ ગયેલ હતો અને તેના હાથમાં રહેલ પાવડો મને મારવા લાગેલ હતો. જેથી મને નેણના ઉપરના ભાગે લોહી નિકળવા લાગેલ હતું. દરમિયાન મારી વાડીએ ઘંઉ ભરવા આવેલ શૈલેષભાઈ કંડોળિયાએ અમને બન્નેને છુટા પાડેલ હતાં. બાદ ફરીવાર રાજેશે મને કહેલ કે હવે તુ આવી જા હાલ જેથી હું તેની પાસે જતાં અમારી વચ્ચે ફરીવાર માથાકુટ થયેલ હતી. થોડીવાર બાદ મારો નાનોભાઈ રાકેશ તથા ચેતનભાઈ બરવાડિયા વાડીખાતે દોડી આવ્યા હતાં અને અમને બન્નેને ફરીવાર છુટા પડાવ્યા હતાં. ત્યાર બાદ મને નેણના ભાગે લોહી નિકળતું હોય શૈલેષભાઈ અને ધીરૂભાઈ ભુવા મને મારી ફોરવ્હીલ ગાડીમાં બેસાડી જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ ગયેલ હતા. જ્યાથી મને સારવાર અર્થે જૂનાગઢ રિફર કરવામાં આવ્યો હતો.

સમગ્ર ભાયુભાગના ડખ્ખામાં બન્ને ભાઈઓ બાખડતા વીરપુર પોલીસની ટીમે બન્ને ભુવા બંધુઓ વિરુદ્ધ સામસામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

---

# દિયર-ભાભી વચ્ચે આડાસંબંધની અફવા ફેલાવવાની ના પાડનાર બંધુઓ પર હુમલો

### જામકંડોરણાના ચરેલ ગામનો બનાવ : જાડેજા બંધુઓએ ઘરે ધસી આવી ગાળાગાળી કરી મારકુટ કરતા યુવાનનું માથુ ફુટ્યું

**અબતક, રાજકોટ**

જામકંડોરણા તાલુકાના ચરેલ ગામે દિયર-ભાભી વચ્ચે આડાસબંધ હોવાની અફવા ફેલાવવાની ના પાડતા બે ભાઈઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. આડા સંબંધ અંગે અફવા ફેલાવનારી મહિલાના પતિને ફોન કરી સમજાવટ કરનાર યુવાન અને તેના ભાઈને જાડેજા બંધુઓએ માર મારતા એક યુવાનનું માથુ ફુટી ગયું હતું. જે મામલે જામકંડોરણા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

સમગ્ર બનાવ અંગે જામકંડોરણા તાલુકાના ચરેલ ગામે ખોડિયાર મંદિર પ્લોટ વિસ્તારમાં રહેતા ૨૯ વર્ષીય ક્ષત્રિય યુવાન મયુરધ્વજસિંહ ઉર્ફે શક્તિસિંહ ચંદ્રસિંહ ઉર્ફે ચંદુભા જાડેજાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેમના જ ગામના વતની વાસુદેવસિંહ મહાદેવસિંહ જાડેજા અને વિશ્વજીતસિંહ જાડેજાનું નામ આપતા જણાવ્યું હતું કે મારા પરિવારમાં અમે બે ભાઈઓ છીએ જેમાં સૌથી મોટો હું તથા મારાથી નાનો દિગ્વિજયસિંહ ઉર્ફે અજયસિંહ છે મારે સંતાનમાં એક દિકરી તેજસ્વીબા (ઉ.વ.૩) છે. ગત તા. ૨૮ના રોજ રાત્રીના પોણા નવ વાગ્યે હું મારી આશાપુરા પ્રોવિઝન સ્ટોર નામની પાન-બીડીની દુકાને હાજર હતો ત્યારે મારી પત્ની મીનાબાનો ફોન આવેલ હતો કે, તમે ઘરે આવો, દિગ્વિજયસિંહ અને તેના પત્ની જમતા જમતા બોલાચાલી કરી રહ્યા છે. જેથી હું દુકાન બંધ કરી ઘરે પહોંચતા પત્નીએ જણાવ્યું હતું કે વિશ્વજિતસિંહના પત્ની સુનિતાબા એવી વ્યતક વાતો ફેલાવે છે કે, દિગ્વિજયસિંહને મારી સાથે આડાસબંધ છે જેથી મે વિશ્વજિતસિંહને ફોન કરી સમગ્ર બનાવની વાત કરતા તેણે મને કહેલ કે હું આ બાબતે મારી પત્ની સાથે વાત કરીશ જે બાદ મારી દુકાને જતો રહેલ હતો. જ્યાંથી ફરીવાર વિશ્વજિતસિંહને ફોન કરતા તેણે ફોન ઉપાડ્યો ન હતો. ત્યાર બાદ દુકાન બંધ કરવાનો સમય થઈ જતાં હું ઘરે આશરે ૧૧:૩૦ વાગ્યે ઘરે જતો રહેલ હતો. બાદ વિશ્વજિતસિંહનો મને ફોન આવતા મે જ તેમને સમજાવેલ કે, આપણે બન્ને મિત્રો છીએ તારા પત્નીને સમજાવ કે આવી ખોટી વાતો ન ફેલાવે ત્યારે વિશ્વજિતસિંહે કહેલ કે હું મારી પત્ની સાથે વાત કરીશ. થોડીવાર બાદ વિશ્વજીતસિંહનો ફરીવાર મને ફોન આવેલ કે, તારા નાનાભાઈને બહાર મોકલ અમારે તેની સાથે વાત કરવી છે. જેથી હું અને મારો નાનોભાઈ બન્ને ઘરની બહાર નિકળ્યા હતાં. જ્યાં વિશ્વજિતસિંહ અનેતેના મોટાભાઈ વાસુદેવસિંહ અમારા ઘર બહાર હાજર હતાં અમને બન્ને ભાઈઓને જોઈ તે બન્ને બેફામ ગાળાગાળી કરવા લાગેલ હતાં જેથી અમે ગાળો બોલવાની ના પાડતા વાસુદેવસિંહે ઉશ્કેરાઈ જઈ મને ઢીકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન તેના હાથમાં રહેલ કડુ મને માથાના ભાગે કાન ઉપર વાગી જતાં લોહી નિકળવા લાગ્યું હતું. સામાવાળા બન્ને ભાઈઓ અમને બન્ને ભાઈઓને બેફામ માર મારવા લાગતા દેકારો થતાં સ્થાનિકો એકત્રીત થઈ ગયા હતા. દરમિયાન મારી પત્ની વચ્ચેપડતા સામાવાળાએ તેને પણ એક પાટુ મારી દીધેલ હતું. બા જતાં જતાં આજે તો તમે બન્ને બચી ગયા છે

હવે ક્યાંય મળ્યા તો તમને જીવતા રહેવા દેવા નથી. તેવી ધમકી આપી નાશી ગયેલ હતાં. જે બાદ ઘવાયેલા યુવાનને સારવાર અર્થે જામકંડોરણા સરકારી હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતાં.

સમગ્ર બનાવ મામલે યુવાનની ફરિયાદ પરથી જામકંડોરણા પોલીસની ટીમે ચરેલ ગામના વાસુદેવસિંહ જાડેજા ને વિશ્વજિતસિંહ જાડેજા નામના બંધુઓ વિરુદ્ધ ગુનો નોંદી કાર્યવાહી હાથ ધરી હતી.

---

# જેતપુરના યુવાનનો મિનીટ્રક મેળવી હપ્તા નહિ ભરી રાજકોટના શખ્સે ઠગાઈ આચરી

### ફેસબુક જાહેરાત જોઈ ગઠીયાએ સંપર્ક કર્યો : ગોંડલમાં મળી બેંક લોન ભરી દેવાની શરતે સોદો કર્યો : બારોબાર ટ્રક વેંચી રૂ. ૬.૭૫ લાખની છેતરપિંડી આચરી

**અબતક, રાજકોટ**

જેતપુરના યુવકનો મીની ટ્રક રાજકોટના શખ્સે બારોબાર વેંચી નાંખી રૂ.૬.૭૫ લાખની ઠગાઈ આચરતાં ગોંડલ પોલીસમાં ફરીયાદ નોંધાઈ હતી.

ફેસબુકમાં આપેલ જાહેરાતના આધારે રાજકોટના ગઠિયાએ સંપર્ક કરી ગોંડલમાં ડિલ નક્કી કરી, બેંકના હપ્તા ભરી દેવાનો વિશ્વાસ આપી એક પણ હપ્તો ન ભર્યો કે ગાડી પરત ન આપી છેતરપીંડી આચરી હતી.

બનાવ અંગે જેતપુરમાં બાપુની વાડીએ રહેતાં આરીફભાઈ હનીફભાઈ રાઠોડ (ઉ.વ.૩૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મોહિત બટુક બારૈયા (રહે.રાજકોટ) નું નામ આપી જણાવ્યું હતું કે, તે રીક્ષા-ડ્રાઈવીંગ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. તેઓ પાસે એક સફેદ કલરની અશોક લેલન્ડ બડા દોસ્ત ગાડી નં.GJ-25-U-8733 હતી. જે ગાડી પર કોતા ફાઈનાન્સીયલ કંપનીમાથી રૂ.૫ લાખની લોન કરાવેલ હતી. જે લોનનો માસીક રૂ.૧૫ હજારનો હપ્તો રાખેલ હતો. ચારેક હપ્તા ભરેલ હતા. બાદ પૈસાની જરૂર પડતા આ ગાડી વેચી દેવી હોય જેથી આ ગાડીની ફેસબુક એકાઉન્ટમાં તા.૨૧/૦૮/૨૦૨૫ ના રોજ જાહેરાત આપેલ હતી. જે જાહેરાત આપ્યા બાદ જાહેરાતના આધારે રાજકોટથી મોહીત બારૈયાનો ગાડી ખરીદવા માટે ફોન આવેલ હતો.

આ ગાડી બાબતે વાતચીત થયેલ હતી. બાદ વાતચીત થયેલ તે પ્રમાણે તા.૨૮/૦૮/૨૦૨૫ ના તેઓ ગાડી લઈને ગોંડલ કોર્ટ પાસે ગયેલ અને ત્યા આ મોહીત સાથે રૂબરૂ મુલાકાત કરી ગાડી રૂ.૭.૪૫ લાખમા આરોપીને વેંચાણ કરેલ જેમાથી તેઓએ રોકડા રૂ.૭૦ હજાર આપેલ હતા. બાકીના રૂપીયા ગાડીની કોસ્ટા ફાઈનાન્સીયલમાં લોન ચાલુ હોય જેના બાકી ૪૫ હપ્તાના એક હપ્તો રૂ.૧૫ હજાર નો હોય એમ કુલ ૪૫ હપ્તાના રૂ.૬.૭૫ લાખ ભરવાની જવાબદારી આ મોહીતએ લીધેલ હતી.જે નક્કી થયેલ તે અંગેનો નોટરી કરાર પણ કરેલ હતો. ત્યારબાદ ગાડી મોહીતને સોંપી દીધેલ હતી. બાદ સપ્ટેમ્બર મહીનાનો હપ્તો આરોપીએ ભરેલ ના હોય જેથી તેઓને હપ્તો ભરી દેવા માટે ફોન કરતા તેને બે-ત્રણ દીવસમા હપ્તો ભરી દેવાનુ કહીં તેનો ફોન બંધ કરી દીધેલ હતો. આજ સુધી એક પણ હપ્તો ભરેલ નથી. આરોપી હપ્તા ભરતા ના હોય અને લોન ફરીયાદીનાં નામની બોલતી હોય જેથી ફાઈનાન્સીયલ કંપનીના માણસો ઘરે હપ્તા ઉઘરાવવા માટે આવતા હતાં.

છતાં થોડા ટાઈમમા આ મોહીત હપ્તા ભરી દેશે તે વિશ્વાસે બેસેલ પરંતુ તેને આજ સુધી હપ્તો ભરેલ ના હોય અને ગાડી પરત માંગતા ગાડી પણ પરત ન આપી છેતરપીંડી આચરતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ગોંડલ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી હતી.


**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર કરું છું કે મેં મારું નામ સુધા વિજયકુમાર રાજા બદલીને સુધાબેન વિજયકુમાર રાજા કરેલ છે. અને હવે પછી હું સુધાબેન વિજયકુમાર રાજા તરીકે ઓળખાઈશ.
સરનામું : 62-અજય એપાર્ટમેન્ટ, ડો. યાજ્ઞિકરો, રાજકોટ. ગુજરાત(ભારત)

**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર કરું છું કે મેં મારું નામ અંકિત પ્રવિણ શેરસીયા બદલીને અંકિત પ્રવિણભાઇ શેરસીયા કરેલ છે. અને હવે પછી હું અંકિત પ્રવિણભાઇ શેરસીયા તરીકે ઓળખાઈશ. જેની સૌ કોઈએ નોંધ લેવી.
સરનામું : સાંઇ કૃપા, નિત્યાનંદ સોસાયટી, પંચાસર રોડ, મોરબી
પિન : 363 641ગુજરાત (ભારત)

**સભાસદ જોગ**

**શ્રી સદ્‌ગુરૂ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી લી. રાજકોટ.**
(રજી.નં.૩૧૨૧૭, તા.૧૩/૦૩/૨૦૦૦)

આથી સોસાયટીનાં સર્વે સભાસદોને જણાવવાનું કે સને ૨૦૨૫-૨૦૨૬નાં વર્ષની વાર્ષિક સાધારણ સભા નીચે દર્શાવેલ સ્થળે અને સમયે મંડળીનાં નોટીસ બોર્ડ પર દર્શાવેલ એજન્ડાનાં કામકાજ માટે મળશે. તો સોસાયટીનાં દરેક સભ્યોને હાજર રહેવા નમ્ર વિનંતી છે.
**સાધારણ સભાની તારીખ : ૨૧/૦૫/૨૦૨૬,**
**ગુરૂવારે સાંજે : ૬:૦૦ કલાકે**
**સ્થળઃ ધર્મભકિત સકુંલ, ૭-વાણિયાવાડી, રાજકોટ.**
- વિસ્તૃત કાર્યસૂચી સોસાયટીનાં નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે.
- મીટીંગનાં સમયે સભા માટે જરૂરી કોરમ (ગણપુર્તિ) ન થાય તો મંડળીની સભાનું તેજ દિવસે તેજ સ્થળે એક કલાક બાદ કામકાજ શરૂ કરવામાં આવશે. જેને કોરમનો બાધ નડશે નહિ.
- વાર્ષિક સાધારણ સભામાં હાજર તમામ સભાસદે હાલના કોવિડ-૧૯ ના તમામ કાયદાઓ/નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(વ્યવસ્થાપક કમિટિના આદેશથી)
તા.૧૦/૦૪/૨૦૨૬
રાજકોટ.

# જવેલર્સ પેઢીમાં 'અસલી-નકલી'નો ખેલ કરી સોની વેપારીઓને છેતરતી ગેંગ ઝડપાઈ

## સોનીની દુકાને જઈ અસલી દાગીના સેરવી તેની જગ્યાએ ધાતુના ઘરેણાં મૂકી છેતરપિંડી આચરતા

## ઉપલેટાના ઢાંક ગામે વારાહી જવેલર્સમાં ઘુસેલી ગેંગે વેપારીની નજર ચૂકવી સોનાની વિંટી સેરવી ધાતુની વિંટી રાખી નાસી છૂટી'તી: પોલીસે ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી બે મહિલા, એક સગીર સહિત પાંચ શખ્સોને દબોચ્યા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર આખામાં સોનીની દુકાને જઈ અસલીની જગ્યાએ ખોટા દાગીના મૂકી છેતરપીંડી આચરતી ગેંગને ભાયાવદર પોલીસે પકડી રૂ.૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. ઉપલેટાના ઢાંક ગામે વારાહી જવેલર્સમાં ઘુસેલ ગેંગે વેપારીની નજર ચૂકવી સોનાની વિંટી સેરવી ધાતુની વિંટી રાખી નાસી છૂટી હતી. પોલીસે ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી બે મહિલા, એક સગીર સહિત પાંચ શખ્સોને દબોચ્યા હતા.

ભાયાવદર પોલીસ મથક વિસ્તારમાં ઢાંક ગામે વારાહી જવેલર્સ નામે દુકાન ચલાવી સોના-ચાંદીની વસ્તુનો વેપાર કરતા વેપારી તુષારભાઈ મનસુખભાઈ કુવર (રહે. ઉપલેટા) એ પોતાની ફરીયાદ જાહેર કરેલ કે, ગઈ તા.૨૮ ના સવારના આશરે અગ્યારેક વાગ્યાના અરસામા પોતે દુકાનપર હાજર હતા, એ દરમ્યાન ત્રણ અજાણી મહીલાઓ દુકાનમાં ખરીદી કરવાના બહાને પ્રવેશ કરી, પોતે ચરેલીયા ગામની હોવાની ખોટી ઓળખ આપી, ફરીયાદીને સોનાની વિંટી તથા બુટ્ટી બતાવવાનુ કહેતા ફરીયાદીએ આરોપી મહીલાઓને સોનાની વિંટી તથા બુટ્ટીના બોક્સ આપતા આરોપી મહીલાઓએ ફરીયાદીની નજર ચુકવી સોનાની વિંટીના બોક્સમા બે ખોટી ધાતુની વિંટી રાખી



ઓરીજનલ સોનાની વિંટી લઈ જઈ ફરીયાદી સાથે છેતરપીંડી કરી નાસી છુટી હતી. જે અંગે ભાયાવદર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી. આ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા ગુન્હાનો ભેદ ઉકેલી ગુન્હામા સંડોવાયેલ આરોપીઓને તાત્કાલીક પકડી પાડવાની આપેલ સુચનાથી ધોરાજી એએસપી સીમરન ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ ભાયાવદર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એ.બી.જાડેજાની રાહબરીમાં ટીમ તપાસમાં હતી તે દરમ્યાન એએસઆઈ શક્તિસિંહ જાડેજા, કોન્સ્ટેબલ સત્યપાલસિંહ જાડેજા અને અજયભાઈ સોરઠીયાને મળેલ સંયુક્ત બાતમી અને આરોપીઓએ ગુન્હામાં ઉપયોગમા લીધેલ વાહનની પોકેટ કોપ એપથી ઓળખ કરી આરોપીઓને ફુલ રૂ. ૫,૦૧ લાખના મુદામાલ સાથે પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો હતો. પકડાયેલ આરોપીઓમાં પ્રવિણ કાન્તી જખવાડીયા, કિશન જીતેન્દ્ર મેટાળીયા (રહે. બંને ગામ વડીયા, કુકાવાવ), રૂપાબેન જયેશ ડાભી (રહે. જેતપુર, ઘેટાવાળા પ્લોટ), સવીતાબેન હસા ભોજવીયા (રહે. રહે. જેતપુર ઘેટાવાળા પ્લોટ) અને એક સગીરનો સમાવેશ થાય છે. પોલીસે પકડાયેલ આરોપી પાસેથી સોનાની વિંટી નંગ-૨ રૂ.૭૦ હજાર, બોલેરો અને મોબાઈલ ફોન નંગ -૪ મળી કુલ રૂ.૫.૦૧ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

આ આરોપી મહીલાઓ સોનીની દુકાનમાં ખરીદી કરવાના બહાને પ્રવેશ કરી ઓરીજનલ સોનાની વસ્તુની જગ્યાએ ડુપ્લીકેટ સોનાની વસ્તુ મુકી, ઓરીજનલ સોનાની વસ્તુ લઈ જઈ છેતરપીંડી કરવાની મોડ્સ ઓપરેન્ડી ધરાવે છે.

### પોરબંદર, પ્રાચી, મીઠાપુર, તાલાળા અને વિરમગામમાં ઠગાઈ આચર્યાની કેફિયત

ઝડપાયેલી ગેંગએ અનેક સોની વેપારીઓ સાથે ઠગાઈ આચરી લીધાની કેફિયત આપી છે. જેમા બે મહીના પહેલા પોરબંદરમા સોની બજારમાં એક સોનાની દુકાનમાથી સોનાના ઘરેણાની છેતરપીંડી કરેલ, બે મહીના પહેલા વિરમગામ પાસે મોડલ ગામમા એક સોનાની દુકાનમાથી સોનાના ઘરેણાની છેતરપીંડી કરેલ, ૨૫ દીવસ પહેલા બાંટવામા એક સોનાની દુકાનમાથી સોનાના ઘરેણાની છેતરપીંડી કરેલ, ૨૦ દીવસ પહેલા મીઠાપુરમા એક સોનાની દુકાનમાથી સોનાના ઘરેણાની છેતરપીંડી કરેલ, બે મહીના પહેલા પ્રાચીમા એક સોનાની દુકાનમાથી સોનાના ઘરેણાની છેતરપીંડી, બે મહીના પહેલા તાલાળામાથી બે સ્થળે પરથી સોનાના ઘરેણાની છેતરપીંડી કર્યાની કબુલાત આપી હતી.

## ભાયાવદર પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એ.બી. જાડેજા અને ટીમની કાર્યવાહી: રૂ.૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર ચાલતી કારમાં આગ લાગતા ૫ જીવતા ભૂંજાયા

## કાર ચાલક વિનોદ કુમાર મેહરે કારમાંથી કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો, હાલત ગંભીર

**અબતક, રાજકોટ**

રાજસ્થાનના અલવર જિલ્લામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર બુધવારે મોડી રાત્રે એક અકસ્માત સર્જાયો હતો. વૈષ્ણોદેવીના દર્શન કરીને પરત ફરી રહેલા એક જ પરિવારના ૫ સભ્યો ચાલતી કારમાં આગ લાગવાના કારણે જીવતા ભૂંજાયા હતા. આ દુર્ઘટનામાં કાર ચાલક ગંભીર રીતે દાઝી ગયો છે.ડીએસપી કૈલાશ જિંદાલના જણાવ્યા મુજબ, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર મોજપુર નજીક પિલર નંબર ૧૧૫/૩૦૦ પાસે રાત્રે ૧ વાગ્યે આ દુર્ઘટના ઘટી હતી. કાર દિલ્હીથી કોટા તરફ જઈ રહી હતી ત્યારે અચાનક તેમાં આગ ફાટી નીકળી હતી. આગ એટલી ઝડપથી ફેલાઈ કે કારમાં સવાર લોકોને બહાર નીકળવાની તક પણ મળી ન હતી અને જોતજોતામાં કાર આગનો ગોળો બની ગઈ હતી.

આ અકસ્માતમાં મધ્યપ્રદેશના શ્યોપુરના રહેવાસી ૩ મહિલાઓ, એક બાળકી અને એક પુરુષ સહિત કુલ ૫ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. કાર ચાલક વિનોદ કુમાર મેહરે કારમાંથી કૂદીને મહામુશ્કેલીએ પોતાનો જીવ બચાવ્યો હતો, પરંતુ તે ૮૦% જેટલો દાઝી ગયો છે.

દુર્ઘટનાની જાણ થતા જ એનએચએઆઈની પેટ્રોલિંગ ટીમ, એમ્બ્યુલન્સ અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયર બ્રિગેડની બે ગાડીઓએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. ગંભીર રીતે દાઝેલા ડ્રાઈવરને પ્રથમ પિનાન સીએચસી અને ત્યારબાદ અલવરની સામાન્ય હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે. એસપી સુધીર ચૌધરીએ પણ ઘટનાસ્થળની મુલાકાત લઈને મૃતકોની ઓળખ કરવા અને તપાસ તેજ કરવા નિર્દેશ આપ્યા છે.

# ભચાઉ: વ્યાજખોર દિલિપગર ગોસાઈ ઝડપાયો

## ફરિયાદીની બે લાખની કિંમત કાર આરોપી પાસે કબજે કરી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ભચાઉ પોલીસ સ્ટેશન, પૂર્વ કચ્છ ગાંધીધામ દ્વારા ગેરકાયદેસર રીતે નાણાની હેરફેર કરતા એક ઈસમને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડા તથા ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ભચાઉ પોલીસની ટીમ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન બાતમી હકિકત આધારે આરોપી દિલીપગર ચતુરગર ગુસાઈને પકડી પાડી ફરીયાદીની બે લાખની કિંમતની ગાડી જીજે-૧૨-ડીએસ-૩૫૫૬ આરોપી પાસેથી રીકવર કરી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કાર્યવાહી ભચાઉ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર તથા સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી છે.

# જગદીશચંદ્ર કોઠારીનું નિધન: કાલે ઉઠમણું/પ્રાર્થનાસભા



**રાજકોટ:** જગદીશચંદ્ર રાયચંદ કોઠારી (ઉં. ૮૯) (ચોટીલા વાળા હાલ રાજકોટ) તે સ્વ.જયોતિબેનના પતિ તથા સ્વ.રાયચંદ મગનલાલ કોઠારીના પુત્ર, પરાગ-રીટા-ચેતનાના પિતા, હિતેન-ચેતન-શિલ્પાના સસરા, હેમ-ધ્વનિના દાદા તથા જીલના તથા મોનીલના દાદા સસરા, સ્વ. જયવંતલાલ જગજીવન મીઠાણીના જમાઈ, સીએ ભરત અને મિલન મીઠાણીના બનેવી તા.૨૯-૦૪-૨૦૨૬ના સવારે ૧.૧૫ વાગ્યે અવસાન થયેલ છે. તેમનુ ઉઠમણું તા. ૦૧-૦૫-૨૦૨૬ના સવારે ૧૦:૦૦ થી ૧૦:૩૦ તથા પ્રાર્થના સભા ૧૦:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી પારસ કોમ્યુનિટી હોલ, નિર્મલા સ્કૂલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

# જોડીયામાં જામ દુધઈ રોડ પર ટ્રક અને બોલેરો પીકપ વેન વચ્ચેના અકસ્માતમાં એક યુવાનનું મોત: એકને ઈજા

## દેવભૂમિ દ્વારકા જિલ્લાના વરવાળામાં યોજાયેલા ઉર્ષના મેળામાંથી પરત આવતી વેળાએ નડ્યો અકસ્માત

**અબતક, જામનગર**

જામનગર તા ૩૦, જામનગર જિલ્લાના જોડીયા તાલુકામાં ધ્રોલ-જોડીયા હાઈવે પર ગંભીર માર્ગ અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. જોડીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુન્હા મુજબ ગઈકાલે સવારના અંદાજે ૯:૦૦ વાગ્યે જામદુધઈ ગામથી આગળ સનસાઈન સ્કૂલ સામે આ અકસ્માત બન્યો હતો.

ફરીયાદી અબ્દુલજબ્બાર અબ્દુલમજીદ મન્સુરી (ઉ.વ. ૨૨, રહે. ઉત્તરપ્રદેશ) દ્વારા નોંધાવવામાં આવેલ ફરિયાદ મુજબ, તેમના મોટા ભાઈ અબ્દુલગફાર અબ્દુલમજીદ મન્સુરી (ઉ.વ. ૩૫) બોલેરો પીકઅપ વેન ચલાવી દેવભૂમિ દ્વારકાના વરવાળાથી મોરબી જિલ્લાના આમરણ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન આગળ જતો ટ્રક (રજી. નં. જી.જે. ૧૨-બી.ડબ્લ્યુ ૬૯૩૩)ના ચાલક ધર્મેન્દ્રકુમાર રમજીત પાલે અચાનક બેદરકારીપૂર્વક બ્રેક મારતા પાછળથી આવતી બોલેરો પીકઅપ ટ્રકના પાછળના ભાગે અથડાઈ હતી. આ અકસ્માતમાં રામસેવક સોનકરને માથાના ભાગે ઈજા પહોંચી હતી, જ્યારે અબ્દુલગફાર મન્સુરીને માથા તથા શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું મોત નીપજ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લાના વરવાળામાં યોજાયેલા ઉર્ષના મેળામાંથી પરત આવતી વખતે અને આમરણ ના મેળામાં જતી વખતે રસ્તામાં આ અકસ્માત નડ્યો હતો. આ બનાવ અંગે જોડીયા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમો તથા મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. વધુ તપાસ પી.એસ.આઈ. કે.ડી. જાડેજા દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

## (પહેલા પાનાનું ચાલું)

(પહેલા પાનાનું ચાલું)

### ભાજપ...

ફરીથી સત્તા સ્થાપશે તેવી પૂરેપૂરી શક્યતા છે.

જોકે એક્ઝિટ પોલ એ માત્ર અંદાજ છે, પરંતુ જે રીતે બંગાળના ખૂણેખૂણેથી ભાજપની લહેરના સમાચાર મળી રહ્યા છે, તે જોતા ૪ મે ના રોજ જ્યારે મતોની ગણતરી થશે, ત્યારે મમતા બેનર્જી માટે સત્તા બચાવવી મુશ્કેલ સાબિત થઈ શકે છે. હુગલીના કિનારે આ વખતે કમળ ખીલે તેવા પૂરેપૂરા એંધાણ છે.

### સેન્સેક્સ...

જોવા મળ્યું હતું:૧,૦૦૦ થી વધુ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૦૦૦ ની સપાટી તોડી નીચે સરક્યો. ૩૦૦ પોઈન્ટથી વધુ તૂટીને ૨૩,૮૫૦ ની આસપાસ ટ્રેડ થયો બેંકિંગ, આઈટી અને ઓટો સેક્ટરના શેરોમાં ભારે વેચાણ જોવા મળ્યું છે.

બજારમાં વધતી અસ્થિરતાને કારણે રોકાણકારોમાં ગભરાટનો માહોલ છે. નિષ્ણાતોના મતે, જ્યાં સુધી ભૌગોલિક રાજકીય તણાવ હળવો નહીં થાય અને ક્રૂડના ભાવ સ્થિર નહીં થાય ત્યાં સુધી બજારમાં રિકવરી આવવી મુશ્કેલ જણાઈ રહી છે. વિદેશી રોકાણકારો સતત માલ વેચીને સુરક્ષિત ગણાતા અમેરિકી બોન્ડ તરફ વળી રહ્યા છે, જે ભારતીય બજાર માટે નકારાત્મક સંકેત છે.

### ઓપેક...

એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે યુએઈના આ નિર્ણયથી ભારતને ઓપેકના ઉત્પાદન નિયંત્રણો વિના લાંબા ગાળાના ઓઈલ વેપાર કરાર કરવાની તક મળશે. ભૌગોલિક નિકટતા અને આ ક્ષેત્રમાંથી નિકાસ થતા ક્રૂડની ઉચ્ચ ગુણવત્તાને કારણે આ કરાર વધુ ફાયદાકારક રહેશે. ભારત અને યુએઈ વચ્ચેની વ્યુહાત્મક ભાગીદારીને જોતા ક્રૂડના ભાવ અંગે પણ વાટાઘાટો થઈ શકે છે. પેટ્રોલિયમ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માને જ્યારે યુએઈના ઓપેકમાંથી બહાર નીકળવાની ભારત પર પડનારી અસર વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે જણાવ્યું હતું કે આ અંગે અત્યારે ટિપ્પણી કરવી વહેલી ગણાશે.

સાઉદી અરેબિયા અને ઈરાક પછી યુએઈ ઓપેક સભ્યોમાં ૩ જો સૌથી મોટો ઓઈલ ઉત્પાદક દેશ છે, જે ગ્રુપના કુલ ઉત્પાદનમાં ૧૩% હિસ્સો ધરાવે છે. યુએઈની ઓઈલ ઉત્પાદન ક્ષમતા ૪.૨ થી ૪.૫ મિલિયન બેરલ પ્રતિ દિવસ અંદાજવામાં આવી છે, જ્યારે તે હાલમાં ૩ થી ૩.૨ એમબીડી ઉત્પાદન કરે છે અને ૨૦૨૭ સુધીમાં ઉત્પાદન વધારીને ૫ એમબીડી કરવાની યોજના ધરાવે છે. યુએઈ અમેરિકા, રશિયા અને આફ્રિકન દેશો કરતા ભારતની વધુ નજીક હોવાથી, ત્યાંથી વધુ ખરીદીનો અર્થ એ છે કે માલવાહક ખર્ચ (ફ્રેઈટ ચાર્જ) ઓછો થશે, જેનાથી ભારતનું આયાત બિલ પણ ઘટશે.

### વાયબ્રન્ટ...

અને એપેરલ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી, એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ, તેમજ ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ અને સ્ટાર્ટઅપ્સ જેવા ક્ષેત્રોમાં રોકાણની વિપુલ તકો રહેલી છે.

૨૦૦૩ માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની શરૂઆત થઈ હતી. આ રિજનલ કોન્ફરન્સનો મુખ્ય હેતુ વિકસિત ભારત એટ ૨૦૪૭ અને વિકસિત ગુજરાત એટ ૨૦૪૭ ના વિઝન સાથે સ્થાનિક પ્રાથમિકતાઓને જોડવાનો છે. તે ટાયર-૨ અને ૩ શહેરોની અણખેડાયેલી ક્ષમતાઓને બહાર લાવવા માટે અને વૈશ્વિક તકો સાથે જોડવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડે છે.

સુરતની ઓરો યુનિવર્સિટીમાં યોજાનાર આ બે દિવસીય કાર્યક્રમમાં બી-ટુ-બી અને બી-ટુ-જી મીટિંગ્સ, ટ્રેડ શો, એક્ઝિબિશન અને એમઓયુ સાઈનિંગ જેવી મહત્વની ગતિવિધિઓ જોવા મળશે. આ કોન્ફરન્સની સિદ્ધિઓને આગામી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં પ્રદર્શિત કરવામાં આવશે, જેનાથી પ્રાદેશિક અર્થતંત્રને મોટો વેગ મળશે. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમ ૧ અને ૨ મે ૨૦૨૬ ના રોજ સુરતની ઓરો યુનિવર્સિટી ખાતે યોજાશે. આ ઉપરાંત ૧ મે ૨૦૨૬ ના રોજ સાંજે ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે એક સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાવાનો છે.

### આફ્રિકા...

કદમ છે અને ચીન-આફ્રિકા સહયોગ મંચની સિદ્ધિઓને અમલમાં મૂકવાની તથા નવા યુગમાં દરેક પરિસ્થિતિમાં સાથ આપનારા ચીન-આફ્રિકાના સહિયારા ભવિષ્યવાળા સમુદાયના નિર્માણની રચનાત્મક કાર્યવાહી છે, જેણે વૈશ્વિક વિકાસશીલ દેશોના સહયોગ માટે એક મિસાલ કાયમ કરી છે.

માહિતી અનુસાર, ઝીરો ટેરિફના અમલીકરણથી ચીની બજારમાં આફ્રિકન વસ્તુઓના પ્રવેશનો ખર્ચ ઓછો થશે અને આફ્રિકન વસ્તુઓને સ્પર્ધાત્મક લાભ મળશે. ઝીરો ટેરિફથી આફ્રિકામાં ચીન સહિતના વ્યાપારી ભાગીદારોનું રોકાણ વધશે અને મૂડી, ટેકનોલોજી, સાધનસામગ્રી અને મેનેજમેન્ટનો અનુભવ આવશે. આ ઉપરાંત આફ્રિકન દેશોની આર્થિક પ્રગતિને પણ વેગ મળશે.

### દીવાલ ઘસી પડતા...

મહિલાઓ, ઉત્તર પ્રદેશ અને આસામના ફેરિયાઓએ પણ જીવ ગુમાવ્યો છે. વરસાદથી બચવા માટે આ લોકો દીવાલના સહારે ઉભા હતા. હોસ્પિટલ કેમ્પસમાં ચાલી રહેલા બાંધકામને કારણે દીવાલ પાસે રેતીના ઢગલા ખડકાયેલા હતા, જેના દબાણને કારણે દીવાલ પડી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ મૃતકોના પરિવારજનોને રૂ. ૫ લાખની સહાય આપવાની જાહેરાત કરી છે. ઈજાગ્રસ્તોને મફત સારવાર આપવા આદેશ આપ્યો છે અને જો અધિકારીઓની બેદરકારી જણાશે તો તેમની સામે કડક કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું છે.વરસાદ તો નિમિત્ત બન્યો, પણ નબળી દીવાલ અને તેની બાજુમાં ખડકાયેલી રેતી તંત્રની બેદરકારી સૂચવે છે, જેને કારણે નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો.

જાહેર સ્થળો પર સુરક્ષાના નિયમોનું પાલન થાય અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે તંત્ર પર દબાણ લાવવા. સામાન્ય નાગરિકો અને શ્રમિકો જેઓ અચાનક આવી દુર્ઘટનાનો ભોગ બન્યા, તેમના પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### પદાધિકારીઓ નક્કી કરવા...

બાદ પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકની તારીખ જાહેર કરવામાં આવશે. જેમાં એક પછી એક મહાનગરો અને જિલ્લાનો વારો લેવામાં આવશે. સ્થાનિક કક્ષાએ પદાધિકારીઓના નામ માટે બનાવવામાં આવેલી પેનલોમાં મુકવામાં આવેલા નામો અંગે જો પાર્લામેન્ટરી બોર્ડને ફેરફાર કરવાની આવશ્યકતા જણાશે તો સુચના આપી શકે છે. જે-તે પાલિકા કે પંચાયતમાં પદાધિકારીઓની નિમણુંક માટે બોર્ડ - બેઠકના દિવસે બોર્ડ શરૂ થવાના એક કલાક અગાઉ પદાધિકારીઓના નામનું બંધ કવર લઈ પ્રદેશમાંથી કોઈ આગેવાન આવશે. આ ઉપરાંત એક શક્યતા એવી પણ છે કે તમામ સ્થળોએ પ્રદેશના આગેવાનોને મોકલવાના બદલે નામોનો ફેક્સ પણ ઉતારી દેવામાં આવશે.

આવતીકાલથી ત્રણ દિવસ હવે દાવેદારોને સાંભળવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. નિરિક્ષકો ફરી એકવાર તમામ જિલ્લા અને મહાનગરોમાં જશે અને સરકારી લાલ લાઈટવાળી ગાડી મેળવવા તલપાપડ થઈ રહેલાઓને સાંભળવામાં આવશે.

### કીર્તિદાન...

લેતા સીઆઈડી ક્રાઈમ સાયબર સેલ, ગાંધીનગરના ૨૦ અને ૨૧ ફેબ્રુઆરીના તમામ સીસીટીવી ફૂટેજ સુરક્ષિત રાખવાનો આદેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જો પોલીસ સ્ટેશનમાં કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કે ટોર્ચર થયું હશે, તો આ ફૂટેજ પુરાવા તરીકે મહત્વના સાબિત થશે.

અરજદારે માંગ કરી છે કે આ સમગ્ર પ્રકરણમાં સંડોવાયેલા પોલીસ અધિકારીઓ સામે ખાતાકીય તપાસ કરવામાં આવે અને તેમની સામે કાયદેસરના પગલાં લેવામાં આવે. આ કેસની વધુ સુનાવણી હવે ૧૭ જૂનના રોજ હાથ ધરવામાં આવશે, જેમાં તમામ પક્ષકારોએ પોતાનો જવાબ રજૂ કરવાનો રહેશે.

નવરાત્રીના આયોજનથી શરૂ થયેલો આ વિવાદ હવે પોલીસની કાર્યપ્રણાલી અને સેલિબ્રિટીઝના પોલીસ સાથેના કથિત સંબંધો પર મોટા સવાલો ઊભા કરી રહ્યો છે.

### સરકારી સેવાઓ...

મહત્વની 'ટોપ-૨૦' હાઈ-વોલ્યુમ સેવાઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે અને તેના માટે આધાર પ્રમાણીકરણ પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે.

આ નિર્ણયથી રાજ્ય સરકારની વિવિધ સેવાઓમાં પારદર્શિતા અને ચોકસાઈ વધશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ સરકારી યોજનાઓના લાભ માત્ર પાત્રતા ધરાવતા અને સાચા લાભાર્થીઓને જ મળે તે સુનિશ્ચિત કરવાનો છે. આધાર પ્રમાણીકરણથી ડુપ્લીકેશન અટકાવી શકાશે અને સમગ્ર વ્યવસ્થા વધુ વિશ્વસનીય બનશે. આ પ્રક્રિયા માટે અરજદારની પૂર્વ સંમતિ મેળવવી અનિવાર્ય રહેશે.

વધુમાં, આ સેવાઓ માટે એકવાર આધાર પ્રમાણીકરણ સફળતાપૂર્વક થઈ ગયા પછી નાગરિકોએ પોતાની ઓળખ અથવા રહેઠાણના પુરાવા માટે અન્ય કોઈ વધારાના દસ્તાવેજો આપવાની જરૂર રહેશે નહીં. જેના થકી અરજી પ્રક્રિયા અત્યંત સરળ અને પેપરલેસ બનશે.

મંત્રીએ જણાવ્યું કે, આ સેવાઓ માટે આધાર પ્રમાણીકરણ એક વન ટાઈમ પાસવર્ડ-ઓટીપી આધારિત પ્રમાણીકરણ અથવા બીજી જ્યાં સાધન-સુવિધા ઉપલબ્ધ હોય ત્યાં બાયોમેટ્રિક આધારિત પ્રમાણીકરણ કરવામાં આવશે. વધુમાં, જો કોઈ નાગરિક પાસે આધાર કાર્ડ ન હોય અથવા ટેકનિકલ કારણોસર પ્રમાણીકરણ નિષ્ફળ જાય તો પણ તેને સેવાથી વંચિત રાખવામાં આવશે નહીં. આવા અપવાદરૂપ કિસ્સાઓમાં અન્ય વૈકલ્પિક ઓળખ પુરાવાઓ દ્વારા ખરાઈ કરીને સેવા પૂરી પાડવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

ડેટા સુરક્ષાની ખાસ તકેદારી વિશે તેમણે કહ્યું કે, સુરક્ષાના પાસાને ધ્યાને રાખીને સિસ્ટમમાં ક્યાંય પણ સંપૂર્ણ આધાર નંબર દર્શાવવામાં આવશે નહીં. જરૂર જણાય ત્યાં માત્ર છેલ્લા ૪ આંકડા એટલે કે માર્ક આધાર જ જોઈ શકાશે. આ ઉપરાંત યુઆઈડીએઆઈની તમામ સુરક્ષા માર્ગદર્શિકાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે.

### સીએમનો આદેશ...

તેને રાજ્ય સરકાર પોતાની નૈતિક જવાબદારી ગણે છે.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન મુખ્યમંત્રી, મંત્રીઓ અને જનપ્રતિનિધિઓએ રાજ્યના ખૂણે-ખૂણે વ્યાપક લોકસંપર્ક કર્યો હતો. આ સંપર્ક દરમિયાન જનતા દ્વારા અનેક પ્રકારની સ્થાનિક સમસ્યાઓ, વહીવટી પ્રશ્નો અને નવી અપેક્ષાઓ સરકારના ધ્યાને મૂકવામાં આવી છે. નાગરિકોની આ ફરિયાદો અને પ્રશ્નોના ત્વરિત અને અસરકારક નિરાકરણ માટે મુખ્યમંત્રીએ મુખ્ય સચિવને વિશેષ સૂચનાઓ આપી છે.

મંત્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું હતું કે રાજ્ય સરકાર માટે સત્તા એ માત્ર જનતાની સેવા કરવાનું સાધન છે. જનતાએ જે અપાર વિશ્વાસ અને બહુમતી આપી છે, તેના બદલામાં સરકાર વધુ સુવિધા અને પારદર્શક વહીવટ આપવા કટિબદ્ધ છે. ચૂંટણી એ લોકશાહીનો ઉત્સવ છે, પરંતુ હવેનો સમય પ્રજાની આકાંક્ષાઓને પૂર્ણ કરવાનો છે.

પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યથી લઈને ગ્રામ્ય કક્ષા સુધી મળેલી ફરિયાદોનું લિસ્ટ બનાવી, તેના ત્વરિત નિવારણ માટે એક્શન પ્લાન તૈયાર કરવા મુખ્યમંત્રીએ ઉચ્ચ અધિકારીઓને આદેશ આપ્યા છે.

મુખ્યમંત્રીના નેતૃત્વમાં આગામી દિવસોમાં રાજ્યના દરેક ખૂણે વિકાસના કામોમાં ગતિ આવશે. વિજયના ઉત્સાહને સેવામાં પરિવર્તિત કરીને નાગરિકોની નાની-મોટી તમામ મુશ્કેલીઓનો અંત લાવવા સરકાર આગામી દિવસોમાં વધુ વેગથી કાર્ય કરશે તેમ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું.

### રાજકીય અસ્તિત્વ...

અનાજના ટ્રાન્સપોર્ટેશન અને ટીપી સ્કીમો બાબતે ભ્રામક જૂઠાણાં ફેલાવ્યા, તેને જનતાએ મતો દ્વારા સણસણતો જવાબ આપ્યો છે.

મંત્રીએ વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે, ચૂંટણીમાં પરાજય બાદ વિપક્ષો 'મજબૂત વિકલ્પ' બનવાની અને 'વોટ શેર' વધારવાના બણગા ફૂંકીને પોતાની હાર ઢાંકવાનો પ્રયાસ કરી રહ્યા છે. દરેક ચૂંટણી બાદ પત્નો ટૂંકો પડ્યોના બહાના કાઢતા વિપક્ષે સ્વીકારી લેવું જોઈએ કે, તેઓ ચૂંટણી જીતવા માટે નહીં પણ માત્ર અસ્તિત્વ ટકાવવા લડી રહ્યા છે. તેમણે વિપક્ષને પરાજય સ્વીકારવા અને નકારાત્મકતા છોડી જનતાના હિતમાં સકારાત્મક અને રચનાત્મક વિપક્ષ તરીકે ભૂમિકા ભજવવા અપીલ કરી હતી.

# દુ:ખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**જોડિયા:** કાલાવડ નિવાસી સ્વ.નવલચંદ નરભેરામ કોઠારીનાં પુત્ર હસમુખરાય ઉ.વ.૭૬ તે ભારતીબેનનાં પતિ, જીજ્ઞેશભાઈ (વીવીપી કોલેજ), જયદીપભાઈ (ખડધોરાજી પ્રા.શાળા) તથા રચનાબેન હિરેનભાઈ શેઠનાં પિતા તથા સ્વ.શાંતિલાલ કાલિદાસ શાહ (ભુડાસણ)ના જમાઈ તથા નવીનભાઈ, ધનાભાઈ, અરવિંદભાઈ, મનોજભાઈનાં ભાઈનું તા.૨૯/૦૪/૨૦૨૬ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા.૦૩/૦૫/૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૦ વાગ્યે યુ.પી.વી. કન્યા વિદ્યાલય (હુન્નર શાળા) જોડિયા ખાતે રાખેલ છે.

**રાજકોટ :** અરજણસુખ નિવાસી માવજીભાઈ મનજીભાઈ વઘાસિયા (ઉ.વ.૭૯) તે નરેન્દ્રભાઈ, ગોરધનભાઈ તથા કિશોરભાઈના પિતાનું તા. ૨૩ના રોજ ગુરૂવારે અવસાન થયેલ છે. બેસણું તા. ૩૦ને ગુરૂવારના રોજ સાંજે ૪થી ૬, એસ્ટ્રોન સોસાયટી, કોમ્યુનિટી હોલ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** જૂનાગઢ નિવાસી જયંતીલાલ મનસુખલાલ આસલપરાના પત્ની અનિલાબેન(ઉ.૬૪) તે હિરેનભાઈ, મયુરભાઈ, હિરલબેનના માતા, કેહાન, નૈરિતના દાદી, બાબુભાઈ નાગજીભાઈ વિસાવાડિયાના પુત્રીનું તા.૨૮ના રોજ અવસાન થયું છે. તેમનું બેસણું તા.૧ ને શુક્રવાર, સાંજે ૫થી ૭, વિશ્વકર્મા સમાજ, ગીરનાર દરવાજા, જુનાગઢ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** યજુર્વેદી શ્રીમાળી બ્રાહ્મણ ભગવતીપ્રસાદ છોટાલાલ દવે (દવે બાપુ, ગાયત્રી મંદિર, કુવાડવા) તે સ્વ. ભૂપેન્દ્રભાઈના નાનાભાઈ તથા દિલીપભાઈના મોટાભાઈ તેમજ મોરબી નિવાસી હરેશભાઈના કાકાનું અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧ ના રોજ શુક્રવારે સાંજે ૫ થી ૭ શ્રી ગાયત્રી મંદિર, અમદાવાદ હાઈવે ક્રિષ્ના વોટરપાર્કની પાસે કુવાડવા ખાતે રાખેલ છે.

**જુનાગઢ:** દાઉદી વ્હોરા રસીદાબેન અલીહુશેનભાઈ માંકડા (ઉ.વ.૬૮) જાકીરભાઈ, મોઈઝભાઈના માતા અબ્દુલભાઈ, ઈનાયતભાઈ, ઈકબાલભાઈના બહેન તા.૨૯ એપ્રિલ ૨૦૨૬ને બુધવારના રોજ જુનાગઢ મુકામે વફાત પામેલ છે મર્હુમાની જીયારત (કુરાનખ્વાની) તા.૧ મે ૨૦૨૬ને શુક્રવારના રોજ બપોરે ૧૨ કલાકે બુરહાની મસ્જિદ જુનાગઢ ખાતે રાખવામાં આવેલ છે. ટેલિફોનીક શોક સંદેશો મો.૯૮૨૪૫૮૦૯૫૨, ૮૦૦૦૦૭૨૫૩ ઉપર વ્યક્ત કરવો.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

ભાજપના ભવ્ય વિજય સરઘસથી જામ્યો કેસરિયો માહોલ

# ગોંડલના વિકાસમાં રોડા નાખવા આવશો તો રસ્તો ભૂલી જશો: જયરાજસિંહની સિંહ ગર્જના

## ગોંડલને બદનામ કરનારાઓ કરતા પ્રજાના વિશ્વાસ પર અમને ભરોસો છે: ધારાસભ્ય ગીતાબા જાડેજા

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ નગરપાલિકામાં ભાજપે તમામ ૪૪ બેઠકો ઉપર વિજય મેળવી વિપક્ષ નો સતત બીજી ચુંટણી માં સફાયો કરી વિજય હાંસલ કર્યો હોય કોલેજચોક ખાતે ભાજપ દ્વારા વિજય વિશ્વાસ સભાનું આયોજન કરાયુ હતું.જેમાં પુર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજાએ તેમનાં અસલી દબંગ અંદાજ માં વિરોધીઓ ને લલકાર કરી જણાવ્યું કે શેખચલ્લી નાં સપના જોવાનું બંધ કરો.મર્દ બની સામે આવો.

લેઉવાપટેલ સમાજે મને મોટો કર્યો છે.જયરાજસિહ જે કાંઇ પણ છે.તે આ સમાજ ને કારણે છે.એટલે ૨૦૨૭ નાં સ્વપન જોવાનું બંધ કરો.ગોંડલ પંથક માં જ્યારે સળગતો પ્રશ્ન ઉભો થાય ત્યારે મર્દ બની આવજો.જયરાજસિહ ત્યાં ઉભો જ હશે.ગોંડલ ની પ્રજાએ બબ્બે વખત ૪૪ બેઠકો આપી છે.આ ચુકાદો શિરોમાન્ય કરુ છુ.

તેમણે આપના જીગીશા પટેલનું નામ લીધા વગર આડે હાથ લઈ કહ્યુ કે તમે હજુ આઠ મહીના થી આવ્યાં છો.અને ગોંડલ ની ચિંતા કરવાનું શરુ કર્યુ.મને ગોંડલ ને સમજતા દશ વર્ષ લાગ્યા છે.લોકોનાં દિલ જીતવા માં સમય લાગે છે.

ગોંડલ ની પ્રજા એ તમને બેય ગાલે તમાચા માર્યા છે.તમારાં માટે આટલુ કાફી છે.ગોંડલ ને મિરઝાપુર કહી બદનામ કરવાનુ બંધ કરો.આ ગામ ઉર્જાપુર છે.પાછા વળવાં માં ગોંડલ ની પ્રજા તમને રસ્તો પણ ભુલાવી દેશે.નગરપાલિકાનાં પરીણામે તમને સબક આપી દિધો છે.



જયરાજસિહ જાડેજાએ તાલુકાની ચાર અને જીલ્લાની મોવિયા બેઠક ઉપર ભાજપ ને થયેલા નુકસાન નો ચુકાદો સ્વિકારી કહ્યુ કે આ પ્રવાહ છે.

ચાલ્યા કરે. નિરાશ થવાની જરુર નથી.

તેમણે નગરપાલિકા, તાલુકા,જીલ્લા પંચાયત ની ચુંટણીમાં વિજેતા બનેલા ભાજપ નાં ઉમેદવારો ને શીખ આપતા કહ્યુ કે લોકોનાં મતથી ચુંટાયા છો.તો લોકોનાં દિલ જીતજો.ચુંટાયા પછી તમારી જવાબદારી વધીછે.દિવસ રાત લોકોની વચ્ચે અને તેમની સાથે રહેજો.

ધારાસભ્ય ગીતાબા જાડેજાએ કહ્યુ કે ગોંડલ ને બદનામ કરનારાઓ કરતા પ્રજાનાં વિશ્વાસ પર અમને ભરોશો છે.અમારો આખો પરિવાર ગોંડલ ને સમર્પિત છીએ.



તેમણે કહ્યુ કે પહેલાં સમર્પિત થતા શીખો.સીધેસીધુ કોઈ પદ કે પ્રતિષ્ઠા પ્રાપ્ત થતી નથી.જયરાજસિહ જાડેજા તથા ધારાસભ્ય ગીતાબા જાડેજાએ ચુંટાયેલા સદસ્યોનું અભિવાદન કર્યુ હતું.

વિજય વિશ્વાસ સભા ને ભાજપ નાં પીઢ આગેવાન કનકસિંહ જાડેજા, મનસુખભાઈ સખીયા, પ્રફુલભાઈ ટોળીયા, મુસ્લિમ અગ્રણી ફતાભાઇ નુરસુમાર, ગણેશભાઈ, રાજેન્દ્રસિંહ જાડેજા ઉપરાંત નગરપાલિકા માં ચુંટાયેલા મિતલબેન ધાનાણી તથા પ્રિયંકાબેન માધડે સંબોધન કર્યુ હતું.

# દેશના ૫ કરોડ દિવ્યાંગોને ઉદ્યોગ સાહસિક બનાવવા 'કેટ'નું રાષ્ટ્રીય અભિયાન

## નિર્ભરતાથી સક્ષમતા તરફના મંત્ર સાથે પ્રવીણ ખંડેલવાલ અને શંકર ઠક્કરે ફૂંક્યું પરિવર્તનનું રણશિંગું; દિલ્હીમાં યોજાશે વિશેષ 'એબિલિટી એક્સ્પો'



**અબતક, કિરીટ રાણપરીયા ઉપલેટા**

દેશના ૫ કરોડથી વધુ દિવ્યાંગજનોના સશક્તિકરણને નવી દિશા આપવા માટે કન્ફેડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સ (ઈઅઈઝ - કેટ) અને દિવ્યાંગ સંગઠન 'આઈડિયા' દ્વારા એક ઐતિહાસિક પહેલની શરૂઆત કરવામાં આવી છે. દિલ્હીના કન્સ્ટિટ્યુશન કલબ ખાતે આયોજિત 'એબિલિટી કોન્કલેવ'માં દિવ્યાંગોને માત્ર સહાયતાના પાત્ર નહીં, પરંતુ સામર્થ્યના કેન્દ્ર તરીકે સ્થાપિત કરી તેમને મોટા પાયે ઉદ્યોગસાહસિકતા સાથે જોડવા રાષ્ટ્રીય અભિયાન શરૂ કરાયું છે.

કેટના રાષ્ટ્રીય મંત્રી શંકર ઠક્કરે જણાવ્યું હતું કે, આ માત્ર એક કાર્યક્રમ નથી પરંતુ ભારતની વિચારસરણી બદલવાનું આંદોલન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ભરતા થી સક્ષમતા તરફના વિઝનને સાકાર કરવા વેપારી સંગઠનો હવે દિવ્યાંગોને નોકરી શોધનાર નહીં પણ 'નોકરી દાતા' બનાવવા માટે કટિબદ્ધ થયા છે.

ચાંદની ચોકના સાંસદ અને કેટના રાષ્ટ્રીય મહામંત્રી પ્રવીણ ખંડેલવાલે આ અભિયાનનો મૂળ મંત્ર 'મોબિલિટી થી એબિલિટી' આપતા '૧૦૦ એક્સિલેકટર્સ પ્રોગ્રામ'ની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમ હેઠળ દિવ્યાંગોને તાલીમ, કૌશલ્ય વિકાસ, નાણાકીય સહાય અને સીધા બજાર સાથે જોડવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, જો દિવ્યાંગોને યોગ્ય ટેકનોલોજી અને તક મળે તો તેઓ દેશની અર્થવ્યવસ્થામાં ક્રાંતિ લાવી શકે છે.

આ અભિયાનના ભાગરૂપે આગામી ૧૨ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન દિલ્હી ખાતે યોજાનારા 'ભારતીય વેપાર મહોત્સવ'માં વિશેષ 'એબિલિટી એક્સ્પો'નું આયોજન થશે. જેમાં દિવ્યાંગ ઉદ્યોગસાહસિકોના ઉત્પાદનો અને તેમની નવીનતાઓને રાષ્ટ્રીય મંચ પૂરું પાડવામાં આવશે. આ ઉપરાંત, કેટ દ્વારા દેશભરમાં ડિજિટલ માર્કેટિંગ અને ઈ-કોમર્સ માટે વિશેષ સ્કિલ ડેવલપમેન્ટ મિશન પણ ચલાવવામાં આવશે.

આ પ્રસંગે આઈડિયાના સ્થાપક મલ્લિકાર્જુન અને ઉદ્યોગસાહસિક અજય ગુપ્તા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને દિવ્યાંગોને સન્માન સાથે આગળ વધારવાના આ સંકલ્પને ટેકો જાહેર કર્યો હતો.

### પેટીએમ બેંકનું લાયસન્સ રદ કરવાના આરબીઆઈના નિર્ણયને 'કેટ'નો ટેકો

રિઝર્વ બેંક દ્વારા પેટીએમ પેમેન્ટ્સ બેંકનું લાયસન્સ રદ કરવાના નિર્ણયને 'કેટ' એ આવકાર્યો છે. કેટના રાષ્ટ્રીય મંત્રી શંકર ઠક્કરે જણાવ્યું કે, વારંવાર નિયમોની અવગણના કરનાર સંસ્થા સામે આ કાર્યવાહી જનહિતમાં છે. આ નિર્ણયથી કરોડો નાના વેપારીઓના નાણાંની સુરક્ષા સુનિશ્ચિત થશે. શંકર ઠક્કરે વધુમાં જણાવ્યું કે, પેટીએમમાં ચીની રોકાણકારોની ભાગીદારી હોવાથી ગ્રાહકોના ડેટાની સુરક્ષા અને રાષ્ટ્રીય હિતને ધ્યાને રાખી સરકારે ગંભીર તપાસ કરવી જોઈએ. ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે પારદર્શિતા અને કાયદાનું પાલન અનિવાર્ય છે.

# ધ્રાંગધ્રામાં પ્રધાનમંત્રી જીવન વિમા યોજનાનો ચેક લાભાર્થી પરિવારને અર્પણ

## બેંક ઓફ બરોડા ગ્રાહક સભા કેન્દ્રએ ગ્રાહક મહિલાને અપાયુ હતું વિમા સુરક્ષા કવચ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરના મધ્યમ બજાર, ઝાલા રોડ સ્થિત સિટી સેન્ટર કોમ્પ્લેક્સમાં આવેલ ચામુંડા ઓનલાઈન બેંક ઓફ બરોડા ગ્રાહક સેવા કેન્દ્ર દ્વારા પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ લાભાર્થી પરિવારને ₹૨ લાખનો વીમા ચેક અર્પણ કરવામાં આવ્યો હતો આ સેવા કેન્દ્ર પર બેંક મિત્ર ખાંભલા હિતેશભાઈ નાગજીભાઈ દ્વારા નાગરિકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે સતત માર્ગદર્શન આપવામાં આવે છે અહીં જાંબુકીયા દિવ્યાંબેન જગદીશભાઈને પ્રધાનમંત્રી જીવન જ્યોતી વીમા યોજના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી માત્ર રૂ.૪૩૬ના વાર્ષિક પ્રીમિયમમાં રૂ. ૨ લાખનું જીવન વીમા કવર મળતું હોવાથી આ યોજના સામાન્ય પરિવારો માટે મહત્વપૂર્ણ સુરક્ષા પૂરી પાડે છે દુર્ભાગ્યવશ દિવ્યાંબેનના અવસાન બાદ, યોજનાના નિયમો મુજબ તેમના પતિ જાંબુકીયા જગદીશભાઈ સુરેશભાઈને ₹૨ લાખનો ચેક બેંક મિત્ર હિતેશભાઈ ખાંભલા તેમજ બ્રાન્ચ મેનેજર અને સ્ટાફની ઉપસ્થિતિમાં અર્પણ કરવામાં આવ્યો હતો. આ સહાયથી દુ:ખદ સમયમાં પરિવારને નોંધપાત્ર આર્થિક આધાર પ્રાપ્ત થયો છે ધ્રાંગધ્રા શહેરમાં ચામુંડા ઓનલાઈન ગ્રાહક સેવા કેન્દ્ર સર્વોત્તમ બેન્કિંગ સેવાઓ પૂરી પાડતું વિશ્વસનીય કેન્દ્ર બની રહ્યું છે.

# રાજુલામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભગવો લહેરાયો

## રાજુલા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ ધીરજ નકુમ અને તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ નાજાભાઈ પિંજરના પુત્રવધુ સોનલબેન પિંજરનો કારમો પરાજય

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

અમરેલી જિલ્લા પંચાયતની અને રાજુલા તાલુકા પંચાયતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો આજરોજ ઈવીએમ ના મશીન માંથી ખુલતા કેટલાક આંચકા જનક પરિણામો આવેલ હતા અને ખૂબ ગાજેલા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો જિલ્લા પંચાયતમાં કારમો રકાસ થયેલ હતો અને તાલુકા પંચાયતમાં ભાજપ માટે આચકા જનક રીઝલ્ટ માં ખુદ ભાજપના સંગઠનના પ્રમુખ ધીરજભાઈ નકુમનો કારમો પરાજય થયો હતો તેમજ રાજુલા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ એવા નાજાભાઈ પિંજરના પુત્રવધુ સોનલબેન ગભરૂભાઈ પિંજર તેમજ જિલ્લા પંચાયતના



ચેરમેન રહી ચૂકેલા મેરૂભાઈ ગુજરીયા નો કારમો પરાજય થયો હતો.

રાજુલા તાલુકાની ચાર જિલ્લા પંચાયતની સીટમાં અનુક્રમે ભેરાઈ સીટમાં અરજણભાઈ ખીમાભાઈ વાઘ ચાંચ સીટમાં ભાનુબેન વિક્રમભાઈ શિયાળ તેમજ કોટડી જિલ્લા પંચાયત સીટ પર વીરભદ્રભાઈ ડાભીયા અને ડુંગર સીટ પર જાગૃતિબેન વાણીયાનો ભવ્ય વિજય થયેલ છે.

તાલુકા પંચાયતની ૨૦ સીટમાંથી ચાર કોંગ્રેસ અને એક અપક્ષ તેમજ ૧૫ સીટ પર ભાજપનો ભવ્ય વિજય થયેલ હતો.

જાફરાબાદની બેમાંથી બે જિલ્લા પંચાયતમાં ભાજપનો ભવ્ય વિજય થયેલ છે. જેમાં કોંગ્રેસના નેતા ટીકુભાઈ વરૂનો પરાજય થયેલ છે.

# ખાંભાના ત્રાકુડા ગામના ખેડુત પરિવારના આંગણે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કરી 'ગૌ-સેવા'

## ત્રાકુડાના મહેમાન બની રાજ્યપાલે ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી - પર્યાવરણ સંરક્ષણ અંગે આપ્યું માર્ગદર્શન



**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ખાંભા તાલુકાના ત્રાકુડા ગામની દ્વિદિવસીય મુલાકાતમાં તેમણે સ્વચ્છતા, વૃક્ષારોપણ અને પ્રાકૃતિક ખેતી જેવા મુદ્દાઓ પર ગ્રામજનોને માર્ગદર્શન આપ્યું હતું. ત્રાકુડા ગામે રાજ્યપાલે સ્વચ્છતા અભિયાનમાં સક્રિય ભાગ લઈ ગ્રામજનોને સ્વચ્છ જીવનશૈલી અપનાવવા અનુરોધ કર્યો હતો.

યુવા સ્વયંસેવક ગૃપ સાથે સંવાદ સાધીને તેમણે કાયમી સ્વચ્છતા જાળવવા માટે પ્રેરણા આપી હતી. સાથે સાથે ત્રાકુડા ગામે એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત બોરસલીના છોડનું રોપણ કર્યું હતું.

મુલાકાત દરમિયાન રાજ્યપાલે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત ભૂપતભાઈ દુધાતના ઘરે જઈ ગૌ સેવા કરી હતી. દુધાત પરિવાર ૩૦ વિઘા જમીનમાં પ્રાકૃતિક ખેતી કરે છે. આ અવસરે અગ્રણી ઉદ્યોગકાર રાકેશભાઈ દુધાત, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ જિલ્લા પોલીસ વડા સંજય ખરાત સહિતના અધિકારીઓએ રાજ્યપાલનું સ્વાગત કર્યું હતું.

# ઉપલેટામાં ભાજપના પાયાના કાર્યકર ઈન્દ્રવિજયસિંહ ચુડાસમાની મહેનત રંગ લાવી

## પાનેલી બેઠક પર ભાજપનો ભવ્ય વિજય



**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ભારતીય જનતા પાર્ટીમાં રાજકોટ જિલ્લા સહિત ભાયાવદર પાનેલી સહિતના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા નું ખૂબ જ મોટું નામ છે તાજેતરની સ્થાનિક સ્વરાજ્યની જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણીમાં મોટી પાનેલી બેઠકના ઈન્ચાર્જ બહોળું મિત્ર વર્તુળ ધરાવતા ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા ચૂંટણી પ્રચાર દરમિયાન ૧૦૮ ની જેમ સતત દોડતા રહી મતદારોનો સંપર્ક અને અથાગ પ્રયાસો થી મોટી પાનેલી જિલ્લા પંચાયત તથા તેની નીચેની ચારેય તાલુકા પંચાયતની બેઠક ઉપર ભાજપના ઉમેદવારોનો વિજય થયો છે ચુડાસમા ની મહેનત રંગ લાવી છે ચૂંટાયેલા ઉપરોક્ત ઉમેદવારોએ ઈન્દ્રવિજયસિંહ ચુડાસમાની આભારની લાગણી વ્યક્ત કરી છે.

# ભાવનગર જીલ્લા પંચાયતમાં ૪૦માંથી ૩૬ બઠકો પર ભાજપનો વિજય

## જીલ્લા પંચાયતમાં ૪૦માંથી ૨૧ બેઠકોમાં મહિલા ઉમેદવારો થયા વિજય

**અબતક, આનંદ રાણા, સિંહોર**

ભાવનગર જિલ્લા પંચાયતની ચૂંટણીના અંતિમ પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ ૪૦માંથી ૩૬ બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને ૨ બેઠક અને અપક્ષને ૨ બેઠક મળી છે.

અપક્ષના વિજેતા ઉમેદવારોમાં વોર્ડ નં. ૬ - ચમારડીઃ પ્રિયંકાબા બ્રિજરાજસિંહ ગોહિલ - ૯૭૯૭ મત, વોર્ડ નં. ૨૬ - પાટણાઃ બ્રિજરાજસિંહ ગંભીરસિંહ ગોહિલ - ૮૨૨૫ મત કોંગ્રેસના વિજેતા ઉમેદવારોમાં વોર્ડ નં. ૨૨ - નાની રાજસ્થળીઃ મનુભાઈ દદુભાઈ કામળીયા (મુન્નાભાઈ) - ૯૭૧૭ મત - જિલ્લામાં ચોથા ક્રમના સૌથી વધુ મત, વોર્ડ નં. ૨૭ - પાવઠીઃ શીવાભાઈ ઓધાભાઈ ડાભી - ૮૪૮૪ મત ભાજપના ટોપ-૩ વિજેતા - સૌથી વધુ લીડ મેળવનાર ઉમેદવારમાં બુધેલઃ કમુબેન મુન્નાભાઈ ચૌહાણ - ૧૧૨૯૪ મત - જિલ્લામાં સૌથી વધુ, કતપરઃ બાબુભાઈ રાણાભાઈ ડોણાશીયા - ૧૦૪૫૦ મત, હાથબઃ બચુબેન રઘુભાઈ ગોહિલ - ૯૦૫૯ મત મળ્યા હતાં.

કુલ ૪૦ બેઠકોમાંથી ૨૧ બેઠકો પર મહિલા ઉમેદવારો વિજેતા થયા છે. જેમાં ભાજપના ૧૭, કોંગ્રેસના ૨ અને અપક્ષના ૨ મહિલા ઉમેદવારનો સમાવેશ થાય છે. ચમારડી બેઠક પરથી અપક્ષ પ્રિયન્કાબા ગોહિલ ૯૭૯૭ મત મેળવીને જિલ્લામાં ત્રીજા નંબરના સૌથી વધુ મતથી વિજેતા બન્યા છે. પાટણા બેઠક પરથી અપક્ષ બ્રિજરાજસિંહ ગોહિલે પણ ભવ્ય વિજય મેળવ્યો છે.

ભાજપે ૩૬ બેઠક સાથે પ્રચંડ બહુમતી મેળવી હોવા છતાં ચમારડી અને પાટણા બેઠક પર અપક્ષ ઉમેદવારોએ મોટી લીડથી જીત મેળવીને સૌનું ધ્યાન ખેંચ્યું છે.

# ઈડર: રામેશ્વર અલખના ઓટલે રામદેવભક્તિ માનસ કથામાં રસપાનથી મહાનુભાવો થયા ધન્ય

## રામદેવજી મહારાજના જીવનચરિત્ર કથામાં હજ્જારોની મેદની માટે કથા મંડપમાં સુંદર વ્યવસ્થા

**અબતક, સંજય દિક્ષિત, ઈડર**

રામેશ્વરકંપાની પાવન ધરા ઉપર અલખના ઓટલે શ્રી રામદેવ ભકિત માનસ કથામાં દરરોજ હજારો ભાવિકો કથા રસપાન કરી ધન્ય થઈ રહ્યા છે.

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના રામપર ના વતની અને સાત દિવસીય કથાના વક્તા પરમ પૂજ્ય મહંત શ્રી રાધેકૃષ્ણ શાસ્ત્રીજી મહારાજ દ્વારા ભાવભકિત અને શ્રદ્ધાથી સંગીતની સુરાવલીઓ દ્વારા રામદેવજી મહારાજના જીવન ચરિત્ર આધારિત કથાના ચતુર્થ દિવસે અનેકવિધ માનવ જીવન



સાર્થક બનાવવાના ઉપયોગી દ્રષ્ટાંતો સાથે ખુબ સુંદર સમજ આપી હતી. અલખના ઓટલાના મહંતશ્રી પ્રકાશબાપુ સીતારામ તથા રામેશ્વર કંપા અને આજુબાજુના હરિભક્તો દ્વારા કરવામાં આવેલ આયોજન ઉડીને આંખે વળગે તેવું છે. આઠ જેટલા એલઈડી સ્ક્રીન અને ૧૫,૦૦૦ હરિભક્તો બેસી શકે તે રીતે ખુરશીની વ્યવસ્થા કરવામાં આવી છે. ભોજન પ્રસાદ બનાવવા થી માંડીને વિતરણ કરવાની વ્યવસ્થા પણ બેનમુન છે. કથાનું રસપાન કરવા માટે સમગ્ર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના હરિભક્તો લાભ લઈ રહ્યા છે. આજરોજ વડાલી અને ખેડબ્રહ્મા વિભાગમાંથી ચાર તાલુકા મંત્રીશ્રી દિનેશભાઈ પટેલ, જ્યોતિ હાઈસ્કૂલ, ખેડબ્રહ્માના પૂર્વ પ્રિન્સિપાલ સુરેશભાઈ પટેલ, તાદલીયા કંપાના હીરાલાલ પટેલ, જશુભાઈ, વિઠ્ઠલભાઈ તથા અરવિંદભાઈ અને વડાલીથી નંદુભાઈ પટેલ સા.કો બેન્કના ડિરેક્ટર અરવિંદભાઈ પટેલ, વિનુભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રિન્સિપાલ હરેશભાઈ પટેલ તથા રમેશભાઈ ચૌધરીએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

# સિહોર તાલુકા પંચાયતની ૨૨માંથી ૧૯ બેઠક પર ભાજપનો વિજય, કોંગ્રેસને મળી ૩ બેઠક

**અબતક, આનંદ રાણા, શિહોર**

સિહોર. સિહોર તાલુકા પંચાયતની ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ ૨૨માંથી ૧૯ બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને ૩ બેઠક મળી છે. જેમાં ભારતીય જનતા પાર્ટી*: ૧૯ બેઠક - ૮૬.૪%.ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ*: ૩ બેઠક - ૧૩.૬%

ભાજપના ટોપ-૫ વિજેતા - સૌથી વધુ લીડઃ

વોર્ડ નં. ૮ - જંબાળા*: પ્રવિણભાઈ વિનુભાઈ સોલંકી - *૧૯૫૩ મત* - સૌથી વધુ, વોર્ડ નં. ૪ - બુઢાણા*: વંદનાબા સુરપાલસિંહ ગોહિલ - ૧૮૫૩ મત

વોર્ડ નં. ૧૭ - સણોસરા-૨*: મુકેશભાઈ ચાવડા - ૧૮૨૨ મત, વોર્ડ નં. ૯ - મઢડા*: દિલીપભાઈ ગુમાનસંગભાઈ ડોડીયા - ૧૭૮૧ મત , વોર્ડ નં. ૭ - ધાંધળી*: નયનાબેન હરેશભાઈ ડાભી - ૧૭૪૫ મત

કોંગ્રેસના વિજેતા ઉમેદવારોઃ

વોર્ડ નં. ૧૦ - મોટા સુરકા*: મનુભાઈ જેસંગભાઈ પરમાર - ૧૨૫૨ મત , વોર્ડ નં. ૧૨ - પીપળીયા*: ભૂપતભાઈ જાદવ - ૧૬૧૦ મત , વોર્ડ નં. ૧૬ - સણોસરા-૧*: ગોકુળભાઈ રત્નાભાઈ આલ - ૧૬૦૬ મત

૨૨ બેઠકોમાંથી ૧૧ બેઠકો પર મહિલા ઉમેદવારો વિજેતા થયા છે. જેમાં ભાજપના ૧૧ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. વોર્ડ નં. ૪ બુઢાણાથી વંદનાબા ગોહિલ ૧૮૫૩ મત સાથે મહિલાઓમાં સૌથી વધુ મત મેળવી વિજેતા બન્યા છે.

સિહોર તાલુકા પંચાયતમાં ભાજપે ૧૯ બેઠક સાથે એકતરફી બહુમતી મેળવી છે. કોંગ્રેસ મોટા સુરકા, પીપળીયા અને સણોસરા-૧ બેઠક જીતીને હાજરી નોંધાવી છે.

# સ્પોર્ટ્સ અબતક

# હેડ-ક્લાસેનની બેટીંગે મુંબઈ ઈન્ડિયન્સને ધૂળ ચાટતું કર્યું



**અબતક, રાજકોટ**

ટ્રેવિસ હેડ અને હેનરિક ક્લાસેનની તોફાની અર્ધી સદી તેમજ અભિષેક શર્મા અને સલીલ અરોરાની આક્રમક બેટિંગન સહારે સનરાઈઝર્સ હૈદરાબાદે મુંબઈ ઈન્ડિયન્સને હાઈ સ્કોરિંગ મેચમાં છ વિકેટે પરાજય આપ્યો હતો. મુંબઈએ પ્રથમ બેટિંગ કરતાં રિકલ્ટનના અણનમ ૧૨૩ રનની મદદથી ૨૦ ઓવરના અંતે ૫ વિકેટના ભોગે ૨૪૩ રનનો જંગી સ્કોર કર્યો હતો. જેના જવાબમાં હૈદરાબાદે ૧૮.૪ ઓવરમાં ૪ વિકેટ ગુમાવી લક્ષ્યાંક મેળવી લીધો હતો. ટોસ જીતી પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી મુંબઈ ઈન્ડિયન્સના ઓપનર વિલ જેક્સ અને રિયાન રિકલ્ટને તોફાની શરૂઆત કરતાં પાવરપ્લેમાં વિના વિકેટે ૭૮ રન જોડી દીધા હતા. પાવરપ્લે બાદ પણ બંને ઓપનર તોફાની બેટિંગ કરી રહ્યા હતા.હૈદરાબાદને સફળતા મળી રહી નહોતી ત્યારે કેપ્ટન કમિન્સે બોલિંગમાં બદલાવ કરી નિતિશકુમાર રેડ્ડીને બોલિંગ આપી હતી. તેણે કેપ્ટનનો ભરોંસો જીતતાં આઠમી ઓવરના પ્રથમ બોલે જ વિલ જેક્સને અંગત ૪૬રને આઉટ કર્યો હતો. જ્યારે સૂર્યકુમાર યાદવ પણ માત્ર ૫ રન બનાવી આઉટ થઈ ગયો હતો. રિયાન રિકલ્ટને ત્યારબાદ નમન ધીર સાથે ૫૫ રનની અને હાર્દિક પંડ્યા સાથે ૫૬ રનની ભાગીદારી નોંધાવી ટીમનો સ્કોર ૨૦૦ રનની પાર પહોંચાડી દીધો હતો. આ દરમિયાન રિકલ્ટને પોતાની સદી પણ પૂર્ણ કરી હતી. હાર્દિક ૩૧ રન બનાવી આઉટ થયા બાદ તિલક વર્મા ૭ રને પેવેલિયન પરત ફર્યો હતો. રિકલ્ટને અંતિમ ઓવરમાં છેલ્લા બે બોલ પર ચોગ્ગો અને છગ્ગો ફટકારી ટીમનો સ્કોર ૫ વિકેટે ૨૪૩ રને પહોંચાડ્યો હતો. તે ૫૫ બોલમાં ૧૨૩ રન બનાવી અણનમ રહ્યો હતો.૨૪૪ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી હૈદરાબાદને ઓપનર ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માએ શતકીય ભાગીદારી નોંધાવી ટીમને સંગીન શરૂઆત અપાવી હતી. બંને ઓપનર તોફાની બેટિંગ કરી ૮.૪ ઓવરમાં ૧૨૯ જોડ્યા ત્યારે ગઝનફરે અભિષેક શર્માને આઉટ કર્યા બાદ વન ડાઉન આવેલા ઈશાન કિશનને બોલ્ડ કરી ડબલ ઝટકો આપ્યો હતો. બે ઝટકામાંથી હૈદરાબાદ બહાર આવે તે પહેલાં હાર્દિકે ટ્રેવિસ હેડને આઉટ કરી મુંબઈને ત્રીજી સફળતા અપાવી હતી. રેડ્ડી પણ ૨૧ રન બનાવી આઉટ થયા બાદ ક્લાસેન અને સલીલ અરોરાએ ૩૬ રન જોડી ૧૮.૪ ઓવરમાં ટીમને વિજય અપાવ્યો હતો.

## હેડ-ક્લાસેનની ધમાકેદાર ઈનિંગ

**સનરાઈઝર્સ હૈદરાબાદ રેકોર્ડ ૨૪૪ રનનો પીછો કરવામાં કેવી રીતે સફળ રહ્યું. અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડે ૧૨૯ રનની ઓપનિંગ પાર્ટનરશીપે સાથે હૈદરાબાદની જીતનો પાયો નાખ્યો. અભિષેકે ૨૪ બોલમાં ૪૫ રન બનાવ્યા. દરમિયાન બીજી તરફ, ટ્રેવિસ હેડને ઈનિંગની શરૂઆતમાં રાહત મળી અને તેને તેનો સંપૂર્ણ લાભ ઉઠાવ્યો, 30 બોલમાં ૭૬ રન બનાવ્યા.૬ બોલમાં જ હૈદ્રાબાદે અભિષેક શર્મા, ટ્રેવિસ હેડ અને ઈશાન કિશનની વિકેટ ગુમાવી દીધી. જ્યારે એવું લાગતું હતું કે મુંબઈ ઈન્ડિયન્સ વાપસી કરશે, ત્યારે હેનરિક ક્લાસેન અને નીતિશ કુમાર રેડ્ડી વચ્ચે ૮૦ રનની પાર્ટનરશીપે મુંબઈની જીતની આશા લગભગ ખતમ કરી દીધી. ક્લાસેન 30 બોલમાં ૬૫ રન બનાવીને અણનમ રહ્યો. સલિલ અરોરા પણ હૈદરાબાદની જીતનો હીરો હતો, તેને ૧૦ બોલમાં 30 રનનો કેમિયો રમ્યો.**



**મુંબઈ ઈન્ડિયન્સની સીઝનમાં છઠ્ઠી હાર, સનરાઈઝર્સ હૈદરાબાદનો ૬ વિકેટે વિજય: રિકલ્ટનની સદી એળે ગઈ**

## છઠ્ઠી વખત ઓપનિંગ સેન્ચ્યુરી પાર્ટનરશીપ કરતા ટ્રાવીષેક

**અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડની ઓપનિંગ વિકેટ માટે છઠ્ઠી સેન્ચુરી સ્ટેન્ડ હતી. આ સાથે તેઓ આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ ઓપનિંગ સેન્ચુરી પાર્ટનરશિપ કરનાર જોડી તરીકે ડેવિડ વોર્નર અને શિખર ધવનની બરાબરી કરી ગયા છે. બંને જોડી પાસે હવે ૬-૬ સેન્ચુરી સ્ટેન્ડ છે. અભિષેક શર્મા જયારે ૪૫ રન પર આઉટ થયા ત્યારે પાર્ટનરશિપ તૂટી, પરંતુ તેમની આક્રમક બેટિંગે હૈદ્રાબાદને મેચમાં મજબૂત પોઝિશન અપાવી દીધી હતી. પછીના બેટ્સમેનોએ પણ સારું પ્રદર્શન કરીને હૈદ્રાબાદને ૬ વિકેટે વિજય અપાવ્યો.**



## ૧૫ વિકેટ ઝડપી પર્પલ કેપની રેસમાં મલિંગા સૌથી આગળ

**સનરાઈઝર્સ હૈદરાબાદના યુવા શ્રીલંકન ઝડપી બોલર ઈશાન મલિંગાએ આઈપીએલ ૨૦૨૬માં પર્પલ કેપ પોતાના નામે કરી લીધી છે. તેમણે અત્યાર સુધીમાં ૯ મેચમાં ૧૫ વિકેટ ઝડપીને ટોપ પર કબજો જમાવ્યો છે.સીઝનમાં મલિંગાએ અનેક મેચોમાં શાનદાર પ્રદર્શન કર્યું છે, જેમાં એક ૪ વિકેટ હોલ પણ સામેલ છે. તેમની બોલિંગની તીવ્ર ગતિ અને સ્માર્ટ વેરિએશન્સે વિરોધી બેટ્સમેનોને ઘણી મુશ્કેલીમાં મૂક્યા છે.સીઝનમાં પર્પલ કેપની રેસ ખૂબ જ રોમાંચક બની છે. મલિંગા જેવા યુવા બોલરના ઉત્કૃષ્ટ પ્રદર્શનથી હેદ્રાબાદ બોલિંગ યુનિટ મજબૂત દેખાઈ રહી છે.**



## રિકલ્ટન મુંબઈ ઈન્ડિયન્સ માટે સૌથી ઝડપી સદી ફટકારનાર ખેલાડી બન્યો

**સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મેચમાં ક્વિન્ટન ડી કોકની ઈજા બાદ રાયન રાયન રિકલ્ટન પ્લેઈંગ ઈલેવનમાં પરત ફર્યો. તેને તકનો લાભ ઉઠાવ્યો અને શાનદાર સદી ફટકારી. રાયન રિકલ્ટને વિલ જેક્સ સાથે મળીને ટીમને ઝડપી શરૂઆત આપી. જેક્સના ગયા પછી રાયન રિકલ્ટને ઈનિંગને એક સાથે રાખી, ઝડપી ગતિએ રન બનાવ્યા.રાયન રિકલ્ટને સનરાઈઝર્સ હૈદરાબાદ સામે માત્ર ૪૪ બોલમાં તેની પ્રથમ આઈપીએલ સદી પૂરી કરી. આ સાથે રાયન રિકલ્ટન હવે આઈપીએલ ઈતિહાસમાં મુંબઈ ઈન્ડિયન્સ માટે સૌથી ઝડપી સદીનો રેકોર્ડ ધરાવે છે. આ પહેલા આ રેકોર્ડ સનથ જયસૂર્યાના નામે હતો, જેને ૨૦૦૮માં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ૪૫ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી.**

# શ્રીલંકા ક્રિકેટના અધ્યક્ષ શમ્મી સિલ્વા સહિત આખી બોડીએ આપ્યું રાજીનામું

## ભૂતપૂર્વ સાંસદ એરન વિક્રમરત્નેને થોડા સમય માટે વચગાળાના વડા તરીકે નિયુક્ત કરાય તેવી અપેક્ષા

**અબતક, રાજકોટ**

શ્રીલંકાના ક્રિકેટમાં ઉથલપાથલ જોવા મળી, જે થોડા સમયથી અપેક્ષિત હતું. શ્રીલંકા ક્રિકેટના અધ્યક્ષ શમ્મી સિલ્વાએ તેમના પદ પરથી રાજીનામું આપ્યું. આ માહિતી શ્રીલંકા ક્રિકેટ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી હતી. આ પગલું શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે તાજેતરમાં બોર્ડમાં ફેરફારો માટે કરેલા દબાણને કારણે પ્રેરિત હોવાનું માનવામાં આવે છે.શ્રીલંકા ક્રિકેટમાં આ ઉથલપાથલને લઈને એસએલસી દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર નિવેદનમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે તમામ રાજીનામા તાત્કાલિક



અસરથી સ્વીકારવામાં આવ્યા છે અને એક વચગાળાની સંસ્થા બોર્ડનો કાર્યભાર સંભાળશે.શ્રીલંકા ક્રિકેટના પ્રમુખ શમ્મી સિલ્વાએ આજે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમની સાથે એસએલસીની કાર્યકારી સમિતિના પદાધિકારીઓ અને સભ્યોએ પણ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. આ નિર્ણયની ઔપચારિક રીતે પ્રમુખ અનુરા કુમારા દિસાનાયકે અને માનનીય યુવા બાબતો અને રમતગમત મંત્રી સુનીલ કુમારા ગામગેને જાણ કરવામાં આવી છે.૨૮ એપ્રિલના રોજ એસએલસી એક્ઝિક્યુટિવ કમિટીની બેઠક બાદ આ બધાએ રાજીનામું આપી દીધું હતું. શ્રીલંકા સરકાર હવે ભૂતપૂર્વ સાંસદ એરન વિક્રમરત્નેને થોડા સમય માટે સંસ્થાના વચગાળાના વડા તરીકે નિયુક્ત કરે તેવી અપેક્ષા છે.

# થોમસ કપ ફાઈનલના ગ્રુપ-એમાં ચીન સામે ભારતનો ૨-૩થી પરાજય

## ભારત તરફથી સિંગલ્સમાં આયુષ શેટ્ટી અને એચ.એસ. પ્રણોય જીત્યા



**અબતક, રાજકોટ**

થોમસ કપ ફાઈનલ્સના ગ્રુપ એમાં ભારતીય ટીમનો ચીન સામે ૨-૩થી પરાજય થયો હતો. ભારત તરફથી સિંગલ્સમાં આયુષ શેટ્ટી અને એચ.એસ. પ્રણોય જીત્યા હતા જ્યારે સિંગલ્સમાં લક્ષ્ય સેન તથા ડબલ્સમાં સાત્વિકસાંઈરાજ રેન્કિરેડ્ડી તથા ચિરાગ શેટ્ટીની ડબલ્સની જોડી તેમજ એચ. અમસકરુનન અને એમ. અર્જુનની જોડીનો ડબલ્સમાં પરાજય થયો હતો. પ્રથમ મેચ સિંગલ્સની યોજાઈ હતી જેમાં લક્ષ્ય સેનનો સામનો ચીનના લી શી ફેંગ સામે હતો. લક્ષ્યએ ગત મહિને યોજાયેલી ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશીપમાં લી શી ફેંગને હરાવ્યો હતો પરંતુ આજે એક કલાક ૧૪ મિનિટ સુધી ચાલેલી મેચમાં લી શી ફેંગે ૨૧-૧૯, ૮-૨૧, ૨૧-૧૨થી લક્ષ્ય સેનને પરાજય આપી ચીનને ૧-૦ની લીડ અપાવી હતી.બીજો મુકાબલો ડબલ્સનો હતો જેમાં વિશ્વની ચોથી ક્રમાંકિત જોડી સાત્વિકસાંઈરાજ રેન્કિરેડ્ડી તથા ચિરાગ શેટ્ટીનો ચીનના લિયાંગ વેઈ કેંગ અને વાંગ ચાંગની જોડી સામે ૧૩-૨૧, ૨૧-૧૩, ૨૬-૨૪થી પરાજય થતાં ભારત ૦-૨થી પાછળ થઈ ગયું હતું. ત્રીજી મેચમાં આયુષ શેટ્ટીએ ચીનના વોંગ હોંગ યેંગ સામે એક કલાકથી વધુ ચાલેલી મેચમાં ૧૭-૨૧, ૨૧-૧૩, ૨૧-૧૫થી મેચ જીતી ભારતની વાપસી કરાવી હતી. જોકે, ચોથી મેચમાં ચીનના હી જી ટિંગ અને રેન ઝિયાંગ હુની જોડીએ એચ. અમસાકરુનન અને એમ.આર. અર્જુનની જોડીને માત્ર ૩૫ મિનિટમાં ૨૧-૧૭, ૨૧-૧૩થી હરાવી ચીનને ૩-૧થી આગળ કરી દીધું હતું.અંતિમ મેચ સિંગલ્સની યોજાઈ હતી જેમાં ભારતના એચ.એસ. પ્રણોયે લુ ગુઆંગ ઝુને ૨૦-૨૨, ૨૧-૧૯, ૨૧-૧૧થી હરાવ્યો હતો. જોકે, ચીને એક સિંગલ્સ અને બે ડબલ્સની મેચ જીતી હોવાથી ૩-૨થી જીત મુકાબલો પોતાના નામે કર્યો હતો.

# ગુજરાત ટાઈટન્સને હરાવી આરસીબી ટેબલ ટોપર બની જશે?

**અબતક, રાજકોટ**

ઈન્ડિયન પ્રીમિયર લીગની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પોતાનું સાતત્ય જાળવી રાખવા માટે હાલમાં સંઘર્ષ કરી રહેલી ગુજરાત ટાઈટન્સની ટીમ નો સામનો આજે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પ્રચંડ ફોર્મમાં ચાલી રહેલી રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે થશે. ટુર્નામેન્ટના અડધા તબક્કે ગુજરાત ટાઈટન્સ આઠ મેચમાં ચાર જીત અને એટલા જ પરાજય સાથે પોઈન્ટ ટેબલમાં મધ્યમાં અટવાયેલું જોવા મળે છે. બીજી તરફ ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલોર હાલમાં ૧૨ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે અને તેણે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. સાંજે ૭.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે.બેંગલોરની સફળતામાં તેના નવા બોલના સ્પેલની મહત્વની ભૂમિકા રહી છે. ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવૂડની જોડીએ હરીફ ટીમો માટે મુશ્કેલીઓ સર્જી છે. છેલ્લી મેચમાં દિલ્હી કેપિટલ્સને માત્ર ૭૫ રનમાં આઉટ કરીને ચેમ્પિયન ટીમે પોતાના ફોર્મનો પરચો આપી દીધો હતો. મિડલ ઓવર્સમાં કૃણાલ પંડ્યાની વૈવિધ્યપૂર્ણ બોલિંગનો સામનો કરવો પણ ગુજરાત માટે મોટો પડકાર બની રહેશે. ગુજરાત ટાઈટન્સની બેટિંગ અત્યાર સુધી મુખ્યત્વે તેના ટોપ ઓર્ડર પર નિર્ભર રહી છે. સાઈ સુદર્શન, કેપ્ટન શુભમન ગિલ અને જોસ બટલર રન ફટકારી રહ્યા છે. મધ્યક્રમમાં વોશિંગ્ટન સુંદરે પ્રભાવ પાડ્યો છે પરંતુ ફિનિશર તરીકે શાહરૂખ ખાન અને રાહુલ તેવટિયા હજી સુધી અપેક્ષિત પ્રદર્શન કરી શક્યા નથી. ટીમમાં સંતુલન લાવવા માટે જેસન હોલ્ડરને મધ્યક્રમમાં સામેલ કરવામાં આવ્યો છે. રસપ્રદ વાત એ છે કે માત્ર એક સપ્તાહ અગાઉ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં બેંગલોરે ગુજરાત ટાઈટન્સ સામે ૨૦૬ રનનો લક્ષ્યાંક સાત બોલ બાકી રાખીને સરળતાથી હાંસલ કરી લીધો હતો. આ ઉપરાંત ગુજરાત પોતાના હોમ ગ્રાઉન્ડ પર પણ ખાસ પ્રભુત્વ જમાવી શક્યું નથી, જ્યાં તેઓ ત્રણમાંથી બે મેચ હારી ચૂક્યા છે. હવે ગુરુવારની મેચમાં યુવા પ્રતિભા પર નજર રહેશે. ફિલ સોલ્ટની ઈજા બાદ ટીમમાં આવેલા ઈંગ્લેન્ડના યુવા ખેલાડી જેકોબ બેથેલ પર સૌની નજર રહેશે. જોકે તે છેલ્લી બે મેચમાં ખાસ પ્રભાવ પાડી શક્યો નથી પરંતુ ટી૨૦ વર્લ્ડ કપમાં તેની પ્રતિભા જોઈ શકાય છે. વિરાટ કોહલી સાથે બેટિંગ કરતી વખતે તે ગુરુવારની રાત્રે મોટી ઈનિંગ્સ રમવા આતુર હશે. દિલ્હી કેપિટલ્સ સામેની છેલ્લી મેચની સફળતા બાદ બેંગલોરના આત્મવિશ્વાસમાં વધારો થયો છે. મેચ પૂર્વે રજત પાટીદારે જણાવ્યું હતું કે તમારા રૂટિનને ફોલો કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે હજી લાંબી મજલ કાપવાની છે. અમે અત્યારે એક સમયે એક જ મેચ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. સારી વાત એ છે કે દરેક મેચમાં અલગ-અલગ ખેલાડીઓ પ્રદર્શન કરીને ટીમને જીતાડી રહ્યા છે, જે અમારા માટે ખૂબ સારા સંકેત છે.આજની આ મેચમાં ગુજરાત ટાઈટન્સ માટે જીત અનિવાર્ય છે, જ્યારે બેંગલોર પોતાની વિજયકૂચ જાળવી રાખી પ્લેઓફ તરફ મજબૂત ડગ માંડવા માંગશે.



## ગુજરાત ટાઈટન્સ આઠ મેચમાં ચાર જીત સાથે પોઈન્ટ ટેબલમાં મધ્યમાં જયારે ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલોર ૧૨ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે

# બેટમાં ચીપ ભગવાને મને લગાવીને આપી છેઃ વૈભવ સૂર્યવંશી



**વૈભવના બેટને લેબમાં મોકલો, તેને બેટમાં એઆઈ ચીપનો ઉપયોગ કર્યો હશેઃ ભૂતપૂર્વ પાકિસ્તાની ખેલાડી નૌમાન નિયાઝના સવાલ પર સૂર્યવંશીએ જડબાતોડ જવાબ આપ્યો**

**અબતક, રાજકોટ**

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૯મી સીઝનમાં રાજસ્થાન રોયલ્સ ટીમના ૧૫ વર્ષના ઓપનિંગ બેટ્સમેન વૈભવ સૂર્યવંશી, જેનું બેટ આ સીઝનમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યું છે, તેનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં તેને આ સવાલનો જવાબ આપ્યો છે કે શું તેના બેટમાં એઆઈ ચિપ છે કે નહીં.વૈભવ સૂર્યવંશીનો આ વીડિયો પંજાબ કિંગ્સ સામેની મેચ બાદ રાજસ્થાન રોયલ્સ દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવ્યો છે. આ મેચમાં તેના બેટમાં ૧૬ બોલમાં ૩ ચોગ્ગા અને ૫ છગ્ગાની મદદથી ૪૩ રનની ઈનિંગ જોવા મળી હતી, જેના કારણે તે ફરી એકવાર ઓરેન્જ કેપ મેળવવામાં સફળ રહ્યો હતો.આઈપીએલ ૨૦૨૬માં વૈભવ સૂર્યવંશીનું બેટ ધૂમ મચાવતું જોવા મળે છે, જેમાં તે વિશ્વ ક્રિકેટના મહાન બોલરો સામે પણ નિર્ભયતાથી રમતો જોવા મળે છે. આને લઈને ભૂતપૂર્વ પાકિસ્તાની ખેલાડી નૌમાન નિયાઝે પાકિસ્તાનમાં એક ટીવી શોમાં કહ્યું હતું કે, "જરા વિચારો. આ છોકરો કોણ છે? તેના બેટનું પરીક્ષણ કરાવો. જેમ વાડા ડોપિંગ ટેસ્ટ કરાવે છે, તેમ તેને લેબમાં પણ મોકલો. કદાચ તેને તેના બેટમાં એઆઈ ચિપનો ઉપયોગ કર્યો હશે. જો તમે તેના શોટના આર્કને જુઓ, તો તે સમગ્ર ૩૬૦ ડિગ્રી રેન્જનો ઉપયોગ કરે છે.

# જામનગર-વાડીનાર જનારા વાહનચાલકોએ કાલથી તોતીંગ ટોલ ટેક્સ ચૂકવવો પડશે

## કોમર્શિયલ વાહનો માટે મુસાફરી મોંઘી બનશે, જ્યારે ખાનગી કાર ચાલકોને અગાઉની જેમ જ રાહત મળશે

## ટેક્સી અને કોમર્શિયલ કાર માટે રાજકોટથી વાડીનાર સુધીનો ટોલ રૂ. ૨૦૫ ચૂકવવો પડશે

**અબતક, જામનગર**

રાજકોટ-વાડીનાર ટોલવે પ્રાઈવેટ લિમિટેડ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગની મંજૂરી બાદ ટોલના દરોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ નવા દરો આજ મધરાતથી એટલે કે ૧ મે ૨૦૨૬થી લાગુ થઈ જશે.

સૌરાષ્ટ્રના આર્થિક વિકાસ માટે આ હાઈવે ખૂબ જ મહત્વનો છે કારણ કે તે જામનગરની મોટી રિફાઈનરીઓ અને પોર્ટ (બંદર) વિસ્તારને જોડે છે. દર વર્ષે થતા ભાવ વધારાના ભાગરૂપે આ વખતે પણ દરોમાં સુધારો કરવામાં આવ્યો છે. આ હાઈવે પર રાજકોટથી વાડીનાર સુધીમાં કુલ ત્રણ ટોલ પ્લાઝા આવે છે, જ્યાં અલગ-અલગ સેકશન મુજબ ટોલ વસૂલવામાં આવે છે.

સૌથી મહત્વની વાત એ છે કે ગુજરાત સરકારના ૨૦૧૬ના નિયમ મુજબ, ખાનગી કાર, જીપ અને વાન તેમજ એસ.ટી. બસો (GSRTC) ને ટોલ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવેલી છે. આ મુક્તિ નવા દરોમાં પણ યથાવત રાખવામાં આવી છે. એટલે કે સામાન્ય મુસાફરો કે જેઓ પોતાની ખાનગી કાર લઈને જાય છે તેમને કોઈ પણ ચિંતા કરવાની જરૂર નથી.

પરંતુ ટેક્સી પાર્સિંગ ધરાવતી કાર અને અન્ય કોમર્શિયલ વાહનોએ નવા ભાવ મુજબ ટેક્સ ચૂકવવો પડશે.નવા દરો લાગુ થવાથી ટ્રક અને મોટા કન્ટેનરો માટે આખા રૂટનો ટોલ ૧૧૪૫ રૂપિયા સુધી પહોંચી ગયો છે. ખાસ કરીને જે ટ્રાન્સપોર્ટરો આ રૂટ પર નિયમિત માલસામાનની હેરફેર કરે છે, તેમના ખર્ચમાં વધારો થશે. કંપની દ્વારા જણાવવામાં આવ્યું છે કે ૧ મે ૨૦૨૬ના રોજ રાત્રે ૧૨ વાગ્યાથી તમામ ટોલ પ્લાઝા પર આ નવા દરોનું બોર્ડ લગાવી દેવામાં આવશે. વાહનચાલકોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ ફાસ્ટેગ (FASTag) રાખે જેથી કરીને ટોલ નાકા પર લાંબી લાઈનોમાં ઊભા રહેવું ન પડે અને મુસાફરી ઝડપી બને.

વાહનનો પ્રકાર રાજકોટ-ધ્રોલ સેકશન ધ્રોલ-જામનગર સેકશન જામનગર-વાડીનાર સેકશન કુલ (આખો રૂટ)

| વાહનનો પ્રકાર | રાજકોટ-ધ્રોલ સેકશન | ધ્રોલ-જામનગર સેકશન | જામનગર-વાડીનાર સેકશન | કુલ (આખો રૂટ) |
|---|---|---|---|---|
| ટેક્સી કાર / જીપ | રૂ. ૮૦ | રૂ. ૪૫ | રૂ. ૮૦ | રૂ. ૨૦૫ |
| મિની બસ / LCV | રૂ. ૧૪૦ | રૂ. ૭૫ | રૂ. ૧૩૫ | રૂ. ૩૫૦ |
| બસ / ટ્રક | રૂ. ૨૮૦ | રૂ. ૧૫૫ | રૂ. ૨૭૫ | રૂ. ૭૧૦ |
| ભારે મશીનરી / MAV | રૂ. ૪૫૫ | રૂ. ૨૫૦ | રૂ. ૪૪૦ | રૂ. ૧૧૪૫ |




## ભાણવડના પાછતરડી ગામમાંથી ૨૫૦ લીટર દેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



ભાણવડ પોલીસ સ્ટેશનના પાછતરડી ગામ વિસ્તારમાંથી ૨૫૦ લીટર દેશી દારૂ તેમજ અન્ય મુદ્દામાલ મળી કુલ રૂપિયા ૭૦ હજારની મત્તા સાથે એક શખ્સની ભાણવડ પોલીસે અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### રાધે ડીફરન્ટલી એબલ્ડ ફાઉન્ડેશન દ્વારા

## દ્વારકા: વાત્સલ્ય પર્વ નિમિતે રવિવારે સાંસ્કૃતિક કાર્યક્રમ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાની જાણીતી દિવ્યાંગ બાળકો માટેની સામાજિક સંસ્થા રાધે ડીફરન્ટલી એબલ્ડ ફાઉન્ડેશનમાં આગામી તા.૦૩-૦૫-૨૦૨૬ને રવિવારે વાર્ષિકોત્સવ નિમિત્તે વાત્સલ્ય પર્વ - ૨૦૨૬ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના સર્વેસર્વા રસિકભાઈ છાયાના જણાવ્યાનુસાર તા.૦૩-૦૫-૨૦૨૬ ને રવિવારે સાંજે ૬:૦૦ થી ૮:૦૦ વાગ્યા સુધી દ્વારકાના મીરા ગાર્ડન સામે આવેલ સન્યાસાશ્રમ ખાતે રાધે ફાઉન્ડેશનના દિવ્યાંગ બાળકો દ્વારા ઉપસ્થિત મહેમાનગણની ઉપસ્થિતિમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવનાર છે. સંસ્થા તરફથી શહેર શ્રેષ્ઠીઓ, વાલીગણ તેમજ અગ્રણીઓને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ પાઠવાયું છે.

# ‘રસોડાની વાડી’ તાલીમ શિબિરમાં ૭૦થી વધુ મહિલાઓએ ઘરઆંગણે શાકભાજી ઉગાડવાના પ્રાયોગિક પાઠ શીખ્યા

### નકામી વસ્તુઓમાંથી કિચન ગાર્ડન અને ઓછી જમીનમાં ખેતીની આધુનિક પદ્ધતિઓનું નિદર્શન: બહેનોને શાકભાજીના રોપાનું નિ:શુલ્ક વિતરણ કરાયું

**અબતક, જામનગર**

ગુજકોસ્ટ ગાંધીનગર પ્રેરિત અને એમ. ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ ધ્રોલ સંચાલિત એમ. ડી. મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર અને શૈલજા સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે, કાન્તા ગૌરી રાવલ ટ્રસ્ટના સહયોગથી જામનગરમાં ‘રસોડાની વાડી’ મહિલા તાલીમી કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૭૦થી વધુ ઉત્સાહી મહિલાઓએ ભાગ લીધો હતો. વિજ્ઞાન કેન્દ્રના ડો. સંજય પંડ્યાએ મહિલાઓને જમીનની પી.એચ. અને પાણીના ટી.ડી.એસ. માપવાની પાયાની તાલીમ આપી હતી. ત્યારબાદ, ઓછી જમીનમાં અથવા જમીન વગર પણ ઘર આંગણે શાકભાજી કેવી રીતે ઉગાડી શકાય તે માટે પી.વી.સી. પાઈપ, પ્લાસ્ટિકની બોટલ, તેલના કેન અને નકામા ટાયરનો ઉપયોગ કરવાની પ્રાયોગિક સમજ આપી હતી.

આ ઉપરાંત, ઓછા પાણીએ છોડના વિકાસ માટે નકામી બોટલોમાંથી ટપક પદ્ધતિ બનાવવાની ટેકનિક અને ખારા પાણીને મીઠું બનાવી છોડ ઉછેરવાના નવતર પ્રયોગો પણ શીખવવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ બહેનોને પોતાના ઘરે કિચન ગાર્ડન શરૂ કરવા માટે શાકભાજીના રોપાનું નિ:શુલ્ક વિતરણ કરાયું હતું.



આ કાર્યક્રમની સફળતા માટે શૈલજા સેવા ટ્રસ્ટના પ્રમુખ મનીષાબેન ઠાકર અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. આ તકે એમ. ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન ધર્મેશભાઈ મહેતા અને સેક્રેટરી સુધાબેન ખંઢેરીયાએ સંસ્થાની આ પ્રવૃત્તિને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# દ્વારકા સ્વામિનારાયણ આશ્રમ ખાતે તૃતિય વાર્ષિક પાટોત્સવ ઉજવાશે

### જળયાત્રા, અન્નકુટ દર્શન યજ્ઞ સહિતના કાર્યક્રમનું આયોજન

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

યાત્રાધામ દ્વારકામાં નાગેશ્વર રોડ પર સ્વામીનારાયણ આશ્રમ ખાતે બિરાજમાન ઘનશ્યામ મહારાજ આદિ દેવોના તૃતીય વાર્ષિક પાટોત્સવ તા.૦૯-૦૫-૨૦૨૬ ને શનિવારના ઉજવવામાં આવશે. સંસ્થાના પ્રેરક તથા સંસ્થાપક ગોવિંદપ્રસાદદાસજી સ્વામીના માર્ગદર્શનમાં આયોજીત તૃતીય વાર્ષિક પાટોત્સવમાં દેશભરના સાધુ સંતો તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતગણની ઉપસ્થિતિમાં યોજાશે. યશરાજસિંહ રવિન્દ્રસિંહ ઝાલાના સ્મરણાર્થે યોજાનાર મહોત્સવમાં તા.૦૮-૦૫-૨૦૨૬ને શુક્રવારે સાંજે ૫ કલાકે જળયાત્રા, તા.૦૯-૦૫-૨૦૨૬ને શનિવારે સવારે ૬ કલાકે પાટોત્સવ યોજાશે. શનિવારે પ્રાસંગિક સભાજ સવારે ૯ કલાકે, અન્નકુટ દર્શન સવારે ૧૦ કલાકે તેમજ યજ્ઞાચાર્ય શા.હરેન્દ્રભાઈ રમેશભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં સવારે ૧૦ કલાકે યજ્ઞનું આયોજન કરાયું છે. મહોત્સવની સાથે સાથે તા.૦૯-૦૫-૨૦૨૬ના સવારે ૯ થી ૧૨ સુધી મેડીકલ કેમ્પ પણ યોજવામાં આવનાર છે. પાટોત્સવ દર્શન તેમજ સંતોના આશિર્વાદ પ્રાપ્ત કરવા સર્વે હરિભક્તોને શા.સ્વા. કૃષ્ણપ્રકાશદાસજી, શા.સ્વા. જયેન્દ્રપ્રકાશદાસજી તથા પાર્ષદ દીપુભગત તથા ગાંધીનગરના યજમાન પ.ભ.રવિન્દ્રસિંહ વનરાજસિંહ ઝાલા પરિવાર દ્વારા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવેલ છે. નોંધનીય છે કે આ સંસ્થાના સ્થાપક સ્વામી ગોવિંદપ્રસાદજીએ તેમનું સંપૂર્ણ જીવન દ્વારકાના ગોમતી રોડ પર આવેલ સ્વામિનારાયણ મંદિરમાં ઘનશ્યામ મહારાજ તથા આવનારા હરિભક્તોની સેવામાં વ્યતિત કર્યુ.



# ચૂંટણીઓ-જટિલ ઓપરેશન્સમાં મહત્વની ભૂમિકા ભજવનાર નિષ્ઠાવાન મહિલા અધિકારીનું સન્માનભેર વિદાયમાન

### જામનગર એસ.ઓ.જી પીઆઈ ભારતીબેન ચૌધરીની પાટણ બદલી થતા પુષ્પવર્ષા સાથે આપી ભાવભીની વિદાય

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના પ્રથમ મહિલા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસ.ઓ.જી.) પી.આઈ. તરીકે ઈતિહાસ રચનાર ભારતીબેન ચૌધરીની પાટણ ખાતે બદલી થતા ગતરોજ તેમને સન્માનપૂર્વક વિદાય આપવામાં આવી હતી. જામનગરમાં લાંબા સમય સુધી સેવા આપનાર ભારતીબેને પોતાની આગવી કાર્યશૈલી અને નિષ્ઠા દ્વારા પોલીસ બેડામાં એક અલગ ઓળખ ઊભી કરી હતી.



તેમના કાર્યકાળ દરમિયાન વિધાનસભા, લોકસભા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની સાથે અનેક જટિલ ગુનાઓ અને ઓપરેશન્સ સફળતાપૂર્વક પાર પાડ્યા હતા. વિદાય વેળાએ જામનગર પોલીસ મથક ખાતે સાથી કર્મચારીઓ દ્વારા તેમને હારતોરા અને પુષ્પવર્ષા કરીને ભાવભીની વિદાય આપવામાં આવી હતી. સ્ટાફના સભ્યોએ તેમના માર્ગદર્શન હેઠળ વિતાવેલા સમયને યાદ કરી પાટણ ખાતેની નવી જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# જગતમંદિરમાં ઠાકોરજીને પૂષ્પશૃંગાર સાથે કુંડલા ભોગ મનોરથ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાધીશ જગતમંદિરમાં દ્વારકાધીશ ભગવાનને ઋતુ અનુસાર શૃંગાર, ભોગ ઈત્યાદિ અર્પણ કરવામાં આવી રહયા હોય હાલમાં ચાલતી ગ્રીષ્મ ઋતુમાં ઠાકોરજીને ઠંડક અર્પણ કરવાના ૨૫ સાથે વિશિષ્ટ પુષ્પ શૃંગાર દર્શન યોજવામાં આવી રહયા છે. આજરોજ સાંજના સમયે ઠાકોરજીને ઠંડક આપતાં મનમોહક ફુલો તેમજ કળીઓના વિશિષ્ટ શૃંગાર મનોરથ યોજવામાં આવ્યા હતા. સાથે જ ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી કુંડલા ભોગ મનોરથ પણ યોજવામાં આવ્યો હતો. ગ્રીષ્મ ઋતુ દરમ્યાન સતત બે માસ સુધી ઠાકોરજીને સાંજના સમયે પુષ્પશૃંગાર યોજાનાર છે. આ ઉપરાંત ગ્રીષ્મકાળ દરમ્યાન ઠાકોરજીને ઋતુઅનુસાર ઠંકક આપતાં ભોગ ઈત્યાદિ પણ અર્પણ કરવામાં આવે છે



### જી.જી. હોસ્પિટલના પાર્કિંગમાં થયેલી ત્રણ વાહનચોરી નો ભેદ ઉકેલાયો

જામનગર શહેરમાં વાહન ચોરીના બનાવોને પગલે એલ.સી.બી. પોલીસને મોટી સફળતા મળી છે. જી.જી. હોસ્પિટલના પાર્કિંગમાંથી વાહનો ની ચોરી કરનાર એક ઈસમને એલ.સી.બી. ની ટુકડીએ ત્રણ એક્ટિવા સ્કૂટર સાથે ઝડપી પાડ્યો છે.

પકડાયેલા આરોપી રવિ કાનજીભાઈ રામજીભાઈ ગોહીલ, (ઉંમર ૪૦) રહેવાસી ગોકુલનગર, જામનગર હોવાનું જાણવા મળ્યું છે. તેની પાસેથી ત્રણ એક્ટિવા મળી અંદાજિત રૂપિયા ૮૫,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.આરોપી દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી મોપેડ ચોરીના બનાવો આચરવામાં આવ્યા હતા. આરોપી સામે અગાઉ પણ વાહન ચોરી સંબંધિત ગુનો નોંધાયેલ હોવાનું જાણવા મળ્યું છે.

# મેયરપદનો તાજ બ્રહ્મ સમાજની મહિલાના શિરે શોભે તેવી પ્રબળ શક્યતા

## જામનગર મનપાના નવા સુકાનીઓ માટે ભાજપનો એક્શન પ્લાન: પ્રદેશના નિરીક્ષકો ત્રણ દિવસમાં લેશે ‘સેન્સ’, કોંગ્રેસના ગઢમાં ગાબડું પાડનાર યોદ્ધાઓને મળી શકે છે મોટી જવાબદારી

**અબતક, જામનગર**

જામનગર મહાનગરપાલિકામાં ભાજપને પ્રચંડ બહુમતી મળતા રાજકીય દ્દશ્યપટ પર મોટો ફેરફાર જોવા મળ્યો છે. ૬૪ બેઠકોમાંથી ૬૦ બેઠકો કબજે કરીને ભાજપે વિપક્ષને લગભગ સુપરસાફ કરી દીધો છે. હવે જીત બાદ સૌથી મોટો પ્રશ્ન છે-હોદ્દેદારોની પસંદગી, જે ભાજપ માટે સહેલો નહીં પરંતુ પડકારજનક બની રહ્યો છે.

આ વખતે પક્ષ માટે માત્ર જીત પૂરતી નથી, પરંતુ યોગ્ય સંતુલન જાળવીને પદ વિતરણ કરવું પણ એટલું જ મહત્વનું બન્યું છે. ખાસ કરીને તે ઉમેદવારોને પ્રાથમિકતા મળવાની શક્યતા છે જેઓએ કોંગ્રેસના ગઢમાં ગાબડું પાડીને ભાજપની પેનલને જીત અપાવી છે. આવી પડકારજનક પરિસ્થિતિમાં વિજય અપાવનારા સભ્યોને પાંચ મુખ્ય પદોમાંથી કોઈ એક પદ મળવાની સંભાવના મજબૂત માનવામાં આવી રહી છે.

મેયર પદ માટે આ વખતે સામાન્ય મહિલા અનામત હોવાને કારણે મોનિકાબેન વ્યાસ, નિશાબેન અસવાર અને તૃપ્તિબેન ખેતિયા જેવા નામો ચર્ચામાં છે. જોકે ભાજપ અચાનક નિર્ણય લેવાની પરંપરાને ધ્યાનમાં રાખીએ તો કોઈ નવો ચહેરો પણ સામે આવે તો નવાઈ નહીં.



સ્થાયી સમિતિના ચેરમેન પદ માટે આશિષ જોશી, જીતુ શિંગાળા, યોગેશ કણજારીયા અને ધવલ નાખવા જેવા નામો ચર્ચામાં છે. વોર્ડ નંબર ૧માં કોંગ્રેસના ગઢમાં ભાજપને જીત અપાવનાર અમર મોદી માટે શાસક પક્ષના નેતા અથવા ડેપ્યુટી મેયર તરીકેની જવાબદારી મળવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. તેવી જ રીતે વોર્ડ નંબર ૬માં કોંગ્રેસ સામે કઠિન મુકાબલો જીતીને ભાજપની પેનલને વિજય અપાવનાર ઉમેદવારોમાંથી કોઈને ડેપ્યુટી મેયર, પક્ષના નેતા અથવા દંડક તરીકે સ્થાન મળી શકે છે. પદ વિતરણમાં ભાજપ ૨૦૨૭ની વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ૭૮ અને ૭૯ બંને બેઠક વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કરશે. હાલ ભાજપ પાસે કુલ ૬૦ કોર્પોરેટરો છે, જેમાંથી માત્ર ૫ને જ મુખ્ય હોદ્દાઓ મળી શકશે. તેમાં ૧૪ અનુભવી કોર્પોરેટરો અને ૪૬ નવા ચહેરાઓ છે-એટલે નવા ચહેરાઓને પણ તક મળવાની સંભાવના નકારી શકાય નહીં. આ રીતે, ભાજપ માટે જીત પછીનું સૌથી મોટું રાજકીય ગણિત હવે હોદ્દેદારોની યોગ્ય પસંદગી પર નિર્ભર રહેશે, જેમાં અનુભવ, કાર્યક્ષમતા અને રાજકીય સંતુલન-ત્રણેય પાસાઓ મહત્વપૂર્ણ સાબિત થશે.

# પાલિકા - પંચાયતોના પદાધિકારીઓ નક્કી કરવા ભાજપ કાલથી લેશે સેન્સ

## ૧ થી ૩ મે સુધીમાં દાવેદારોને સાંભળવાની પ્રક્રિયા આટોપી લેવા પ્રદેશની સુચનાઃ પ્રભારી, શહેર - જિલ્લા પ્રમુખ અને નિરિક્ષકોને મોડી રાતે ઈ-મેઈલ મોકલી જાણ કરી દેવાય


## પ્રથમ તબક્કે તાલુકા પંચાયત અને નગરપાલિકા જ્યારે બીજા તબક્કામાં મહાપાલિકા-જિલ્લા પંચાયતોનો વારો

### ૬ થી ૮ મે દરમિયાન મુખ્યમંત્રીના નિવાસસ્થાને મળશે ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મળેલી શાનદાર જીત બાદ ભાજપ દ્વારા હવે પાલિકા અને પંચાયતોમાં પદાધિકારીઓની નિયુક્તીની પ્રથમ તૈયારીઓ આરંભી દીધી છે. લાલ લાઈટવાળી સરકારી ગાડીમાં ફરવાના અભરખા ધરાવતા જન પ્રતિનિધિઓને સાંભળવા માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. રવિવાર સાંજ સુધીમાં દાવેદારોને સાંભળવાની પ્રક્રિયા આટોપી લેવા સુચના આપવામાં આવી છે. ગઈકાલે રાત્રે જ તમામ નિરિક્ષકો, શહેર - જિલ્લા પ્રમુખ અને પ્રભારીઓને હાઈકમાન્ડ દ્વારા ઈ-મેઈલ થકી સેન્સ પ્રક્રિયા અંગે જાણ કરી દેવામાં આવી છે. દરેક હોદ્દા માટે ત્રણ - ત્રણ નામોની પેનલ બનાવવામાં આવે તેવી પણ શક્યતા જણાય રહી છે. ચૂંટાયેલા જન પ્રતિનિધિઓના નામો હજી સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થાય તે પૂર્વે જ ભાજપે પદાધિકારીઓની નિયુક્તીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૬ થી ૮ મે દરમિયાન મુખ્યમંત્રીના સત્તાવાર સરકારી નિવાસ્થાન ખાતે પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે. જેમાં પાલિકા અને પંચાયતના હોદ્દેદારોના નામ ફાઈનલ કરવામાં આવશે.

ભાજપ દ્વારા ટિકિટ ફાળવણી પૂર્વ દાવેદારોને જે રિતે સાંભળવામાં આવતા હતા તે રિતે હવે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પણ પદાધિકારીઓની નિમણુંક કરતા પહેલા ઈચ્છુકોને સાંભળવાની નવી પ્રથા શરૂ કરવામાં આવી છે. રાજ્યની ૧૫ મહાપાલિકા, ૩૩ જિલ્લા પંચાયત, ૭૮ નગરપાલિકા અને ૨૫૩ તાલુકા પંચાયતોમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે. આ તમામ સ્થળે ઝડપથી પદાધિકારીઓની નિયુક્તી થઈ જાય અને શક્ય તેટલી ઝડપે ચૂંટાયેલી પાંખ અસ્તિત્વમાં આવી જાય તેવી ગણતરી સાથે ભાજપ હાઈકમાન્ડ આગળ વધી રહ્યું છે.



મહાપાલિકાઓમાં મેયર, ડેપ્યૂટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદ માટે જ્યારે જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયતોમાં પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી સમિતિના ચેરમેન માટે દાવેદારોને સાંભળવામાં આવશે. આવતીકાલથી ત્રણ દિવસ દરમિયાન સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવે તેવી સુચના આપવામાં આવી છે.

પ્રથમ તબક્કે તાલુકા પંચાયત અને નગરપાલિકાઓ માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જ્યારે બીજા તબક્કામાં જિલ્લા પંચાયત અને મહાનગર પાલિકાઓનો વારો લેવામાં આવશે. ટૂંકમાં ૩ મે સાંજ સુધીમાં દાવેદારોની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવશે. સેન્સ દરમિયાન જે નામો આવશે તે તમામ નામોનું લીસ્ટ નિરિક્ષકો પોતાની સાથે લઈ જશે. ત્યારબાદ હાઈકમાન્ડની સુચના મળ્યા બાદ ગાંધીનગર ખાતે જે-તે શહેર - જિલ્લાના પ્રમુખ, પ્રભારી, પ્રભારી મંત્રી અને ઝોન પ્રભારી સાથે બેસી સ્થાનિક સંકલન સમિતિના સભ્યો સાથે બેઠક કરી તમામ નામો માટે પેનલ બનાવવામાં આવે તેવી શક્યતા જણાય રહી છે.

આવતીકાલે ગુજરાતનો સ્થાપના દિન છે. જેની રાજ્ય કક્ષાની ઉજવણી સુરત ખાતે થવાની છે. આ ઉપરાંત સુરતમાં યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ પૂર્ણ થયા

(અનુ. આઠમા પાને)

# ગરબા આયોજકે કીર્તિદાનને ૮ કરોડનો હિસાબ ન આપતા એસપીનું ટોર્ચર? હાઈકોર્ટનું સમન્સ



## ૮થી ૧૦ કરોડના ટિકિટ કૌભાંડના આક્ષેપ બાદ આયોજકને ૧૪ કલાક ગોંધી રાખ્યાનો દાવો

અમદાવાદ નવરાત્રીના આયોજનમાં થયેલા આર્થિક વિવાદે હવે કાનૂની અને રાજકીય સ્વરૂપ ધારણ કર્યું છે. પ્રખ્યાત લોકગાયક કીર્તિદાન ગઢવી અને સીઆઈડી ક્રાઈમના ઉચ્ચ પોલીસ અધિકારીઓ વિરુદ્ધ ગેરકાયદેસર અટકાયત અને કસ્ટોડિયલ ટોર્ચરના ગંભીર આક્ષેપો થતા ગુજરાત હાઈકોર્ટે કડક વલણ અખત્યાર કર્યું છે. આ મામલે હાઈકોર્ટે રાજ્યના પોલીસ વડા, સાયબર સેલના અધિકારીઓ અને ગાયક કીર્તિદાન ગઢવીને નોટિસ ફટકારી ખુલાસો માંગ્યો છે.

અમદાવાદના ખોડિયારનગર વિસ્તારમાં રહેતા અને ઈવેન્ટ મેનેજમેન્ટનો વ્યવસાય કરતા જયેશ પરમારે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી છે. અરજદારના જણાવ્યા અનુસાર, ગયા વર્ષે નવરાત્રીના એક મોટા આયોજનમાં ટિકિટ વેચાણ અને હિસાબ બાબતે કીર્તિદાન ગઢવી સાથે વિવાદ થયો હતો. કીર્તિદાન ગઢવીનો આક્ષેપ હતો કે આયોજકે તેમને અંદાજે ૮ થી ૧૦ કરોડ રૂપિયાનો હિસાબ આપ્યો નથી અને આમાં મોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે.

અરજદાર જયેશ પરમારે કોર્ટમાં રજૂઆત કરી છે કે, આ એક વ્યાપારી વિવાદ હોવા છતાં, કીર્તિદાન ગઢવીએ પોલીસનો સહારો લીધો હતો. આક્ષેપ છે કે સીઆઈડી સાયબર સેલના એસપી રાજદીપસિંહ ઝાલા અને તેમના સ્ટાફે પોતાની સત્તાનો દુરુપયોગ કરીને જયેશ પરમારને ગેરકાયદેસર રીતે ઉપાડી લીધા હતા. અરજીમાં જણાવ્યા મુજબ, તેમને ૧૪ કલાક સુધી પોલીસ સ્ટેશનમાં ગોંધી રાખીને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો, જેથી તેઓ કીર્તિદાન ગઢવી સાથે સમાધાન કરી લે અને માંગેલી રકમ ચૂકવી દે.

જસ્ટિસ એમ.આર. મેંગડેની અદાલતે આ મામલાને ગંભીરતાથી

(અનુ. આઠમા પાને)

# હાશ...આજથી કાળઝાળ ગરમીમાં થોડી રાહત મળશે

## મહત્તમ તાપમાનમાં ૧થી ૨ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા

**અબતક, રાજકોટ**

રાજ્યમાં છેલ્લા એક પખવાડિયાથી આકાશમાંથી આગ વરસી રહી છે. આજથી કાળઝાળ ગરમીમાં થોડી રાહત મળે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. રાજ્યભરમાં મહત્તમ તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રી સુધીનો ઘટાડો થવાની શક્યતા છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધશે. જેના કારણે ગરમીનું જોર ઘટશે પરંતુ પરસેવે રેબઝેબ કરી દેતો બફારો અકળાવી દેશે. બુધવારે રાજકોટ ૪૩ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું.

હવામાન વિભાગના રેકોર્ડ પર ગઈકાલે બુધવારે અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૨.૬ ડિગ્રી, ડિસાનું તાપમાન ૪૦.૨ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૨.૨ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૪૧.૩ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૪૦.૨ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૪.૨ ડિગ્રી, દમણનું તાપમાન ૩૬ ડિગ્રી, ભુજનું તાપમાન ૩૯.૮ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૭.૬ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૯ ડિગ્રી, કંડલા એરપોર્ટનું તાપમાન ૪૧.૪ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૪૨.૧ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૪૦ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૨.૬ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૩.૨ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૪.૨ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૩ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૨.૬ ડિગ્રી, દિવનું તાપમાન ૩૨.૮ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૦.૩ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૩.૪ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૮.૬ ડિગ્રી નોંધાયું હતું.

આજથી રાજ્યભરમાં ગરમીમાં થોડી રાહત અનુભવાશે. મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાશે.

# ટોપ-૨૦ સરકારી સેવાઓ હવે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઉપલબ્ધ

## આધાર સાથે લિંક થયેલા મોબાઈલ નંબર પર ઓટીપી દ્વારા અથવા બાયોમેટ્રિક પદ્ધતિ વડે કરાશે પ્રમાણીકરણ

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને સરકારી સેવાઓ વધુ સરળ, પારદર્શક અને ઝડપી મળે તે માટે 'ડિજિટલ ગુજરાત' પોર્ટલ કાર્યરત કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગુજરાત વહીવટી સુધારણા આયોગ-જીએઆરસીની ભલામણોને સ્વીકારીને સૌથી વધુ ઉપયોગમાં લેવાતી અને નાગરિકોને સીધી સ્પર્શતી સેવાઓ જેવી કે આવકનો દાખલો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર, નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર, રેશનકાર્ડને લગતી


(અનુ. આઠમા પાને)

### 'ડિજિટલ ગુજરાત' પોર્ટલ પર સૌથી વધુ વપરાતી 'ટોપ-૨૦' સેવાઓ

આ સેવાઓમાં આવકનો દાખલો (ગ્રામ પંચાયત), આવકનો દાખલો (શહેરી), આવકનો દાખલો (ગ્રામીણ), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર (ગ્રામીણ), નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર (ગુજરાત સરકાર) - શહેરી, નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર (ગુજરાત સરકાર) - ગ્રામીણ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર (શહેરી), નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર (ભારત સરકાર), અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર (પંચાયત), આર્થિક રીતે નબળા વર્ગો માટેનું પ્રમાણપત્ર (આવક સાથે) - ગ્રામીણ, આર્થિક રીતે નબળા વર્ગો માટેનું પ્રમાણપત્ર (આવક સાથે) - શહેરી, રેશનકાર્ડમાં નામ ઉમેરવા બાબત, રેશનકાર્ડમાંથી નામ કમી કરવા બાબત, રેશનકાર્ડમાં સુધારા કરવા બાબત, અલગ રેશનકાર્ડ બનાવવા બાબત, નવા રેશનકાર્ડ માટેની અરજી, ડુપ્લીકેટ રેશનકાર્ડ માટેની અરજી, અન્ય તૈયાર સોગંદનામું , નકલ મેળવવા માટેની વિનંતી અને અનુસૂચિત જનજાતિનું પ્રમાણપત્રણો સમાવેશ થાય છે.

# ફરિયાદોનું લીસ્ટ બનાવી ત્વરિત નિવારણ માટે એકશન પ્લાન બનાવવા સીએમનો આદેશ

## સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ભાજપને મળેલા પ્રચંડ વિજય બાદ સરકાર હવે વધુ પ્રજાલક્ષી બનવાના મૂડમાં



**અબતક, રાજકોટ**

નાગરિકોની રોજબરોજની ફરિયાદોનું એક લીસ્ટ બનાવી આ ફરિયાદોના ત્વરિત નિવારણ માટે એકશન પ્લાન બનાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉચ્ચ અધિકારીઓને આદેશ આપ્યા છે. ગ્રામ્ય વિસ્તારથી લઈ રાજયસ્તર સુધીના તમામ પ્રજાલક્ષી પ્રશ્નો અને ફરિયાદોનું ઝડપથી નિરાકરણ લાવવા સરકારે મન બનાવી લીધુ છે. સ્થાનીક સ્વરાજયની સંસ્થામાં જનતા જનાર્દન મૂકેલા વિશ્વાસનો બદલો સરકાર શ્રેષ્ઠ જન સુખાકારીના કાર્યો થકી આપવા ઈચ્છી રહ્યું છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીને મળેલી પ્રચંડ બહુમતી બાદ, રાજ્ય સરકાર હવે 'સેવા અને સુશાસન'ના મંત્ર સાથે પ્રજાના પ્રશ્નોના ત્વરિત ઉકેલ માટે કટિબદ્ધ છે. ગ્રામ્ય સ્તરથી લઈને રાજ્ય સ્તર સુધીના તમામ પ્રજાલક્ષી પ્રશ્નો અને ફરિયાદોનું ઝડપથી નિવારણ લાવવા મુખ્યમંત્રીએ વહીવટી તંત્રને સ્પષ્ટ આદેશો આપ્યા છે તેમ પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુ હતું.

પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રીએ આપેલા આદેશો અંગે મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટી પર જે ભરોસો મૂક્યો છે,

(અનુ. આઠમા પાને)

## ૧૫ કોર્પોરેશનમાં ભાજપ ૮૯.૭૫ ટકા બેઠકો જીત્યું

# વિપક્ષ માત્ર પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા જ મેદાનમાં ઉતર્યું, જીતવા નહીં

## જિલ્લામાં પંચાયતોમાં ૮૧.૮૩ ટકા બેઠકો પર કમળ ખિલ્યુઃ તમામ સમાજને ટિકિટ આપવાની રણનીતિએ રંગ રાખ્યો



### નિમ્નકક્ષાની રાજનીતિ અને નકારાત્મકતા છોડી વિપક્ષ જનહિતના કામોમાં જોડાઈઃ મંત્રી જીતુભાઈ વાઘાણી

**અબતક, રાજકોટ**

રાજય સરકારના પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ સ્થાનીક સ્વરાજયની ચૂંટણીના પરિણામ બાદ વિપક્ષ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતુ કે વિપક્ષે એ વાત સ્વીકારી લેવી જોઈએ કે તેઓ જીતવા માટે નહી પરંતુ પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા માટે ચૂંટણી લડયા હતા.

પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોને ભાજપની વિકાસલક્ષી રાજનીતિનો વિજય ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારની લોકકલ્યાણકારી નીતિઓ પર મહોર મારીને વિપક્ષના ભ્રામક પ્રચાર અને નકારાત્મક રાજનીતિને જડબાતોડ જવાબ આપ્યો છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપની પ્રચંડ જીતની આંકડાકીય વિગતો આપતા મંત્રીએ જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાઓમાં ભાજપે ૮૯.૭૫% બેઠકો સાથે ભવ્ય વિજય મેળવ્યો છે, જ્યારે કોંગ્રેસ અને અન્ય પક્ષો માત્ર ગણતરીની બેઠકો પર સમેટાઈ ગયા છે. તેવી જ રીતે, જિલ્લા પંચાયતોમાં ૮૧.૮૩%, નગરપાલિકાઓમાં ૭૫.૭૬% અને તાલુકા પંચાયતોમાં ૭૦.૧૯% બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો છે. કુલ સરેરાશમાં ૭૪.૯૬% બેઠકો પર ભાજપની જીત થઈ છે,

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સરકાર વિનમ્રતાપૂર્વક જનતાની સેવા કરવાનું ચાલુ રાખશે. મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ લિટમસ ટેસ્ટમાં વિજય મેળવીને ભાજપે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ભવ્ય વિજયનો મજબૂત પાયો નાખી દીધો છે.

ભાજપના આ વિજયમાં રાજ્યની તમામ જ્ઞાતિ અને સમાજનો અતૂટ વિશ્વાસ છલકાયો છે. આ સંદર્ભે ઉદાહરણ આપતા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ભાવનગર મહાનગરપાલિકામાં કોળી, ક્ષત્રિય, દલિત, પટેલ, બ્રહ્મ અને માલધારી સહિતના તમામ સમાજોએ ભાજપના ઉમેદવારોને જંગી મતે જીતાડી સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ભાજપ એ 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્રને વરેલી પાર્ટી છે, જ્યારે વિપક્ષ માત્ર જ્ઞાતિ-જાતિના નામે લડાવવાનું કામ કરે છે. આ જ સ્થિતિ સમગ્ર રાજ્યમાં જોવા મળી છે, ચૂંટણી દરમિયાન વિપક્ષો દ્વારા કરવામાં આવેલા ભ્રામક પ્રચારો અને અભદ્ર ભાષાના પ્રયોગની મંત્રીએ કડક ટીકા કરતા જણાવ્યું હતું કે, આ ચૂંટણીમાં ગુજરાતે પહેલીવાર જોયું કે વિપક્ષે અત્યંત હલકી કક્ષાની ભાષા અને અભદ્ર ટિપ્પણીઓનો સહારો લીધો, જે ગુજરાતના સંસ્કારો નથી. કોંગ્રેસ અને અન્ય પક્ષોએ ગુજરાતને બદનામ કરવાના કાવતરા રચ્યા,

(અનુ. આઠમા પાને)